# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

19 MARCH, 2026 THURSDAY



પેજ 2



કાલુપુરના રેવડી બજારમાં ભીષણ આગ, 30 દુકાનો ખાખ

પેજ 3



સ્ટાર્ટઅપ્સને 1 કરોડ સુધીની સહાય અને રાજ્યમાં આધુનિક સોવરેન એઆઈ પાર્ક સ્થપાશે

પેજ 7



વડોદરામાં 14 ફૂટના મહાકાય મગરનું રહસ્યમય મોત

પેજ 5



19 માર્ચથી પ્રવાસીઓ મુલાકાત લઈ શકશે, ફેઝ-2માં ખંભાળીયા ગેટ, ભુજિયો કોઠો અને લાખોટા મ્યુઝિયમને હેરિટેજ ચેઈન દ્વારા જોડાશે



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 03 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### ઈઝરાયલનો દાવો- એરસ્ટ્રાઈકમાં ઈરાની ઈન્ટેલિજન્સ મિનિસ્ટરનું મોત

# ભારતે યુદ્ધ વચ્ચે ઈરાનને મેડિકલ સહાય મોકલી:ઈરાની દૂતાવાસે આભાર માન્યો

**ઈરાને ઈઝરાયલની રાજધાની તેલ અવીવ સહિત 100થી વધુ જગ્યાઓ પર મંગળવારે રાત્રે મિસાઈલ હુમલો કર્યો. ઈરાનનું કહેવું છે કે આ હુમલો લારીજાની, તેમના પુત્ર અને બસીજ ફોર્સના કમાન્ડર ગુલામરેઝા સુલેમાનીના મૃત્યુનો બદલો છે**

• નવી દિલ્હી, તા.18

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન યુદ્ધની વચ્ચે ભારતે ઈરાનને મેડિકલ સહાયનો પ્રથમ જથ્થો મોકલ્યો છે. ન્યૂઝ એજન્સી ANI ના જણાવ્યા અનુસાર, આ જથ્થો ઈરાનની રેડ ક્રિસેન્ટ સોસાયટીને સોંપવામાં આવ્યો છે, જેમાં જરૂરી દવાઓ અને મેડિકલ સપ્લાય સામેલ છે.

ભારતમાં ઈરાનના દૂતાવાસે આ સહાય માટે ભારતીય લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. દૂતાવાસે જણાવ્યું કે આ મદદ સફળતાપૂર્વક પહોંચાડી દેવામાં આવી છે અને તેને ભારતના લોકો તરફથી મળેલો સહયોગ ગણાવ્યો છે. દૂતાવાસે મેડિકલ સપ્લાય સોંપવાનો વીડિયો પણ શેર કર્યો છે.

બીજી તરફ ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે ઈરાનના ઈન્ટેલિજન્સ મંત્રી ઈસ્માઈલ ખાતિબને એરસ્ટ્રાઈકમાં મારી નાખ્યા છે. જોકે આ દાવાની ઈરાન તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. આ પહેલા ઈઝરાયલે મંગળવારે ઈરાનના સુરક્ષા અધિકારી અલી લારીજાની અને બસીજ કમાન્ડર ગુલામરેજા સુલ્તાનીને નિશાન બનાવ્યા હતા, જેમાં બંને અધિકારીઓના મોત થયા હતા.

ભારતીય ઓઈલ ટેન્કર 'જગ લાડકી' ગુજરાતના મુન્દ્રા સ્થિત અદાણી પોર્ટ્સ પર પહોંચી ગયું છે. આ જહાજ UAE ના ફુજૈરાહ બંદરથી હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરીને આવ્યું છે. તેમાં 80,886 મેટ્રિક ટન ક્રૂડ ઓઈલ છે. ઈરાને ઈઝરાયલની રાજધાની તેલ અવીવ સહિત 100થી વધુ જગ્યાઓ પર મંગળવારે રાત્રે મિસાઈલ હુમલો કર્યો. ઈરાનનું કહેવું છે કે આ હુમલો લારીજાની, તેમના પુત્ર અને બસીજ ફોર્સના કમાન્ડર ગુલામરેઝા સુલેમાનીના મૃત્યુનો બદલો છે.

આ દરમિયાન અમેરિકાએ પણ મોટી કાર્યવાહી કરી છે. અમેરિકી સેનાએ હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાના પ્રયાસમાં સમુદ્ર કિનારે બનેલા ઈરાની મિસાઈલ ઠેકાણાઓ પર લગભગ 2200 કિલો વજનનો ખતરનાક બોમ્બ ફેંક્યો, જે જમીનની અંદર બનેલા ઠેકાણાઓને પણ તબાહ કરી દે છે. મિડિલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અત્યાર સુધીમાં આશરે 2.6 લાખ ભારતીયો દેશમાં પરત ફર્યા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વાપસી 28 ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં થઈ છે. સરકારે જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં પણ ફ્લાઈટ ઓપરેશન ચાલુ છે અને UAE થી દરરોજ લગભગ 70 ફ્લાઈટ આવી-જઈ રહી છે, જેનાથી મુસાફરોની અવરજવર જળવાઈ રહી છે.



સરકારે એ પણ જણાવ્યું કે ઈરાનમાં ભારતીય દૂતાવાસ, ત્યાં ફસાયેલા નાગરિકો, ખાસ કરીને વિદ્યાર્થીઓની મદદ કરી રહ્યું છે અને જરૂર પડ્યે તેમને આર્મેનિયા અને અઝરબૈજાનના રસ્તે બહાર કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. યુદ્ધની વચ્ચે ઈઝરાયલે હવે ઈરાનના ઉર્જા માળખાને નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે. અલ જઝીરાના રિપોર્ટ મુજબ, ઈઝરાયલી લડાયક વિમાનોએ દક્ષિણ ઈરાનના બુશેહર પ્રાંતમાં ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર એરસ્ટ્રાઈક કરી છે.

આ હુમલો વિશ્વના સૌથી મોટા ગેસ ક્ષેત્રોમાંના એક સાઉથ પાર્સ ગેસ ફીલ્ડ સાથે જોડાયેલી સુવિધાઓ પર કરવામાં આવ્યો હતો. ઈરાની સરકારી મીડિયાએ પણ ગેસ સાથે જોડાયેલા એકમો પર હુમલાની પુષ્ટિ કરી છે, જોકે નુકસાનનું સંપૂર્ણ મૂલ્યાંકન હજુ સામે આવ્યું નથી.

આ પ્રથમ વખત છે જ્યારે વર્તમાન યુદ્ધ દરમિયાન ઈરાનની ગેસ અથવા ઉર્જા સુવિધાઓને સીધું નિશાન બનાવવામાં આવ્યું છે, જેનાથી દેશની અર્થવ્યવસ્થા પર અસર પડી શકે છે. આ પહેલા બુશેહર વિસ્તારમાં પરમાણુ પ્લાન્ટ પાસે પણ હુમલાના સમાચાર આવ્યા હતા, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વધી હતી. રશિયાએ ઈરાનના વરિષ્ઠ નેતા અલી લારીજાનીની હત્યાની સખત શબ્દોમાં નિંદા કરી છે. રાષ્ટ્રપતિ કાર્યાલય ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ જણાવ્યું કે કોઈપણ સંપ્રભુ દેશના નેતૃત્વને નિશાન બનાવવું ખોટું છે અને આ પ્રકારની કાર્યવાહી સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું કે રશિયા એવા તમામ પગલાંની નિંદા કરે છે, જેનો ઉદ્દેશ્ય કોઈ દેશના નેતાઓને નુકસાન પહોંચાડવાનો અથવા તેમને ખતમ કરવાનો હોય.

### સરકારે આખરે સ્વીકાર્યું- LPGની અછત છે

## મોદી અને પેટ્રોલિયમ મંત્રી વચ્ચે 2 કલાક ચાલી બેઠક, રાજ્યોને 10% વધારાનો LPG કોટા આપવાનો નિર્ણય

• નવી દિલ્હી

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે, દેશમાં ફ્યુઅલ-ગેસના સપ્લાયને લઈને પીએમ નરેન્દ્ર મોદીએ બુધવારે સંસદ ભવનમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી સાથે બેઠક કરી. આમાં ક્રૂડ ઓઈલ અને ગેસની ઉપલબ્ધતા, તેમની આયાત અને સંભવિત સંકટનો સામનો કરવાની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી.

લગભગ 2 કલાક ચાલેલી બેઠકમાં સરકારે તેના ઈમરજન્સી ઓઈલ ભંડાર (SPR)ની પણ સમીક્ષા કરી છે. જરૂર પડ્યે તેનો ઉપયોગ કરી શકાય છે. અધિકારીઓના મતે, દેશ પાસે કેટલાક અઠવાડિયાનો ઓઈલનો સ્ટોક ઉપલબ્ધ છે, જેના કારણે હાલમાં સંકટની શક્યતા ઓછી છે.

જ્યારે પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારી સુજાતા શર્માએ જણાવ્યું કે સરકારે રાજ્યોને 10% વધુ LPG આપવાની ઓફર કરી છે. રાજ્યોને ધીમે ધીમે LPGને બદલે PNG અપનાવવામાં મદદ કરવા જણાવાયું છે. તેમણે કહ્યું કે ઘરેલું LPG ઉત્પાદન 40% વધ્યું છે પરંતુ તેમ છતાં પરિસ્થિતિ સંપૂર્ણપણે ઠીક નથી. LPGની સમસ્યા હજુ પણ યથાવત છે. ઓનલાઈન બુકિંગ સુધર્યું છે પરંતુ ડિસ્ટ્રીબ્યુટરના ત્યાં હજુ પણ લાંબી લાઈનો લાગી રહી છે. ખરેખર, હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી વિશ્વભરમાં ઓઈલ પુરવઠા પર અસર પડી છે. જોકે, યુદ્ધના માહોલ વચ્ચે ભારતના ત્રણ જહાજો શિવાલિક, નંદા દેવી અને જગ લાડકી ઓઈલ-ગેસ લઈને ગુજરાતના બંદરો પર પહોંચ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીએ જણાવ્યું કે આજે 93% LPG બુકિંગ ઓનલાઈન થયું છે. સરકારે લોકોને કહ્યું છે કે એજન્સી પર જવાનું ટાળો અને ફક્ત સત્તાવાર એપ કે વેબસાઈટ પરથી જ બુકિંગ કરો, અફવાઓ પર ધ્યાન ન આપો.

તેમણે જણાવ્યું કે કાળાબજાર રોકવા માટે સરકાર કડક કાર્યવાહી કરી રહી છે. આ અંતર્ગત મંગળવારે દેશભરમાં 2300થી વધુ LPG દુકાનો પર અચાનક તપાસ કરવામાં આવી.

અધિકારીએ જણાવ્યું કે સરકારે લોકોને અપીલ કરી છે કે જ્યાં PNG સુવિધા છે, ત્યાં LPGની જગ્યાએ PNG અપનાવે, આનાથી સપ્લાયનું દબાણ ઓછું થશે અને તે વધુ સુરક્ષિત પણ છે. તેમણે જણાવ્યું કે LPG કેરિયર નંદાદેવી અને શિવાલિકથી LPG ડિસ્ચાર્જ ચાલી રહ્યું છે. કોઈપણ પોર્ટ પર કોઈ કન્જેશન નથી.

## ઉત્તરાખંડ-છત્તીસગઢ સહિત 16 રાજ્યોમાં વરસાદનું એલર્ટ:હિમાચલમાં હિમવર્ષા

• નવી દિલ્હી

દેશના ઘણા ભાગોમાં છેલ્લા ત્રણ દિવસથી વાવાઝોડું, વરસાદ અને કરા પડવાનો દોર ચાલુ છે. IMD અનુસાર 18 માર્ચથી મજબૂત પશ્ચિમી વિક્ષોભ સક્રિય થઈ રહ્યો છે. આ કારણે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. જ્યારે પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં ગાજવીજ સાથે વાવાઝોડું અને વરસાદની સંભાવના છે.

રાજસ્થાનમાં બે દિવસ સુધી થયેલા વરસાદ અને કરા પડ્યા બાદ ગરમીથી રાહત મળી છે. સોમવારે રાજ્યના ઘણા શહેરોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચે નોંધાયું હતું. રાત્રે ઠંડક વધવાથી કેટલીક જગ્યાએ લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હતું. ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાક દરમિયાન ઘણી જગ્યાએ હળવો વરસાદ અને ગાજવીજ થઈ હતી. શામલી જિલ્લામાં કેટલીક જગ્યાએ કરા પણ પડ્યા હતા. પૂર્વીય યુપીમાં પણ ઝરમર વરસાદ થયો અને કેટલાક વિસ્તારોમાં વાવાઝોડું આવ્યું. હવામાન બદલાતા તાપમાનમાં ઘટાડો નોંધાયો અને પારો 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે આવી ગયો. છત્તીસગઢમાં મંગળવારે ગરમી વચ્ચે અચાનક હવામાન બદલાયું અને ઘણી જગ્યાએ વરસાદ સાથે કરા પડ્યા. ગરિયાબંધ જિલ્લાના આમામોરા-ઓડ પહાડી વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાયું રહ્યું. અહીં ભારે વરસાદ સાથે કરા પણ પડ્યા. એક દિવસ પહેલા જિલ્લામાં આકાશી વીજળી પડવાથી એક યુવક દાઝી ગયો હતો.

### ગુજરાત આવતું ઇથેનોલ ભરેલું ટેન્કર રાજસ્થાનમાં પલટ્યું

## આગ એટલી ભયાનક હતી કે ડ્રાઈવર જીવતો ભૂંજાયો:ભાઈએ કૂદીને જીવ બચાવ્યો

• સાંચોર (જાલોર)

રાજસ્થાનના જાલોર જિલ્લામાં જેસલમેર-જામનગર નેશનલ હાઈવે (NH-68) પર ઈથેનોલ ભરેલું ટેન્કર પલટી ગયું અને તેમાં આગ લાગી ગઈ. ત્યારબાદ રસ્તા પર 200 મીટર સુધી જ્વાળાઓ ફેલાઈ ગઈ.

ટેન્કરનો ડ્રાઈવર જીવતો સળગી ગયો, જ્યારે તેની સાથે બેઠેલો ભાઈ સમયસર કૂદી ગયો. આ અકસ્માત બુધવારે બપોરે લગભગ 2 વાગ્યે થયો હતો. ફાયર બ્રિગેડે 1 કલાક બાદ આગ પર કાબૂ મેળવી લીધો.

જાણકારી અનુસાર, ટેન્કર બાડમેરથી ગુજરાત તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન સિંવાડા ઓવરબ્રિજ પર પલટી ગયું. અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા. સાંચોર એસડીએમ પ્રમોદ કુમાર અને સિંવાડા ચોકી પોલીસ ઘટનાસ્થળે પહોંચી. ચિતલવાના પોલીસ સ્ટેશનના ASI મોહનલાલે જણાવ્યું કે- ગુજરાત નંબર (GJ-12-BZ-9820)નું ટેન્કર બાડમેરથી ગુજરાત તરફ જઈ રહ્યું હતું. અકસ્માતમાં બાડમેરના ગુડામાલાણીના મોખાવા ગામના રહેવાસી ડ્રાઈવર સુખરામ (34) પુત્ર દેદારામ મેઘવાલનું મૃત્યુ થયું.

સુખરામના ફોઈના દીકરા નરસીરામ (26) પુત્ર જોધારામ મેઘવાલ સમયસર ટેન્કરમાંથી કૂદી પડ્યા અને તેમનો જીવ બચી ગયો. નરસીરામને સિણવાડા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં તેમની પ્રાથમિક સારવાર કરવામાં આવી. ઘાયલ નરસીરામે જણાવ્યું- હું મામાના દીકરા સુખરામ સાથે ગુડામાલાણીથી ટેન્કરમાં બેઠો હતો. આ દરમિયાન સિવાડા પાસે ગાડી પલટી ગઈ. ગાડી પલટતા જ અચાનક આગ લાગી ગઈ. જેમ-તેમ હું બહાર નીકળી ગયો, પરંતુ સુખરામ ગાડીમાં ફસાઈ ગયો. ટેન્કરમાં શું હતું, મને ખબર નથી. પ્રત્યક્ષદર્શી જીવારામ મેઘવાલે જણાવ્યું- જ્યાં અકસ્માત થયો, તેની પાસે જ મારું ખેતર છે. જ્યારે હું ખેતરમાં કામ કરી રહ્યો હતો, ત્યારે ટાયર ફાટવા જેવો અવાજ આવ્યો. જોયું કે એક ટેન્કરનું અચાનક સંતુલન બગડી ગયું અને સર્વિસ રોડ તરફ પલટી ગયું.

ટેન્કરનો પાછળનો ભાગ ડિવાઈડર પર અટકી ગયો. આ દરમિયાન લીક થવા લાગ્યું. ઓવરબ્રિજના ઢાળને કારણે તેલ નીચે સુધી ફેલાઈ ગયું અને આગ લાગી ગઈ. લગભગ અડધા કલાક પછી ફાયર બ્રિગેડની ગાડી ઘટનાસ્થળે પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. આગ બુઝાયા પછી ગુડામાલાણીથી એક ખાનગી કંપનીની ફાયર બ્રિગેડ પણ ઘટનાસ્થળે પહોંચી.

## ગુજરાત મનપા ચૂંટણી ૨૦૨૬:ભ્રષ્ટાચાર, બિસ્માર રસ્તા અને મોંઘવારી–શું સત્તા પરિવર્તનનો પવન ફૂંકાશે?

**શું જનતા 'પરિવર્તન'ને મત આપશે કે ફરી 'ભરોસા'ની સરકાર પસંદ કરશે? તે તો ચૂંટણીના પરિણામો જ કહેશે**

ગુજરાતમાં મિની વિધાનસભા ગણાતી મહાનગરપાલિકાઓની ચૂંટણીનો બ્યુગલ વાગવાની તૈયારીમાં છે, ત્યારે રાજ્યનું રાજકીય તાપમાન ચરમસીમાએ પહોંચ્યું છે. વર્ષોથી ભાજપના ગઢ ગણાતા મહાનગરોમાં આ વખતે જંગ માત્ર 'કમળ', 'પંજો' અને 'ઝાડુ' વચ્ચે નથી, પણ જનતાની મૂળભૂત સમસ્યાઓ અને સત્તાધીશોના અહંકાર વચ્ચે પણ છે.

ભાજપ માટે 'એન્ટી-ઈન્કમ્બન્સી' મોટો પડકાર

છેલ્લા કેટલાક સમયથી સમગ્ર ગુજરાતમાં રસ્તાઓની હાલત દયનીય બની છે. કરોડોના ખર્ચે બનેલા બ્રિજમાં તિરાડો અને ચોમાસામાં ધોવાઈ જતા રસ્તાઓએ ભ્રષ્ટાચારના ગંભીર સવાલો ઊભા કર્યા છે. ભાજપ આ રોષને ખાળવા માટે ફરી એકવાર 'નો રિપીટ થીયરી' અપનાવી શકે છે.

* નવા ચહેરા: શું જૂના અને વિવાદિત કોર્પોરેટરોને પડતા મૂકીને નવા લોહીને તક આપવાથી લોકોનો ગુસ્સો શાંત થશે?

* વિકાસનો દાવો: ભાજપ હંમેશા 'ડબલ એન્જિન' સરકારના વિકાસના નામે વોટ માંગે છે, પણ આ વખતે 'ખાડા રાજ' મોટો અવરોધ બની શકે છે.

વિપક્ષ માટે તક કે ફરી હાર?

* કોંગ્રેસની રણનીતિ: કોંગ્રેસ આ વખતે મોંઘવારી, બેરોજગારી અને પીવાના પાણીની અછતને મુખ્ય હથિયાર બનાવી રહી છે. જો કે, મજબૂત સંગઠનનો અભાવ હજુ પણ તેમની નબળી કડી સાબિત થઈ શકે છે.

* આમ આદમી પાર્ટી (AAP): દિલ્હી અને પંજાબ મોડલની વાતો કરતી 'આપ' આ વખતે સત્તા પરિવર્તનના મૂડમાં છે. શિક્ષણ અને સ્વાસ્થ્યના મુદ્દાઓ સાથે તે મધ્યમ વર્ગના મતો અંકે કરવા મથશે.

જનતાના સળગતા સવાલો

સામાન્ય મતદારોમાં ગણગણાટ છે કે ટેક્સ ભરવા છતાં સુવિધાઓ કેમ નથી?

* બિસ્માર ઈન્ફ્રાસ્ટ્રક્ચર: તૂટેલા રસ્તા અને જોખમી બ્રિજ.

* પાણીની સમસ્યા: ઉનાળામાં મહાનગરોમાં પાણીના પોકાર.

* મોંઘવારી: સામાન્ય માણસનું બજેટ ખોરવાયું છે, જેની સીધી અસર વોટિંગ પેટર્ન પર પડી શકે છે.

» નિષ્ણાતોનું માનવું છે કે, જો ભાજપ ભ્રષ્ટાચારના આરોપો અને રસ્તાની સમસ્યાનો સચોટ જવાબ નહીં આપી શકે, તો આ વખતે સત્તા પરિવર્તન ન થાય તો પણ જીતનું અંતર ચોક્કસ ઘટશે.

### 'રાહુલ ગાંધી ટપોરીની જેમ સંસદમાં આવે છે'

## કંગના રનૌતે કહ્યું- તું-તારી કરે છે, તેમને જોઈને મહિલાઓ અસ્વસ્થતા અનુભવે છે

• નવી દિલ્હી

ભાજપ સાંસદ કંગના રનૌતે બુધવારે સંસદની બહાર કહ્યું- રાહુલને જોઈને અમને મહિલાઓને ખૂબ જ અસ્વસ્થતા અનુભવાય છે. તેમણે કહ્યું- તે ટપોરીની જેમ આવે છે, તું-તડાક કરે છે. ઈન્ટરવ્યુ આપી રહેલા લોકોને પરેશાન કરે છે. કહે છે- આવ...આવ. તેમને પોતાની બહેનને જોવી જોઈએ. તેમનો વ્યવહાર ખૂબ સારો છે.

કંગનાનું આ નિવેદન તે વિવાદ પછી આવ્યું છે, જેમાં 12 માર્ચે સંસદ પરિસરના મકર દ્વાર પર રાહુલ ગાંધીના ચા-નાસ્તો કરવાને લઈને ટીકા થઈ હતી. આ મામલે 84 પૂર્વ બ્યુરોક્રેટ્સ, 116 પૂર્વ સૈનિકો અને 4 વકીલોએ એક પત્ર લખીને રાહુલ ગાંધી પાસેથી દેશના લોકોની માફીની માગ કરી છે. કોંગ્રેસ સાંસદ જ્યોતિમણિએ ભાજપ સાંસદ કંગના રનૌત પર કહ્યું- કંગના રનૌતની વાતો તેમના ચારિત્ર્યને દર્શાવે છે. માત્ર સારા કપડાં પહેરી લેવાથી કે સેલિબ્રિટી હોવાથી કોઈ સારા માણસ બની જતા નથી. આ જ તેમની રાજનીતિનું સ્તર છે, તેથી ખરેખર તેમને રાહુલ ગાંધી વિશે બોલવાનો કોઈ અધિકાર નથી.

પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ અમરિંદર સિંહ રાજાએ કહ્યું- કંગનાને લાગે છે કે સંસદ કોઈ સ્ટુડિયો છે, જ્યાં સારા કપડાં પહેરીને, સંપૂર્ણ તૈયાર થઈને અને એક્ટિંગ કરવાની હોય છે. તેમને કેમ લાગે છે કે રાહુલ ટપોરીની જેમ વર્તે છે? રાહુલ ગાંધી અહીં ફિલ્મ બનાવવા આવતા નથી. પૂર્વ વડાપ્રધાન અને જનતા દળ (એસ) નેતા એચડી દેવગૌડાએ રાહુલના વર્તનને લઈને 16 માર્ચે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો.

## દેવગૌડા પર ખડગેએ કહ્યું- મોહબ્બત અમારી સાથે, લગ્ન મોદીજી સાથે

**આઠવલેને કહ્યું- મોદીના ગુણગાન ઓછા કરો; કોંગ્રેસ અધ્યક્ષની વાતો પર PM ખૂબ હસ્યા**

• નવી દિલ્હી

રાજ્યસભામાં બુધવારે એપ્રિલથી જુલાઈ વચ્ચે નિવૃત્ત થઈ રહેલા 59 સાંસદોને વિદાય આપવામાં આવી. આ સભ્યોમાં પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડા, શરદ પવાર, ઉપસભાપતિ હરિવંશ અને RPI નેતા રામદાસ આઠવલે સામેલ છે. જોકે, શરદ પવાર અને રામદાસ આઠવલે ફરીથી રાજ્યસભા માટે ચૂંટાઈ આવ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ પીએમ એચડી દેવગૌડા વિશે કહ્યું, 'હું સૌથી પહેલા દેવગૌડાજીનો ઉલ્લેખ કરવા માંગીશ. મને ખબર નથી કે તેમને શું થયું, પ્રેમ અમારી સાથે કર્યો, પણ લગ્ન મોદીજી સાથે કર્યા.' તેના પર પીએમને હસવું આવી ગયું. આ પ્રસંગે પીએમ મોદીએ સંસદને એક 'ઓપન યુનિવર્સિટી' ગણાવી હતી. તેમણે કહ્યું કે રાજકારણમાં ક્યારેય પૂર્ણવિરામ હોતું નથી. ભવિષ્ય તમારી રાહ જોઈ રહ્યું છે અને તમારો અનુભવ આપણા રાષ્ટ્રીય જીવનનો કાયમી હિસ્સો બની રહેશે. ઉપસભાપતિ હરિવંશે જણાવ્યું કે, 'સભાપતિજી, આપે મને બોલવાની તક આપી તે બદલ આભાર. વડાપ્રધાન મોદી અને સભાપતિજી, આપે મારા માટે જે શબ્દો કહ્યા છે, તે મારા જીવનની ક્યારેય ન ભૂલાય તેવી અમૂલ્ય સ્મૃતિ બની રહેશે. હું અહીં બોલાયેલા દરેક સભ્યોના શબ્દો સાથે મારી જાતને જોડી રહ્યો છું.' તેમણે વધુમાં ઉમેર્યું કે, 'આપના આવ્યા પછી સંસદની કાર્યવાહી કેવી રીતે સુચારૂ રીતે ચાલે તે માટે સતત પ્રયાસો થતા રહ્યા છે. આ સદનના સભ્ય જે.પી. નડ્ડાજીનું મર્યાદિત અને શિસ્તબદ્ધ આચરણ હંમેશા યાદ રહેશે. ખડગેજીની સાથે બેસવાની તક મળી અને દરેક ક્ષણે સતર્ક રહેવાની તેમની શૈલી તેમજ તેમના બહોળા અનુભવમાંથી ઘણું શીખવા મળ્યું છે. આ ઉપરાંત, કિરણ રિજિજૂ જે રીતે પ્રેમથી હિન્દીમાં પોતાની વાત રજૂ કરે છે, તે ખરેખર ખૂબ જ ગમે છે.' ખડગેએ જણાવ્યું કે, 'શરદ પવાર ફરીથી આ સદનમાં આવશે. રામદાસ આઠવલે સાહેબ હંમેશા પોતાની કવિતાના માધ્યમથી મોદીજીના જ ગુણગાન ગાયા કરે છે, તેમને બીજી કોઈ કવિતા આવડતી જ નથી! મને આશા છે કે તેઓ આગામી કાર્યકાળમાં પોતાની કવિતાઓમાં મોદીજીનો ઉલ્લેખ થોડો ઓછો કરશે.'


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# અમદાવાદ : કાલુપુરના રેવડી બજારમાં ભીષણ આગ, 30 દુકાનો ખાખ

### ફાયર બ્રિગેડની 20 ગાડીઓ ઘટનાસ્થળે

• અમદાવાદ

અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત ગણાતા કાલુપુર વિસ્તારના પાંચકુવા રેવડી બજાર માર્કેટ- સિંધી માર્કેટમાં આજે(18 માર્ચ) અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. 30થી વધુ દુકાનો આગની ઝપેટમાં આવી ગઈ છે. આગની તીવ્રતા જોતા તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડની ટીમ ચારે બાજુથી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસ કરી રહી છે.



ફાયર બ્રિગેટની ટીમ ઘટના સ્થળે પહોંચી : ફાયર કંટ્રોલ રૂમને જાણ થતા જ ફાયર વિભાગની 20થી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી છે. હાલ ફાયર ફાઈટરો દ્વારા આગ પર કાબૂ મેળવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સદનસીબે અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ મિલકતને મોટા નુકસાનની ભીતિ છે. અહીં કપડાં સહિતની અલગ અલગ ચીજવસ્તુઓની દુકાનો છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ફાયર) વિપુલ ઠક્કર અને ચીફ ફાયર ઓફિસર પણ ઘટના સ્થળે હાજર છે.

રેવડી બજાર કાપડના વેપાર માટે જાણીતું હોવાથી માર્કેટમાં માલ-સામાનનો મોટો જથ્થો હોય છે, જેના કારણે આગ વધુ પ્રસરવાનો ભય સેવાઈ રહ્યો છે. આગ કેવી રીતે લાગી તે તપાસનો વિષય છે.

# યાત્રાધામ અંબાજીમાં 19 માર્ચથી ચૈત્રી નવરાત્રિની ઉજવણી, જાણો ઘટ સ્થાપન અને દર્શનનો સંપૂર્ણ સમય

ચૈત્ર નવરાત્રિ દરમિયાન શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નવું સમયપત્રક જાહેર કરાયું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની યાદીમાં જણાવ્યા અનુસાર, મંદિરની પ્રચલિત પરંપરા મુજબ આગામી ચૈત્ર સુદ 1 (એકમ) ને ગુરુવાર, તા.19/03/26 થી ચૈત્ર સુદ ૮ (આઠમ) ને ગુરુવાર, તા.26/03/26 સુધી માતાજીની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે એટલે કે 19 માર્ચના રોજ સવારે 07:30 કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે ઘટ સ્થાપન કરવામાં આવશે. નવરાત્રિ દરમિયાન દરરોજ સવારે આરતી 07:00 થી 07:30 કલાકે અને દર્શન સવારે 07:30 થી 11:30 કલાક સુધી કરી શકાશે. બપોરે 12:00 કલાકે રાજભોગ ધરાવવામાં આવશે, ત્યારબાદ બપોરે 12:30 થી 04:30 સુધી દર્શન ખુલ્લા રહેશે. સાંજના સમયે આરતી 07:00 થી 07:30 અને દર્શન 07:30 થી 09:00 કલાક સુધી ચાલુ રહેશે.વધુમાં જણાવવાનું કે, ચૈત્ર સુદ-8 (આઠમ) તા. 26 /03 /2026 અને ચૈત્ર સુદ-15 (પુનમ) તા.02/04/26 ના ખાસ દિવસોએ સવારની આરતી 06:00 કલાકે યોજાશે. તા.27/03/2026 થી તમામ દર્શન અને આરતીનો સમય રાબેતા મુજબ થશે, જાહેર જનતા અને માઈભક્તોને આ સમયપત્રકની નોંધ લેવા ટ્રસ્ટ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

**અભિનય** તાજેતરમાં સુનીલ ગ્રોવરને કાદર ખાનની મિમિક્રી કરતા જોયા અને મન મલકાઈ ઉઠ્યું

# સુનીલ ગ્રોવર : અભિનયનો જાદુગર અને નસીબની આટીઘૂંટી

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

અભિનયની દુનિયામાં હજારો ચહેરાઓ આવે છે અને જાય છે, પણ અમુક એવા કલાકારો હોય છે જે પડદા પર નથી આવતા, પણ પ્રેક્ષકોના આત્મામાં ઉતરી જાય છે. તાજેતરમાં સુનીલ ગ્રોવરને કાદર ખાનની મિમિક્રી કરતા જોયા અને મન મલકાઈ ઉઠ્યું. તેને મિમિક્રી કહેવી એ કદાચ એ કલાકારનું અપમાન હશે; સાચું કહું તો એવું લાગ્યું જાણે કાદર ખાનનો આત્મા થોડી ક્ષણો માટે સુનીલના શરીરમાં પ્રવેશ કરી ગયો હોય! અવાજ, લહેજો, આંખોના હાવભાવ અને એ ઠરેલપણું–બધું જ હૂબહૂ.

આ એ જ કલાકાર છે જે ક્યારેક અમિતાભ બચ્ચન બની જાય છે, ક્યારેક આમીર ખાનનો ટોન પકડી લે છે, ક્યારેક સલમાનનો અંદાજ તો ક્યારેક કપિલ દેવની બોડી લેંગ્વેજ ધારણ કરી લે છે. દરેક વખતે એવું લાગે કે જાણે અસલી વ્યક્તિ જ સામે ઉભી હોય. પણ શું સુનીલ ગ્રોવર માત્ર એક મિમિક્રી આર્ટિસ્ટ છે? ના, તે તેનાથી ઘણો ઉપર છે.

**પાત્રોનું સર્જન અને અભિનયનું વિજ્ઞાન**

જ્યારે આપણે 'ડોક્ટર મશહૂર ગુલાટી' કે 'ગુત્થી' જેવા પાત્રોની વાત કરીએ છીએ, ત્યારે આપણને સમજાય છે કે કોમેડી એ માત્ર જોક્સ નથી. તે અભિનય, ટાઈમિંગ, એક્સપ્રેશન અને ઓબ્ઝર્વેશનનું એક ઊંડું વિજ્ઞાન છે. સુનીલ ગ્રોવરની સૌથી મોટી ખાસિયત એ છે કે તે ક્યારેય પ્રેક્ષકોના રંગ-રૂપ, શારીરિક બાંધો કે કોઈની ખામીઓ પર ભદ્દા વ્યક્તિગત જોક્સ મારતો નથી. તેની કોમેડીમાં કોઈ અશ્લીલતા હોતી નથી. તે પોતાની ખરી એક્ટિંગ અને ગજબની ટાઈમિંગથી લોકોના દિલ જીતે છે.



એક કલાકાર તરીકે સુનીલ ગ્રોવરની સાધના તેના પાત્રોમાં દેખાય છે. જ્યારે તે ગુત્થી બનીને સ્ટેજ પર આવે છે, ત્યારે તે ભૂલી જાય છે કે તે એક પુરુષ છે. તે પાત્રની નિર્દોષતા અને તેની રમૂજ એવી રીતે રજૂ કરે છે કે લોકો ખડખડાટ હસી પડે છે. ડોક્ટર મશહૂર ગુલાટીના પાત્રમાં તેની ગંભીરતા અને રમુજનું જે મિશ્રણ છે, તે શીખવા જેવું છે.

**વિવાદોથી દૂર, કલાની નજીક**

આટલા વર્ષોના કરિયરમાં સુનીલ ગ્રોવરમાં ક્યારેય કોઈ અહંકાર જોવા મળ્યો નથી. કોઈ મોટો વિવાદ નહીં (કપિલ શર્મા સાથેની એ ઘટનાને બાદ કરતાં, જેમાં પણ તેણે પોતાની ગરિમા જાળવી રાખી હતી), કોઈના વિરુદ્ધ નિવેદનબાજી નહીં, કે નથી તેને મોટા ફિલ્મી હીરો બનવાની કોઈ ઘેલછા. તે બસ ચૂપચાપ પોતાનું કામ કરે છે. પોતાનું જે કોર ટેલેન્ટ છે, તેને નિખાર્યા કરે છે અને દરેક વખતે સ્ક્રીન પર કમાલ કરે છે.

ઘણીવાર વિચાર આવે છે કે કોમેડી એક્ટિંગ અને બહુમુખી પ્રતિભા (Versatility) ના મામલામાં કપિલ શર્મા પણ કદાચ સુનીલનો ચોથો ભાગ પણ નથી. બંનેની તુલના કરવી કદાચ યોગ્ય ન ગણાય, પણ સત્ય એ છે કે કપિલ પાસે એક આખું પ્લેટફોર્મ છે, એક શો છે, જ્યારે સુનીલ પાસે માત્ર અને માત્ર તેનું ટેલેન્ટ છે. નસીબ પણ અજીબ ચીજ છે. કોઈના હિસ્સે મોટા શો અને પ્લેટફોર્મ આવી જાય છે, અને કોઈના હિસ્સે માત્ર સંઘર્ષ અને પ્રતિભા રહી જાય છે.

**એક 'બદનસીબ' બહરૂપિયો?**

ચિત્રમાં લખ્યું છે તેમ–'એક બદકિસ્મત બહરૂપિયો'. આ શબ્દોમાં ઊંડી વેદના છે. સુનીલ ગ્રોવર એવા કલાકારોમાંનો એક છે જેને જેટલું મળવું જોઈતું હતું, એટલું કદાચ મળ્યું નથી. બોલીવુડે તેને હજુ પણ સાઈડ રોલ્સ કે કોમેડી પાત્રોમાં જ સીમિત રાખ્યો છે. જોકે, 'તાંડવ' જેવી વેબ સિરીઝમાં તેણે સાબિત કરી દીધું કે તે ગંભીર ભૂમિકાઓ પણ એટલી જ સહજતાથી ભજવી શકે છે.

પણ નસીબની રમત તો જુઓ, ક્યારેક કલાકાર નાનો નથી હોતો, પણ મંચ નાનો પડી જાય છે. સુનીલ ગ્રોવર માટે આ ઈન્ડસ્ટ્રીનું સ્ટેજ કદાચ હજુ નાનું છે. તેની પ્રતિભાની ક્ષિતિજો ઘણી વિશાળ છે. છતાં, સાચા કલાકારની ઓળખ માત્ર તાળીઓ કે એવોર્ડ્સથી નથી થતી, તેની ઓળખ તો લોકોની યાદોથી થાય છે. અને સુનીલ ગ્રોવર લોકોના મનમાં એક એવું સ્થાન બનાવી ચૂક્યો છે જે ક્યારેય ભૂંસાશે નહીં.

**ઉપસંહાર**

સુનીલ ગ્રોવરનું વ્યક્તિત્વ આપણને શીખવે છે કે જો તમારી પાસે સાચું હુનર હોય, તો દુનિયા તમારી નોંધ લેવા મજબૂર બને જ છે. ભલે તેને મુખ્યધારાના સિનેમામાં 'સુપરસ્ટાર' નો ટેગ ન મળ્યો હોય, પણ તે કરોડો લોકોના ચહેરા પર સ્મિત લાવનારો 'ખરો સ્ટાર' છે. નસીબ કદાચ તેને અન્યાય કરી શકે, પણ તેની કલા ક્યારેય તેની સાથે અન્યાય નહીં કરે.

જીઓ સુનીલ ગ્રોવર! તારી આ કલા, તારો આ લહેજો અને તારી આ સાદગી હંમેશા જીવતી રહે. મંચ ભલે નાના-મોટા હોય, પણ તારું સ્થાન હંમેશા ઊંચું જ રહેશે.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

લોકશાહી બચાવવા - સંવિધાનની રક્ષા માટે ભાજપની મતોની વિભાજનકારી રાજનીતિ સામે સૌએ એક થઈને લડવું પડશે : શ્રી અમિત ચાવડા

# પરિવર્તનનો શંખનાદ : વિવિધ રાજકીય આગેવાનો અને સામાજીક અગ્રણીઓ કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા

### કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે. આ એક 'બીજી આઝાદીની લડાઈ', કે જે બંધારણ બચાવવાની લડાઈ છે, લોકશાહી બચાવવાની લડાઈ છે : શ્રી અમિત ચાવડા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા સહિતના આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત આમ આદમી પાર્ટીના આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓને આવકાર્યા હતા.




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારની જનવિરોધી નિતિને લીધે સમગ્ર દેશવાસીઓ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. ભાજપ શાસનમાં શિક્ષણ, આરોગ્ય સહિતની સેવાઓ સતત મોંઘી થતી જાય છે. યુવાનોને રોજગારી નથી, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આગળ વધી રહી છે. અનેક મોટા નેતાઓ તથા કાર્યકર્તાઓ, રાજકીય અને બિનરાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસ સાથે જોડાઈ રહ્યા છે, તેઓ સહિત આપ સૌને આવકારીએ છીએ તથા આપસૌનું માનસન્માન સચવાઈ રહે તેની ખાતરી આપીએ છીએ. લોકશાહી બચાવવા, સંવિધાનની રક્ષા માટે ભાજપની મતોની વિભાજનકારી રાજનીતિ સામે સૌએ એક થઈને લડવું પડશે. કોંગ્રેસમાં સરમુખત્યારશાહી નહીં પરંતુ લોકશાહી છે. ભાજપના શાસનમાં મોંઘવારી-બેરોજગારી સતત વધી રહી છે. દૂધમાં સાકર ભળે અને મીઠાશ વધે તેમ મોટી સંખ્યામાં વિવિધ પક્ષના આગેવાન-કાર્યકરો આવવાથી કોંગ્રેસ પક્ષ વધુ મજબુત બનશે. કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે. આ એક 'બીજી આઝાદીની લડાઈ', કે જે બંધારણ બચાવવાની લડાઈ છે, લોકશાહી બચાવવાની લડાઈ છે. કોંગ્રેસ પક્ષની વિચારધારા સૌને સાથે લઈને ચાલવામાં માનનારી છે. ખાસ કરીને આજે આખા ગુજરાતમાં 'જનાક્રોશ યાત્રા' જે રીતે અલગ અલગ વિસ્તારોમાં ભ્રમણ કર્યું, જે રીતે લોકોની વચ્ચે જઈને કામ કર્યું, લોકોની વચ્ચે જઈને સંવાદ કર્યો, એનાથી એટલું સ્પષ્ટ થાય છે કે હવે સમાજના દરેક વર્ગના લોકો, દરેક વિસ્તારના લોકો આ કુશાસનથી ત્રસ્ત છે. લોકો ખુલીને હવે પોતાનો અવાજ ઉઠાવતા થયા છે, લડવાની તૈયારી સાથે આગળ આવ્યા છે, અને એના જ કારણે ધીમે ધીમે ગુજરાતમાં જે પરિવર્તનની લોકોની જે ચાહ છે, જે અપેક્ષા છે, એ પરિવર્તનની દિશામાં અસંખ્ય આગેવાનો કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

શ્રી સી.એ. જયદીપભાઈ પંડ્યા, શ્રી ભાવેશભાઈ કાતરિયા, શ્રી નારાયણભાઈ કાનાણી, શ્રી વજાભાઈ બી. આહિર, શ્રી બાબુભાઈ હુંબલ, શ્રી વિરમભાઈ જે. આહિર, શ્રી હમીરભાઈ આહિર સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા-આગેવાનો આમ આદમી પાર્ટીથી મોહભંગ થતા કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધીવત રીતે જોડાયા હતા. આમ આદમી પાર્ટીમાંથી જોડાયેલ સર્વે આગેવાનોએ એક જ સુરમાં કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી એ માત્ર સત્તા વિરોધી કોંગ્રેસને મળતા મતને તોડવા માટે અને ભાજપને જીતાડવા માટે જ કાર્યરત છે, દિલ્હીથી આવેલા આપના નેતાઓ માત્રને માત્ર જાણે ભાજપના સમર્થનમાં આદેશો આપતા હોય તેવા વારંવાર અનુભવો થતાં હતા. અંતે સત્યનું જ્ઞાન થતાં કોંગ્રેસ એક માત્ર સૌને સાથે લઈને ચાલનારી પાર્ટી છે અને ભાજપના તાનાશાહી શાસનને પડકારી શકવા સક્ષમ છે તથા ભાજપના ભય, ભુખ અને ભ્રષ્ટાચારની નીતિ સામે ટક્કર લઈ પ્રજાલક્ષી અભિગમ સાથે કાર્ય કરી રહી છે અને અમે દુધમાં સાકરની જેમ ભળીને કોંગ્રેસી વિચારધારાને જનજન સુધી પહોંચાડવા કટીબધ્ધ રહીશું.

# સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની તાળાબંધીને ખોલવા ABVPનો વિરોધ

### અનેકવાર રજૂઆત બાદ પણ નિરાકરણ ન આવતા આવેદન પાઠવ્યું

• અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ માટે ઘણા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અને અનેક જીમખાના છે છતાં ત્યાં લોક મારીને તાળાબંધી કરવામાં આવી છે. જેના પગલે વિદ્યાર્થીઓને વાપરવા માટે કામ આવતું નથી. જેથી આજે આ તાળાબંધી ખોલવા માટે ABVPના વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

**'ગુજરાત યુનિવર્સિટી રમતગમતના સાધનોની વ્યવસ્થા ઉભી કરવામાં નિષ્ફળ'**

ABVP અધ્યક્ષ વિરલ મુરારીએ જણાવ્યું હતું કે, જ્યારે 2030માં ગુજરાતના અમદાવાદ ખાતે કોમનવેલ્થ ગેમ્સ યોજવા જઈ રહી છે તો સરકાર પણ રમતગમતના બધા સંસાધનો વિદ્યાર્થીઓને પૂરી પાડી રહી છે. ત્યારે આ ગુજરાત યુનિવર્સિટી એ વ્યવસ્થા ઉભી કરવામાં નિષ્ફળ રહી છે. ગુજરાત યુનિવર્સિટીની અંદર આ ઉપરાંત ઘણી બધી સુવિધાઓ છે. અહીંયા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, જીમખાના બધી વ્યવસ્થા ઓલરેડી અહીંયા છે તે છતાં પણ વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મુકવામાં આવતી નથી. એ લોકોએ ક્યાંકને ક્યાંક કોઈ એજન્સીને એ વસ્તુ આપેલી છે કાં



તો વિદ્યાર્થીઓના હિત માટે એ લોકો એ કામ નથી કરવું એ માટે આ વસ્તુ એ લોકો વારંવાર કરી રહ્યા છે.

**'ABVP તાળા તોડી વિદ્યાર્થીઓને એન્ટ્રી અપાવશે'**

આની પહેલા પણ અગાઉ આપણે બે વખત રજૂઆત કરેલી છે તેમ છતાં વારંવાર આ પ્રશ્ન ઊદભવે છે અને વિદ્યાર્થીઓને હેરાનગતિ ઊભી થાય છે. તે માટે આજે આપણે સૌ અહીંયા ભેગા થઈને રજીસ્ટ્રાર સાહેબને આવેદન આપ્યું કે, આજ સાંજ સુધી આ તાળા નહિ ખુલે તો આ તાળા તૂટી જશે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આ તાળા તોડીને વિદ્યાર્થીઓને એન્ટ્રી આપશે અને તેની સંપૂર્ણ જવાબદારી ગુજરાત યુનિવર્સિટી તંત્રની રહેશે.

યુનિવર્સિટી તરફથી હાલ એવી ખાતરી મળી છે કે, સાંજ સુધી તાળા ખુલી જશે અને આગળ આની ઉપર રીનોવેશન કે એવું કરીને વિદ્યાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે. તેમ છતાં 72 કલાકનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે કે તેમ છતાં કોઈ કામગીરી ચાલુ નહીં થાય તો ગુજરાત યુનિવર્સિટીમાં ABVP દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# શાહીબાગ અંડરબ્રિજ ફરી 10 દિવસ માટે બંધ.. જાણો ક્યાં વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરી શકશો

• અમદાવાદ

અમદાવાદ શહેરનો શાહીબાગ અંડર બ્રિજ ફરી એકવાર વાહનની અવરજવર માટે બંધ કરાશે. રેલવે ટ્રેક રીપેરીંગની કામગીરી ચાલતી હોવાના કારણે 19થી 28 માર્ચ દરમિયાન બપોરે 12થી 5 અને રાત્રે 12થી સવારે 5 વાગ્યા સુધી અન્ડર બ્રિજ વાહનોની અવરજવર માટે બંધ રહેશે. જેથી વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.



શાહીબાગ અંડરબ્રિજના ત્રણેય પ્રવેશ તેમજ નિકાસમાર્ગ 19 માર્ચ 2026થી 28 માર્ચ 2026 સુધીના સવારે 12થી 5 વાગ્યા સુધી અને રાતના 12થી સવારના 5 વાગ્યા સુધી વાહન વ્યવહારની અવરજવર માટે બંધ રહેશે. આ સિવાયના સમય પર વાહનચાલકો આ રસ્તેથી અવર-જવર કરી શકશે.

28 જાન્યુઆરીએ શાહીબાગ અંડરબ્રિજ ફરી ખોલવામાં આવ્યો હતો. અમદાવાદનો સૌથી વ્યસ્ત ગણાતો સુભાષ બ્રિજ બંધ કરી દેવામાં આવ્યો છે. ત્યારે શાહીબાગ અંડર બ્રિજ પણ બુલેટ ટ્રેનની કામગીરીના કારણે પાંચ દિવસ બંધ રાખવામાં આવ્યો હતો. જે 28 જાન્યુઆરીના રોજ કામગીરી પૂર્ણ થઈ જતા સવારથી શાહીબાગ અંડરબ્રિજ વાહન વ્યવહાર માટે શરૂ કરી દેવામાં આવ્યો હતો.

# દહેગામના પશુપાલકો દ્વારા આવતીકાલ તાલુકા બંધનું એલાન



• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના પશુપાલકો દ્વારા આવતીકાલ તાલુકા બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે તાલુકા બંધના આ એલાનને જુદા જુદા મંડળો દ્વારા ટેકો જાહેર કરાયો છે. દહેગામ તાલુકામાં દૂધના બાબતે પશુપાલકો છેલ્લા અઠવાડિયાથી આંદોલન કરી રહ્યા છે તેને અનુસરીને ન છૂટકે આટીકલ 19 તારીખના રોજ પશુપાલકો દ્વારા દહેગામ બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેમાં મર્ચન્ટ વેપારી મહામંડળ, એપીએમસી, તેમજ વેપારી મંડળ દ્વારા આ બંધના એલાનને ટેકો જાહેર કરાયો છે અને શહેર -તાલુકાના તમામ વેપાર ધંધા બંધ રાખીને બંધના એલાને સફળ બનાવવા માટે અપીલ પણ કરવામાં આવી છે. લાકડાના મર્ચન્ટ વેપારી એસોસિએશન પ્રમુખ પ્રભુભાઈ ગઢવી અને દહેગામ શહેર વેપારી મહામંડળના પ્રમુખ પંકજભાઈ પટેલ દ્વારા ઉગ્ર રજૂઆત કરી તમને સંપૂર્ણપણે દુકાનો બંધ રાખવાની અપીલ કરવામાં આવી છે.

**બિલ્ડરની ઓફિસમાં ઘૂસીને વૃદ્ધ સાથે મારમારી**

# લોરેન્સ બિશ્નોઈના નામથી ધમકી આપનાર કૃખ્યાત શખસે વૃદ્ધ પાસે રૂપિયા માંગી હુમલો કર્યો

• અમદાવાદ

અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ અને ડ્રગ્સ માફિયા તેમજ અંડરવર્લ્ડ ડોન લોરેન્સ બિશ્નોઈના નામથી ધમકી આપનાર કુબેરનગરના કૃખ્યાત શખસે ચાંદખેડામાં એક વૃદ્ધ પર હુમલો કરતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોચ્યો છે. રૂપિયાની માંગણી કરીને શખસે તેના સાગરીત સાથે મળીને હુમલો કર્યો છે, જે અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોંધ્યો છે.

કુબેરનગર વિસ્તારમાં આવેલી માયા સિનેમા નજીક મહારાજા બંગ્લોઝમાં રહેતા 66 વર્ષીય જેઠાનંદ અરજનદાસ આસનાનીએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં સુરજ ઉર્ફે બાબા કિશ્નાની (રહે, મહાકાલ મંદિર પાસે, જી વોર્ડ, કુબેરનગર) અને તેના સાગરીત આકાશ વિરૂદ્ધ હુમલો તેમજ ધમકીની ફરિયાદ કરી છે. જેઠાનંદ એસ્ટેટ બ્રોકર છે અને સંયુક્ત પરિવારમાં રહે છે. જેઠાનંદનો પુત્ર પ્રકાશ જીન્સનું મેન્યુફેક્ચરીંગ કરે છે. જેઠાનંદે થોડા સમય પહેલા તેમના પરિચિત દેવેન્દ્ર ઉર્ફે ચીકાભાઈને ફાયનાન્સ કર્યુ હતું, જેના રૂપિયાની લેવડદેવડ ચાલી રહી છે.

**'તમારે મને કમિશન આપવું પડશે'**

ચીકાભાઈની ચાંદખેડા નજીક આવેલા તપોવન સર્કલ પાસે પેનાસોલા કોમ્પલેક્ષ આવેલુ છે જેમાં રૂપિયાની લેતીદેતી મામલે જેઠાનંદ થોડા દિવસ પહેલા ગયા હતા.જેઠાનંદ ચીકાભાઈ સાથે ઘંઘાકીય વાતચીત કરી રહ્યા હતા ત્યારે બાબા અને તેનો સાગરીત આકાશ આવી ચઢ્યા હતા. બાબાએ આવતાની સાથે જ કહેવા લાગ્યો હતો. મે તમને ચીકાભાઈ સાથે ઓળખાણ કરાવી છે, તમારે જે તેમની પાસેથી રૂપિયા લેવાના છે



તેમા તમારે મને કમિશન આપવું પડશે.

**પોલીસે આ મામલે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી**

ચીકાભાઈને ફોન આવતા તેમણે કહ્યુ હતું કે, મારે ફોન આવ્યો છે એટલે તમે બેસીને વાત કરો, ચીકાભાઈ ઓફિસની બહાર ગયા ત્યારે જેઠાનંદે બાબાને કહ્યુ કે હું દેવેન્દ્રભાઈ ઉર્ફે ચીકાભાઈને ઘણા વર્ષોથી ઓળખુ છું એટલે હું તને કમીશન કઈ વાતનું આપુ.જેઠાનંદની વાત સાંભણીને બાબા ગિન્નાયો હતો અને ગાળો બોલવાની શરૂ કરી દીધી હતી. જેઠાનંદે ગાળો આપવાની ના પાડતા આકાશે તેમને ફેંટો મારવાની શરૂ કરી દીધી હતી. આ દરમિયાન બાબાએ પણ તેમને મારમારવાનો શરૂ કરી દીધો હતો. જેઠાનંદને ગળદાપાટુનો મારમારવા લાગ્યા હતા ત્યારે તેમને બુમાબુમ કરવાની શરૂ કરી દીધી હતી.

જેઠાનંદની બુમાબુમ સાંભણતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાબા અને આકાશ જતા હતા ત્યારે તેમણે ધમકી આપી હતી કે, આજે તને જવા દીધો છે. જો મને કમિશન નહી આપતો તને જાનથી મારી નાખીશ. જેઠાનંદે તરત જ તેના દીકરા પ્રકાશને ફોન કરી દીધો હતો. જેઠાનંદે આ મામલે પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરીને હકીકત જણાવી હતી.

# મુખ્યમંત્રી:સ્ટાર્ટઅપ્સને 1 કરોડ સુધીની સહાય અને રાજ્યમાં આધુનિક સોવરેન એઆઈ પાર્ક સ્થપાશે

### ગુજરાત બનશે ગ્લોબલ AI હબ : Sovereign AI પાર્ક અને મહત્વના MOU

• ગાંધીનગર

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આયોજિત 'સ્ટાર્ટઅપ સંવાદ' કાર્યક્રમ દ્વારા ગુજરાતને AI અને ઈમર્જીંગ ટેક્નોલોજી માટે ગ્લોબલ સેન્ટર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ દેશના વિવિધ રાજ્યોના 24 જેટલા ઉચ્ચ સંભવિત સ્ટાર્ટઅપ્સ સાથે પ્રત્યક્ષ સંવાદ સાધીને તેમના ઈનોવેશન નિહાળ્યા હતા. આ પ્રસંગે CM ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ કર્યું હતું કે શાસનમાં પારદર્શિતા અને નાગરિકોની સુખાકારી માટે ગુજરાત સરકાર AI ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા કટિબદ્ધ છે.

રાજ્યના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા આ અવસરે બે મહત્વપૂર્ણ MOU કરવામાં આવ્યા છે. જેમાં 'Sarvam AI' દ્વારા ગુજરાતમાં એક અત્યાધુનિક 'Sovereign AI પાર્ક' સ્થાપવામાં આવશે. આ પાર્કમાં હાઈ-એન્ડ કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિસર્ચ સેન્ટર્સ અને સ્કિલ ડેવલપમેન્ટ જેવી સુવિધાઓ એક જ કેમ્પસમાં ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટથી આગામી 5 વર્ષમાં મોટાપાયે રોજગારીની તકો ઊભી થશે. આ ઉપરાંત MIKO સ્ટાર્ટઅપ સાથે પણ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

AI ઈનોવેશન ચેલેન્જ હેઠળ રાજ્ય સરકારે સ્ટાર્ટઅપ્સ માટે પારદર્શક ફાયનાન્સિયલ સપોર્ટ મોડેલ જાહેર કર્યું છે. જેમાં Proof of Concept (PoC) તબક્કા માટે મોડરેટ યુઝ કેસમાં 7.5 લાખ અને કોમ્પલેક્સ યુઝ કેસમાં 10 લાખ સુધીનું ફંડિંગ આપવામાં આવશે. PoC સફળ થયા બાદ, ફૂલ-સ્કેલ ડિપ્લોયમેન્ટ માટે મોડરેટ પ્રોજેક્ટને 50 લાખ અને કોમ્પલેક્સ પ્રોજેક્ટને 1 કરોડ સુધીની માતબર સહાય આપવામાં આવશે. આ સહાયમાં ઈમ્પ્લિમેન્ટેશન, કસ્ટમાઈઝેશન અને 4 વર્ષ સુધીના હેન્ડહોલ્ડિંગ સપોર્ટનો સમાવેશ થાય છે.



મુખ્યમંત્રી નિવાસસ્થાન ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં એગ્રીકલ્ચર સેક્ટરના 5, હેલ્થ સેક્ટરના 3, શિક્ષણના 6 અને ગવર્મેન્ટ-ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરના 10 જેટલા સ્ટાર્ટઅપ્સે પોતાની પ્રોડક્ટ્સનું પ્રેઝન્ટેશન કર્યું હતું.CM ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નાખેલા મજબૂત પાયાને કારણે ગુજરાત આજે સેમિકન્ડક્ટર અને ગ્રીન ગ્રોથ જેવા ક્ષેત્રોમાં દેશમાં મોખરે છે. ટેકનોલોજી આધારિત વિકાસમાં 'ક્વોલિટી' સરકારની પ્રથમ પ્રાથમિકતા રહેશે.

સરકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચાડવા માટે AI ટેકનોલોજી આશીર્વાદરૂપ સાબિત થશે. આ સંવાદ દરમિયાન ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ કુમાર અને સાયન્સ-ટેક્નોલોજી વિભાગના સચિવ પી. ભારતીએ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિશે વિગતો આપી હતી. આ પ્રસંગે હસમુખ અઢિયા, આર.સી.મિના, રાજીવ ટોપનો, સંજીવ કુમાર અને વિક્રાંત પાંડે સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

**વિરોધ**

### 80,000ની લાંચ લેતા ACBએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો

# 80,000 રૂપિયાની લાંચ લેનારા સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીના લૉકરમાંથી 52 લાખ મળ્યાં

### સીનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર લાંચ લેતા ACBની ઝપેટમા

• ગાંધીનગર

ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરતા લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એન્ટી કરપ્શન બ્યુરો, ACB) દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગત 15 માર્ચ 2026ના રોજ અમદાવાદ રિજીયન સ્થિત સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરો (SIB)ના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન ગીરીશભાઈ દવે વિરુદ્ધ ગાંધીનગર ACBએ લાંચ અને અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી. જે બાદ ગઈકાલે 17 માર્ચે મહેસાણા ACB દ્વારા પણ તપાસ કરવામાં આવતા ગાંધીનગરની એક ખાનગી બેન્કના લોકરમાંથી મોટી રકમ મળી આવી હતી.

સાણંદ સેન્ટરના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન ગીરીશભાઈ દવેએ એક જાગૃત નાગરિકના પોલીસ પ્રોટેક્શનને રીન્યુ કરવા માટે પોઝિટિવ અભિપ્રાય આપવાના બદલામાં 80,000 રૂપિયાની માંગણી કરી હતી, જે રકમ સ્વીકારતા જ ACBની ટીમે કેતનને 15 માર્ચે દબોચી લીધો હતો. ગુજરાતમાં આ કદાચ IBનો પ્રથમ PI હશે જે લાંચ લેતા ACBના હાથે ઝડપાયો હોય.

આ દરમિયાન ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે આવેલા સૌરાષ્ટ્ર ગાંઠીયા રથની સામે રોડ પર



જ્યારે ફરિયાદી પોતાની ગાડીમાં હાજર હતા, ત્યારે આરોપી કેતન ત્યાં પહોંચ્યો હતો. બાદમાં ગાડીની અંદર જ આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હતી. જેવી આરોપીએ 80,000ની રકમ હાથમાં લીધી તેવી જ વોચમાં રહેલી ACBની ટીમ ત્રાટકીને તેને રંગેહાથ પકડી લીધો હતો.

જે બાદ મહેસાણા એસીબીએ ગાંધીનગરમાં આવેલી એક બેન્કના લોકરનું ચેકિંગ કર્યું હતું. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, કેતન દવેએ પોતાની કાયદેસરની આવકના સ્ત્રોત કરતા વધુ સંપત્તિ ભેગી કરી હતી. એસીબીએ આપેલી સત્તાવાર જાણકારી મુજબ અધિકારીના બેન્ક લૉકરમાંથી 346 ગ્રામ સોનું, 2 કિલો 536 ગ્રામ ચાંદીના દાગીના, તેમજ સિક્કા, બિસ્કિટ અને રોકડ મળીને રૂ. 51,82,444/ જેટલી રકમની ચીજ વસ્તુઓ મળી આવી છે.

આ મામલે એસીબી દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-1988 (સુધારો-2018) ની કલમ 13(1) (બી) અને 13(2) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આરોપી અધિકારી અમદાવાદ રિજીયનના સાણંદમાં સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોની કચેરીમાં વર્ગ-2 ના અધિકારી તરીકે ફરજ બજાવતો હતો. તપાસનીશ ટુકડી દ્વારા સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને મિલકતની ઝીણવટભરી તપાસ બાદ આ અપ્રમાણસર મિલકતનો આંકડો સામે આવ્યો છે.

એસીબીએ નાગરિકોને અપીલ કરી છે કે જો કોઈ સરકારી અધિકારી કે કર્મચારી લાંચની માંગણી કરે અથવા ભ્રષ્ટાચારના પુરાવા હોય તો ટોલ ફ્રી નંબર 1064 અથવા વોટ્સએપ નંબર 90660 11044 પર સંપર્ક કરી શકે છે.

મહત્વનું છે કે સરકારે ગત નવેમ્બર 2025માં જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા આઠ વર્ષમાં (2018થી 31 ઓક્ટોબર 2025 સુધી) ઉચ્ચ અધિકારીઓથી લઈને વર્ગ-4ના કર્મચારીઓ અને વચેટિયાઓ કુલ રૂપિયા 9 કરોડની માતબર રકમની લાંચ લેતા પકડાયા છે. એસીબી દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં આ સમયગાળા દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારના મળીને કુલ 3,517 સરકારી કર્મચારીઓને લાંચ લેતા રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.

એસીબીના આંકડાઓ વિભાગીય ભ્રષ્ટાચારની ગંભીર સ્થિતિ છતી કરે છે. રાજ્ય સરકારના વિભાગોમાં ગૃહ વિભાગ લાંચ લેવામાં મોખરે છે. છેલ્લા આઠ વર્ષમાં ગૃહ વિભાગના, પોલીસ કોન્સ્ટેબલથી માંડી ઉચ્ચ અધિકારીઓ સહિત, કુલ 682 કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા હતા. આ યાદીમાં બીજા ક્રમે પંચાયત વિભાગ છે, જેના 405 કર્મચારીઓ અને ત્રીજા ક્રમે મહેસૂલ વિભાગ છે, જેના 302 કર્મચારીઓ લાંચના છટકામાં ફસાયા હતા.

---

### આશા વર્કરો અને હેલ્પર બહેનોએ પોતાની પડતર માંગણીઓ સંદર્ભે સરકાર સામે આંદોલનનું રણશિંગું ફૂંક્યું

# આજથી એક લાખથી વધુ આંગણવાડી-આશા વર્કર 3 દિવસ હડતાળે, 27 બેઠક છતાં પ્રશ્નો ન ઉકેલાયા

**વિરોધ** પ્રશ્નોના નિરાકરણ માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકાર સાથે 27 જેટલી બેઠકો યોજાઈ ચૂકી છે

• ગાંધીનગર

રાજ્યની આંગણવાડી કાર્યકર બહેનો, આશા વર્કરો અને હેલ્પર બહેનોએ પોતાની પડતર માંગણીઓ સંદર્ભે સરકાર સામે આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે અત્યાર સુધીમાં રાજ્ય સરકાર સાથે 27 જેટલી બેઠકો યોજાઈ ચૂકી છે, તેમ છતાં પગાર વધારા સહિતના અન્ય મુખ્ય પ્રશ્નો હજુ પણ ઉકેલાયા નથી. આખરે કોઈ સકારાત્મક પરિણામ ન મળતા, રાજ્યની એક લાખથી વધુ આંગણવાડી બહેનોએ 18મી તારીખથી ત્રણ દિવસ સુધી કામકાજથી અળગા રહી હડતાળ પર જવાનું એલાન કર્યું છે.

લાંબા સમયથી વિરોધ પ્રદર્શન, છતાં સરકારનું વલણ યથાવત

છેલ્લા લાંબા સમયથી આંગણવાડી બહેનો પોતાના પડતર પ્રશ્નોને લઈને આંદોલન અને વિરોધ પ્રદર્શન કરી રહી છે, પરંતુ હજુ સુધી તેનો કોઈ કાયમી ઉકેલ આવી શક્યો નથી. ગત તા. 10 માર્ચ, 2025ના રોજ મુખ્યમંત્રીએ આ બાબતે હૈયાધારણ આપી હોવા છતાં, અત્યાર સુધી એક પણ માંગણી પૂરી કરવામાં આવી નથી.

આંગણવાડી બહેનોની મુખ્ય માંગણી છે કે, વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને તેમને સન્માનજનક વેતન મળવું જોઈએ અને ડિજિટલ કામગીરીને સરળ બનાવવા માટે નવા મોબાઈલ ફોન આપવામાં આવે.

બહેનોની મુખ્ય માંગણીઓ પૈકી નિવૃત્તિની વયમર્યાદા વધારીને 60 વર્ષ કરવી અને કામગીરી માટેની મોબાઈલ એપ બંધ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આહાર અને અન્ય ખર્ચના બિલોનું સમયસર પેમેન્ટ તથા એડવાન્સ રકમની વ્યવસ્થા કરવાની પણ માંગ કરવામાં આવી છે, જેથી આંગણવાડી બહેનોએ પોતાના ખિસ્સામાંથી ખર્ચ ન કરવો પડે.



વર્ષ 2018માં કેન્દ્ર સરકાર દ્વારા અને વર્ષ 2022માં રાજ્ય સરકાર દ્વારા નજીવો પગાર વધારો કર્યા બાદ અત્યાર સુધી કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આ મામલે હાઈકોર્ટના આદેશોનું પણ પાલન કરવામાં આવતું નથી તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અન્ય સરકારી કર્મચારીઓના પગારમાં સમયાંતરે વધારો થાય છે, પરંતુ આંગણવાડી બહેનોના પગાર વધારવાને બદલે માત્ર કામના બોજમાં જ વધારો કરવામાં આવ્યો છે. વર્તમાન મોંઘવારીમાં ગુજરાન ચલાવવું મુશ્કેલ બનતા આખરે બહેનોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. આંગણવાડી બહેનો રજા રિપોર્ટ ભરીને અને સ્થાનિક અધિકારીઓને આવેદનપત્ર આપીને હડતાળ પર ઉતરશે.

---

# કેન્દ્રની મોદી સરકાર -ભાજપા સરકારના અવિચારી પગલા અને આયોજનના અભાવે દેશની જનતાને ગેસની લાઈનમાં ઉભા રહેવા મજબુર કર્યા

### માનવ સર્જિત ઉર્જા સંકટ માટે મોદી સરકાર સીધી જવાબદાર

• અમદાવાદ

અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રી ઝીલબેન શાહ જણાવેલ કે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રી ગીતાબેન પટેલ ની અધ્યક્ષતા માં અમદાવાદ ખાતે પ્રોગામ નુ આયોજન કરવા મા આવેલ હતુ

વધતી જતી મોધવારી મા આજે પૂરો દેશ પીસાઈ રહ્યો છે , ગેસ ના ભાવ માં હાલ જે વધારો થયો છે અને ગેસ ની અછત જે સર્જાઇ છે , જ્યારે કોંગ્રેસ ના રાજ માં ભાવ ના સામાન્ય વધારો થાય ત્યારે એમની નેત્રી શ્રી સ્મૃતિ ઈરાની માથે ગેસ સિલિન્ડર લઈ પૂરા દેશ મા ફરતી હતી હવે તે કયા ? તેમના મંત્રી મંડળ ની એક પણ મહિલા મંત્રી હાલ ક્યાય છે ના જેના કારણે આજે અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસ થકી આ પ્રોગામ નુ આયોજન કરવા મા આવેલ હતુ અને જો ભાવ વધારો પાછો ખેંચવા મા નહી આવે તો ઉગ્ર આંદોલન કરવા માં આવશે જેની પણ તૈયારી દર્શાવી હતી

રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકાર ગેસના પૂરતો પુરવઠાના સંગ્રહ માટે



આગોતરા આયોજનના અભાવે સમયસર ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ ગઈ છે. ગેસની અછતને કારણે સામાન્ય જનતા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. ગેસ સિલિન્ડર મેળવવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે.

કોમર્શિયલમાં ગેસનો સપ્લાય બંધ કરી દેવાના કારણે અનેક હોટેલ અને રેસ્ટોરન્ટ અને ખાસ કરીને વિદ્યાર્થીઓની મેસ - કેન્ટીન, સેવાકીય અન્નક્ષેત્રો બંધ થઈ રહ્યા છે. દેશના વડાપ્રધાન અમેરિકા સામે સરેન્ડર થઈ ગયા છે અને તેની સીધી અસર દેશના ગેસ પુરવઠા પર પડી રહી છે. ગેસની તંગીની અસર માત્ર ઘર વપરાશ પર નહીં પરંતુ ઉદ્યોગો પર પણ પડી રહી છે. મોંઘવારીના કઠીન સમયમાં લોકોને સરકાર દ્વારા ખાસ કોઈ રાહત મળતી નથી અને ગૃહિણીઓને પણ ગેસ સિલિન્ડર મેળવવા માટે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડી રહ્યું છે. ગેસની અછતની સીધી અસર માત્ર ઘર વપરાશ પર નહીં પરંતુ ઔદ્યોગિક વપરાશ પર પણ પડી રહી છે. સરકાર તાત્કાલિક ગેસનો પુરતો પુરવઠો સમયસર ઉપલબ્ધ કરાવે તેવી કોંગ્રેસ પક્ષની માંગણી છે.

---

# સ્થાનિક સ્તરના સળગતા પ્રશ્નો: એક વિશ્લેષણ

૧.અમદાવાદ:મેગા સિટી કે 'ખાડા' સિટી?

અમદાવાદમાં કરોડોના ખર્ચે બનેલો હાટકેશ્વર બ્રિજ જે રીતે ભ્રષ્ટાચારની ભેટ ચઢ્યો અને તોડવો પડ્યો, તે ભાજપ માટે સૌથી મોટો માથાનો દુખાવો છે. પૂર્વ અમદાવાદમાં પ્રદૂષિત પાણી અને રસ્તાઓના ધોવાણથી મધ્યમ વર્ગમાં ભારે રોષ છે. શું 'સ્માર્ટ સિટી'ના નામે માત્ર ટેક્સ વધારો જ મળ્યો છે? તેવો સવાલ જનતા પૂછી રહી છે.



તંત્રી : પવન મકાન

૨.સુરત: 'આપ'નો દબદબો અને ભાજપની રણનીતિ

સુરત મહાનગરપાલિકામાં વિપક્ષ તરીકે 'આમ આદમી પાર્ટી' એ જે રીતે પગપેસારો કર્યો છે, તે જોતા આ વખતે જંગ ત્રિપાંખિયો અને રસપ્રદ બનશે. હીરા ઉદ્યોગમાં મંદી અને મોંઘવારી સુરતના મતદારોના મિજાજને બદલી શકે છે. ભાજપ અહીં નવા ચહેરાઓ લાવીને ગઢ બચાવવા એડીચોટીનું જોર લગાવશે.

૩. રાજકોટ: અગ્નિકાંડ અને વહીવટી નિષ્ફળતા

રાજકોટમાં બનેલી ગેમઝોન અગ્નિકાંડ જેવી દુર્ઘટનાઓએ તંત્રના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડી દીધો છે. આ મુદ્દો ચૂંટણીમાં અત્યંત સંવેદનશીલ સાબિત થશે. રાજકોટની જનતા પાણીની અછત અને ટ્રાફિકની સમસ્યાથી પણ ત્રસ્ત છે, જેનો ફાયદો ઉઠાવવા વિપક્ષ પૂરો પ્રયાસ કરશે.

નિષ્કર્ષ: શું 'નવા ચહેરા' જાદુ કરશે?

ભાજપ હંમેશા છેલ્લી ઘડીએ આખી ટીમ બદલી નાખવા (No Repeat Theory) માટે જાણીતું છે. પરંતુ આ વખતે:

* ભ્રષ્ટાચાર: રસ્તા અને બ્રિજના કામમાં થયેલી ગેરરીતિઓ જનતા ભૂલી શકશે?
* વિકલ્પ: શું કોંગ્રેસ કે 'આપ' જનતાને મજબૂત વિકલ્પ પૂરો પાડી શકશે?

---

## ડભોઇ નર્મદા કેનાલનો બિસ્માર રોડ વાહનચાલકો માટે બન્યો આફત



• ફકીરા ખત્રી ડભોઇ

તંત્રની ઘોર બેદરકારી સામે રોષ ડભોઇ શિનોર ચોકડીથી થરવાસા પાસેથી પસાર થતી નર્મદા કેનાલના સર્વિસ રોડની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. લાંબા સમયથી મરામતના અભાવે રોડ ઠેર-ઠેરથી તૂટી ગયો છે, જેને કારણે વાહનચાલકો જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે.મુખ્ય સમસ્યાઓ જે પ્રજાને નડી રહી છે મોટા ખાડાઓનું સામ્રાજ્ય: કેનાલ રોડ પર ઠેર-ઠેર મોટા ગાબડાં પડી ગયા છે. કાગળ પર દર વર્ષે ચોમાસા પછી રિપેરિંગની વાતો થાય છે પરંતુવાસ્તવિકતામાં રોડ પર ડામર ઓછો અને ખાડા વધુ જોવા મળે છે વાહનચાલકોની હાલાકી: બાઈક સવાર હોય કે ફોર-વ્હીલર ચાલક, દરેકને આ માર્ગ પરથી પસાર થવામાં ભારે મુશ્કેલી પડે છે. વાહનોમાં નુકસાન થવાની સાથે અકસ્માતનો ભય સતત તોળાઈ રહ્યો છે. તંત્રની એસી ઓફિસમાં નિદ્રા: સ્થાનિકોનો આક્ષેપ છે કે નર્મદા નિગમના અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને કાગળીયા ઓર્ડર કરે છે. કેનાલની આસપાસના રસ્તાઓની શું હાલત છે તેની તપાસ કરવાની તસ્દી પણ કોઈ લેતું નથી ખેતર કે ટૂંકા રસ્તે જવા માટે લોકો આ માર્ગનો ઉપયોગ કરે છે.

---

### પોલીસની વિવિધ ટીમોનો ખડકલો

# વિધાનસભાને બોમ્બની ધમકી : અનામી ઈમેલ દ્વારા મળી ધમકી, સવારે ૯ વાગ્યે બેઠક પહેલા ધમકી

• ગાંધીનગર

ગુજરાત વિધાનસભા સંકુલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા આજે સનસનાટી મચી ગઈ છે. અનામી ઈમેલ દ્વારા મળેલી આ ધમકીમાં દાવો કરવામાં આવ્યો છે કે, વિધાનસભા સહિત રાજ્યના અનેક મહત્વના ઠેકાણે બોમ્બ મૂકવામાં આવ્યા છે. આવતીકાલથી ચૈત્રી નવરાત્રિનો પવિત્ર તહેવાર શરૂ થઈ રહ્યો છે, તે પૂર્વે જ આ પ્રકારની ધમકી મળતા સુરક્ષા એજન્સીઓ ભારે દોડધામ મચી ગઈ છે.

આજે સવારે ૯ વાગ્યે મળનારી વિધાનસભાની બેઠક આ ધમકીને પગલે તાત્કાલિક અસરથી મોકૂફ રાખવામાં આવી છે. ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલા જ તમામ



ધારાસભ્યો અને સ્ટાફને સુરક્ષિત રીતે બહાર કાઢી આખું સંકુલ ખાલી કરાવાયું હતું. હાલમાં વિધાનસભાનું સત્ર ચાલુ હોવાથી રાજ્યના મુખ્યમંત્રી અને મંત્રીમંડળની સુરક્ષાને ધ્યાને રાખીને આ નિર્ણય લેવાયો છે.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ, એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS), બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ આખા સંકુલને ઘેરી લઈને સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઈમેલ ક્યાંથી આવ્યો અને તેની પાછળ કોનો હાથ છે તે અંગે સાયબર ક્રાઈમની ટીમ તપાસ કરી રહી છે. હાલ સમગ્ર ગાંધીનગરમાં હાઈ-એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે વિધાનસભામાં ઈમેલની ધમકી મળ્યા બાદ ભાજપના મંત્રીઓને ધારાસભ્યો સ્વર્ણિમ સંકુલ 1 - 2 ખાતે જવાની સૂચના આપવામાં આવી હતી. જ્યારે બીજી બાજુ કોંગ્રેસના ધારાસભ્યો મેં કોઈ સૂચના વિધાનસભા ધ્વારા આપવામાં આવી ન હતી. ભાજપના ધારાસભ્ય વિધાનસભામાં થી ભાગતા નજરે પડ્યા હતા, જ્યારે એક મંત્રી પોતાની કેબીનમાંથી ભાગ્યા હતા.

આ બાબતે કોંગ્રેસ પક્ષના સિનિયર ધારાસભ્ય અને પક્ષના દંડક શૈલેષ પરમારે જણાવ્યું હતું, 'આ ફેકુ સરકારમાં ફેક ઈમેઈલ મળ્યા છે, અમે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો એ સ્થળ છોડ્યું નથી, ગૃહ કોઈ સંજોગોમાં છોડવું ન જોઈએ આવા ઈમેલથી , આતો સરકાર ડરી ગઈ છે તો પ્રજામાં કેવો મેસેજ જાય. તેમણે જણાવ્યું હતું કે વિધાનસભામાં પત્રકારો, પોલીસ અને કોંગ્રેસના ધારાસભ્ય સિવાય તમામ લોકોએ ખાલી કરી દીધી.'

ઈમેઈલ ધમકી મળતાની સાથે જ ગૃહની કાર્યવાહી શરૂ થાય એ પહેલા જ અધિકારીઓને કર્મચારીને સૂચના આપવામાં આવી હતી ત્યારબાદ તેઓ એ વિધાનસભામાં પોતાના કેબિન છોડી દીધા હતા. વિધાનસભા ખાતે ચેકિંગ ગેટ આગળ માત્ર ધારાસભ્યોને જવાની સૂચના હતી ત્યારે તેમના સ્ટાફને તેમની સાથેના જવા દેવા માટે પોલીસે જણાવેલ હતું.

# ચૈત્ર નવરાત્રી: આત્મશુદ્ધિ, શક્તિ ઉપાસના અને પ્રકૃતિના નવતર ઉલ્લાસનો પર્વ

• અમદાવાદ

શિશિરની વિદાય અને ગ્રીષ્મના આગમન સાથે જ પ્રકૃતિ જ્યારે નવપલ્લવિત થાય છે, ત્યારે આધ્યાત્મિક ઉર્જાનો સંચાર કરવા માટે 'ચૈત્ર નવરાત્રી'નું પર્વ દ્વાર ખખડાવે છે. શારદીય નવરાત્રીમાં ગરબાની રમઝટ હોય છે, જ્યારે ચૈત્ર નવરાત્રી એ મુખ્યત્વે સંયમ, સાધના અને શક્તિની આરાધનાનો ઉત્સવ છે.

ઋતુ પરિવર્તન અને સ્વાસ્થ્યનો સમન્વય

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો, ચૈત્ર નવરાત્રી બે મુખ્ય ઋતુઓના સંધિકાળ પર આવે છે. આ સમયે વાતાવરણમાં ફેરફાર થવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ પર અસર પડે છે. આપણા ઋષિ-મુનિઓએ આ નવ દિવસોમાં ઉપવાસ અને ફળાહારનું વિધાન રાખ્યું છે, જે શરીરને ડિટોક્સ (શુદ્ધ) કરવામાં મદદ કરે છે.

નવ દિવસ, દેવીના નવ સ્વરૂપો

ચૈત્ર નવરાત્રીના નવ દિવસો દરમિયાન મા દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા અર્ચના કરવામાં આવે છે:

* શૈલપુત્રી: અડગતાનું પ્રતીક
* બ્રહ્મચારિણી: તપ અને સંયમ
* ચંદ્રઘંટા: માનસિક શાંતિ
* કુષ્માંડા: સૃષ્ટિનું સર્જન
* સ્કંદમાતા: વાત્સલ્યનો પ્રવાહ
* કાત્યાયની: ભયનો નાશ
* કાલરાત્રિ: સંકટ હરનારી



* મહાગૌરી: પવિત્રતા અને કરુણા
* સિદ્ધિદાત્રી: સર્વ કાર્ય સિદ્ધ કરનારી

» ખાસ નોંધ: ચૈત્ર શુક્લ પક્ષની નવમી તિથિએ 'રામ નવમી' ઉજવાય છે, જે આ આખા પર્વના આધ્યાત્મિક આનંદને પરાકાષ્ઠાએ પહોંચાડે છે.

»

વર્તમાન સમયમાં નવરાત્રીનું મહત્વ

આજના ભાગદોડભર્યા જીવનમાં માનસિક તણાવ વધ્યો છે. ચૈત્ર નવરાત્રીના નવ દિવસ દરમિયાન કરવામાં આવતું ધ્યાન અને મંત્ર જાપ મનને સ્થિરતા બક્ષે છે. આ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સ્વયંને જાણવાની અને ઉર્જાવાન બનાવવાની એક તક છે.

કેવી રીતે કરશો સાધના?

* ઘટ સ્થાપન: મંગલ કળશની સ્થાપના કરી સાત્વિક ઉર્જાનું આહવાન કરો.
* આહાર: તળેલો ખોરાક ટાળીને વધુમાં વધુ પ્રવાહી અને ફળોનો ઉપયોગ કરો.
* માનસિક મૌન: દિવસમાં થોડો સમય મૌન પાળીને અંતર્મુખી બનો.

ચૈત્ર નવરાત્રી આપણને શીખવે છે કે વિજય મેળવવા માટે સૌ પ્રથમ પોતાના મન અને ઈન્દ્રિયો પર વિજય મેળવવો આવશ્યક છે. આ નવરાત્રી આપ સૌના જીવનમાં સુખ, શાંતિ અને આરોગ્ય લઈને આવે તેવી અભ્યર્થના.

**વિકાસ** રબંદર કલેક્ટર એસ. ડી. ધાનાણીએ મુખ્યમંત્રીના કાર્યક્રમ સંદર્ભે પત્રકારોને આપી માહિતી

# આવતીકાલે પોરબંદરમાં મુખ્યમંત્રી રૂ. ૩૫૬.૮૨ કરોડના ૪૫ વિકાસલક્ષી કાર્યોની ભેટ નાગરિકોને અર્પણ કરશે

## પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા રહેશે ઉપસ્થિત

• ગોસા(ઘેડ)તા.૧૮/૦૩/૨૦૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે ૧૯ માર્ચના રોજ પોરબંદર જિલ્લાની મુલાકાતે પધારનાર છે. મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને બપોરે ૩:૦૦ વાગ્યે શહેરના તાજાવાલા હોલ ખાતે વિકાસના વિવિધ વિકાસલક્ષી કામોના ઈ-ખાતમુહૂર્ત અને ઈ -લોકાર્પણનો ગરીમામય કાર્યક્રમ યોજાશે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પોરબંદર જિલ્લામાં કુલ રૂ.૩૫૬.૮૨ કરોડથી વધુના ખર્ચે ૪૫ જેટલા વિકાસલક્ષી કાર્યોની ભેટ નાગરિકોને અર્પણ કરવામાં આવશે. જેમાં અંદાજે રૂ. ૨૬૩.૭૧ કરોડના ખર્ચે તૈયાર થનારા ૧૬ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને રૂ.૯૩.૧૧ કરોડના ૨૯ કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે.

આ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સમાં વિવિધ વિભાગોના જનહિતલક્ષી કાર્યોનો સમાવેશ થાય છે. જેમાં મુખ્યત્વે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના ૪ કામ રૂ. ૧૦૭૫.૦૦ ના લોકાર્પણ અને ૧૧ કામ રૂ.૨૨૭૦૫.૫૯ ના ખાતમુહર્તઆમ કુલ ૧૫ કામ રૂ.૨૩૭૮૦.૫૯ કરોડથી વધુના કામો,

માર્ગ અને મકાન વિભાગના રૂ. ૭૩.૯૭ કરોડથી વધુના ૧૪ કામોમાં જેમાં ૧૦ કામો રૂ.૫૭૩૨.૦૦ ના લોકાર્પણ અને ૪ કામો રૂ.૧૬૬૫.૦૦ ના ખાતમુહૂર્ત જ્યારે એક કામ વન અને પર્યાવરણ વિભાગ હેઠળ રૂ. ૨૦ કરોડના ખર્ચે તૈયાર થનાર 'સર્વોદય વન', ના ખાતમુહૂર્ત થશે.જ્યારે ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના ૧૪ કામો રૂ. ૨૦૫૬.૨૫ ના પૂર્ણ થતા તેમના લોકાર્પણ થવાના છે જ્યારે શ્રમ અને રોજગાર વિભાગના રૂ. ૪૪૮. ૨૯ કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટ્સ સામેલ છે.



આ ગરિમામય અવસરે મુખ્યમંત્રી ની સાથે જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ વન અને પર્યાવરણ મંત્રી અર્જુન ભાઈ મોઢવાડિયા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે.

જિલ્લા કલેક્ટર એસ. ડી. ધાનાણીએ પત્રકાર પરિષદ યોજીને મુખ્યમંત્રીના આ પ્રવાસની વિગતો માધ્યમોને આપી હતી અને જિલ્લાના સર્વે નાગરિકોને જિલ્લાના વિકાસના આ વિશેષ કાર્યક્રમમાં હાજરી આપવા હાર્દિક અનુરોધ કર્યો હતો.

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન પોરબંદર જિલ્લામાં વિકાસના કાર્યો એ જ ગતિએ થયા છે એટલું જ નહીં પોરબંદર જિલ્લાનો પ્રવાસન ક્ષેત્રે વિકાસ થાય તે માટે સર્વાંગી કાર્યો પણ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવીયા પણ કેન્દ્રીય મંત્રી હોય , tv રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી જિલ્લામાંવિકાસલક્ષી પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યા છે અને જેનો લાભ જિલ્લાના લોકોને મળી રહ્યો છે.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

## રાજકોટ ગ્રામ્ય જિલ્લાની એસ.ઓ.જી. શાખાએ એક મોટી કાર્યવાહી હાથ ધરાઈ

# લોધિકામાં ખેતીવાડીની નકલી જંતુનાશક દવાઓ બનાવતી ત્રણ ફેક્ટરીઓ ઝડપાઈ: ૨૫.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત

## ઝડપાયેલા આરોપીઓ સામે કોપીરાઇટ એક્ટ અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી

• રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાની એસ.ઓ.જી. શાખાએ એક મોટી કાર્યવાહી કરતા લોધિકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ત્રણ અલગ-અલગ ફેક્ટરીઓ પર દરોડા પાડી ખેતીવાડીમાં વપરાતી ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. આ ઓપરેશન દરમિયાન પોલીસે કુલ રૂ. ૨૫,૦૭,૯૦૦/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સોની અટકાયત કરી છે.

મળતી માહિતી મુજબ, લોધિકા વિસ્તારમાં આવેલી એડીકોન પેસ્ટીસાઈડ્સ પ્રા.લી., શક્તિ કેમીકલ અને ગ્રીન ભારત કેમીકલ નામની ફેક્ટરીઓમાં જાણીતી કંપની 'યુનાઈટેડ ફોસ્ફરસ લીમીટેડ' (UPL) ના નામે ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ બનાવવામાં આવતી હતી. આ ફેક્ટરીઓમાં ટેકનિકલ કન્ટેન્ટ વાળી નકલી દવાઓ તૈયાર કરી ખેડૂતો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી હતી.



ઝડપાયેલ મુદ્દામાલ અને આરોપીઓ

પોલીસે આ દરોડા દરમિયાન 'Sodium acifluorfen 16.5% + Coldinafop-propargyl 8% EC' ટેકનિકલ કન્ટેન્ટ વાળી ડુપ્લીકેટ દવાઓનો જથ્થો તેમજ 'Staretine' અને 'Aris' લખેલ બેરલ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં પોલીસે નીચે મુજબના ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે:

ઝડપાયેલા આરોપીઓમાં ૧. ધ્રુવલભાઈ રસીકભાઈ પટોડીયા(ઉ.વ. ૨૭) ૨ ધવલભાઈ ગોરધનભાઈ કોરાટ (ઉ.વ. ૨૮) ૩. સાહીલભાઈ સુરેશભાઈ ટીબડીયા (ઉ.વ. ૩૦) ૪. કશ્યપભાઈ મગનભાઈ આકોલીયા (ઉ.વ. ૩૫)નો સમાવેશ થાય છે.

ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી.ની અલગ-અલગ ટીમો બનાવી આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ઝડપાયેલા આરોપીઓ સામે કોપીરાઈટ એક્ટ અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. લોધિકા પોલીસ અને એસ.ઓ.જી.ના સંયુક્ત પ્રયાસોથી ખેતીવાડી ક્ષેત્રે ચાલતા આ મોટા રેકેટ ઝડપાયું હતું.

# ત્રણ દિવસમા બીજી ઘટના : ડભોઈમાં આખલાઓનું 'યુદ્ધ' એક કલાક સુધી મચાવ્યો

## નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા

• ફકીરા ખત્રી ડભોઈ

ત્રણ દિવસ મા બીજી ઘટના ડભોઈ માં આખલાઓનું 'યુદ્ધ' એક કલાક સુધી મચાવ્યો આતંક નગરપાલિકાની કામગીરી સામે જનરોષ ડભોઈ શહેરમાં છેલ્લા ચાર દિવસથી રખડતા ઢોરોનો ત્રાસ અસહ્ય બની ગયો છે. શહેરના વ્યસ્ત ગણાતા રેલ્વે ફાટક અને રાણાની હોટલ પાસે ગત રાત્રે બે આખલાઓ વચ્ચે સર્જાયેલા ભયાનક જંગને કારણે એક કલાક સુધી અફરાતફરીનો માહોલ રહ્યો હતો. ત્રણ દિવસમાં આ બીજી એવી ઘટના છે જેમાં નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા હોય ડભોઈ શહેર માં રેલ્વે ફાટક બહાર, રાણાની હોટલ પાસે સમય: રાત્રે ૦૮:૦૦ કલાકે શરૂ થયેલું 'યુદ્ધ' સતત એક કલાક ચાલ્યું નુકસાન: રોડ પર પાર્ક કરેલી બાઈકો અને લારીઓના ફુરચા નીકળી ગયા.

ભયાનક દ્રશ્યો અને લોકોમાં ફફડાટ પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે બે કદાવર આખલાઓ અચાનક સામસામે આવી ગયા હતા અને એકબીજા સાથે શીંગડા ભેરવી યુદ્ધે ચઢ્યા હતા. આ લડાઈ એટલી હિંસક હતી કે આસપાસના વાહનચાલકો અને



રાહદારીઓ થંભી ગયા હતા. આખલાઓ લડતા-લડતા પાર્ક કરેલા વાહનો પર પડતા વાહનોને ભારે નુકસાન થયું હતું. ગભરાટના માર્યા કોઈ નજીક જવાની હિંમત કરી શકતું નહોતું. સ્થાનિકોએ પાણીનો મારો ચલાવી આખલાઓને છૂટા પાડ્યા લાંબા સમય સુધી આતંક મચાવ્યા બાદ, સ્થાનિક લોકોએ હિંમત ભેગી કરી આખલાઓને છૂટા પાડવા પ્રયાસો કર્યા હતા. લોકોએ લાકડીઓ અને પાણીનો મારો ચલાવ્યો હતો, તેમ છતાં આખલાઓ કાબૂમાં આવતા નહોતા. ભારે જહેમત બાદ બંનેને અલગ કરી શકાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો નગરપાલિકાની કામગીરી માત્ર 'કાગળ પર 'સ્થાનિક રહીશોમાં નગરપાલિકા પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોના આક્ષેપ મુજબ ઢોર પકડવાની ઝુંબેશ માત્ર એક-બે દિવસનો દેખાડો બનીને રહી ગઈ છેશહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઢોરોનો જમાવડો દિન-પ્રતિદિન વધી રહ્યો છે વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર આયોજન કરવામાં આવતું નથી નગરજનો નો શું નગરપાલિકા કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈ રહી છે તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી ક્યારે જાગશે.

# ઈન્સ્ટાગ્રામ માં ખરાબ કન્ટેન્ટ પડ્યું ભારે: પોલીસે યુવાનને સબક શીખવાડતા હાથ જોડી માફી માંગી

## પોરબંદરમાં અપશબ્દોવાળું ગીત અપલોડ મામલે પોલીસની કાર્યવાહી : વીડિયો ડિલીટ, ફરી આવી ભૂલ ન કરવાની આપી ખાતરી

• ગોસા(ઘેડ) તા. ૧૮/૦૩/૨૦૨૬

પોરબંદર ખાતે સોશિયલ મીડિયામાં અપશબ્દોવાળું ગીત અપલોડ કરનાર યુવાનને પોલીસે બોલાવી સમજ આપતા, તેણે જાહેરમાં માફી માંગી હતી.



મળતી માહિતી મુજબ, પોરબંદર માં સોશિયલ મીડિયા પર એક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પરથી અપશબ્દો ભરેલું ગીત અપલોડ કરવામાં આવ્યું હતું. આ ગીત સાંભળનાર મહિલાઓ, બાળકો તથા વૃદ્ધોમાં નારાજગી ફેલાય તેવી સ્થિતિ ઊભી થઈ હતી અને શહેરની છબી પર પણ પ્રતિકૂળ અસર થતી હતી.

કમલાબાગ પોલીસે તપાસ હાથ ધરતા જય બુઢાણી નામના યુવાને આ ગીત અપલોડ કર્યું હોવું સામે આવ્યું હતું. બાદમાં તેને કમલાબાગ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી કાયદાની સમજ આપી હતી તથા આવા અશ્લીલ અને અયોગ્ય કન્ટેન્ટ ફરીથી અપલોડ ન કરવા ચેતવણી આપવામાં આવી હતી.

આ બનાવ અંગે યુવાને પોતાની ભૂલ સ્વીકારી, હાથ જોડીને પોરબંદરવાસીઓની માફી માંગી હતી તેમજ સંબંધિત વીડિયો ડિલીટ કરી દીધો હતો.

પોરબંદર પોલીસ દ્વારા સોશિયલ મીડિયા યુઝર્સને અપીલ કરવામાં આવી છે કે સકારાત્મક અને સારા કન્ટેન્ટને પ્રોત્સાહન આપવું જોઈએ અને આવા અયોગ્ય અથવા અપશબ્દોવાળા કન્ટેન્ટ અપલોડ કે શેર કરવાથી દૂર રહેવું જોઈએ.

રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

# કુકાવાવ તાલુકાના જીથુડી ગામ ખાતે હીટાસી મશીન દ્વારા તળાવ ઊંડા કરવા નું ખાતે મુહેત કરવામાં આવ્યું



જીથુડી ખાતે જળ સંચય અભિયાન નો આરંભ કરવામાં આવ્યો. જીથુડી ગામના સરપંચ હિંમતભાઈ રામાણી તેમજ ગ્રામ પંચાયતની ટીમ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ખાતે મુહેત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

જીથુડી ગામ ના ઊંડા તળાવ ભરવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ તેમજ અમરેલી કુકાવાવના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા નો જીથુડી ના સરપંચ હિંમતભાઈ રામાણી તેમજ ગ્રામ પંચાયતની ટીમ અને ગ્રામજનોએ આભાર માન્યો હતો અને તળાવ ઊંડા કરવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યો હતુ. હિટાસી મશીન આવવાથી ગામના તળાવ ઊંડા થાય તે માટે ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

-અહેવાલ પ્રકાશ વઘાસિયા કુકાવાવ.

## ડભોઈ પડતર માંગણીઓને લઈ આંગણવાડીની બહેનોના વિરોધ ના મંડાણ, 199 કેન્દ્રો પર કામગીરી ઠપ્પ

# ડભોઈ ખેતીવાડી બજાર સમિતિ ખાતે આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શિત કર્યો

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ પડતર માંગણીઓને લઈ આંગણવાડીની બહેનોના વિરોધ ના મંડાણ, 199 કેન્દ્રો પર કામગીરી ઠપ્પ ડભોઈ ખેતીવાડી બજાર સમિતિ ખાતે આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનોએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શિત કર્યો; 3 દિવસની હડતાળની જાહેરાત.ડભોઈ શહેર અને તાલુકાની આંગણવાડીની મહિલા કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓ અને વહીવટી મુશ્કેલીઓને મુદ્દે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. ડભોઈ ખેતીવાડી બજાર સમિતિ (APMC) ખાતે મોટી સંખ્યામાં એકત્ર થયેલી આંગણવાડી બહેનોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. આ આંદોલનને પગલે આગામી ત્રણ દિવસ સુધી શહેર અને તાલુકાના તમામ આંગણવાડી કેન્દ્રોની કામગીરી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિરોધના મુખ્ય કારણો અને માંગણીઓ આંદોલન કરી રહેલી આશરે 400 જેટલી મહિલા કર્મચારીઓની મુખ્ય ફરિયાદો નીચે મુજબ છે ટેકનિકલ સમસ્યાઓ: આંગણવાડીની તમામ કામગીરી હાલમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા કરવામાં આવે છે. પરંતુ જૂના મોબાઈલ વારંવાર હેંગ થતા હોવાથી અને એપ્લિકેશનમાં સતત ટેકનિકલ ખામીઓ સર્જાતી હોવાથી બહેનો હેરાન પરેશાન છે.નવા મોબાઈલની માંગ: લાંબા સમયથી નવા મોબાઈલની માંગ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. વેતન વધારો: લાંબા સમયથી અટવાયેલા વેતન વધારાના પ્રશ્નોનું હજુ સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી.ICDS કચેરીનું દબાણ: બહેનોએ જણાવ્યું હતું કે 5 માર્ચથી ઓનલાઈન કામગીરી બંધ રાખવાનો લેખિત નિર્ણય જણાવ્યો હોવા છતાં, ICDS કચેરી દ્વારા કામગીરી કરવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું છે ડભોઈ તાલુકાના 199 કેન્દ્રો પર કામ કરતા 400 જેટલા કર્મચારીઓ કામગીરીથી અળગા રહેતા પાયાના સ્તરની પોષણ અને શિક્ષણની કામગીરી પર માઠી અસર પડી છે મહિલા કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર દ્વારા વહેલી તકે આ પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવવામાં આવે, તો આગામી સમયમાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. અત્યારે ખેતીવાડી બજાર સમિતિ ખાતે 'પલાઠી જમાવીને' બેઠેલી આ બહેનો પોતાની માંગણીઓ સંતોષાય તેની રાહ જોઈ રહી છે.



# તીર્થક્ષેત્ર ચાંદોદ ખાતે રેલવે કોલોની માં રહેતી પરણીતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### લગ્ન જીવનના ત્રણ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં જ પરણીતાએ ગળે ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લેતા અનેક રહસ્યો સર્જાયા

• ફકીરા ખત્રી ડભોઈ

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર મૂળ વતન રાજસ્થાન રાજ્યના સવાઈ માધોપુર જિલ્લો, તાલુકા બામનવાસ, ગામ મહરાવંડ ના રહેવાસી રાહુલસિંગ કૈલાશચંદ ખંગાર ના લગ્ન સામાજિક રીત રિવાજ મુજબ ગામ કેમા, તાલુકો નાંદોદી, જિલ્લો તરોલી (રાજસ્થાન) ના રહેવાસી મેવારામ કિશનલાલ ખંગાર ની નાની દીકરી કોમલ સાથે 29 નવેમ્બર 2023 ના રોજ થયા હતા રાહુલ ખંગાર ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાના ચાંદોદ ખાતે રેલવે વિભાગમાં ટ્રેક મેન્ટેનર તરીકે નોકરી કરતો હોય ચાંદોદ ના જુના રેલવે સ્ટેશન ખાતે આવેલી રેલવે કોલોની માં બ્લોક-1 મકાન-નં



F માં પત્ની કોમલ સાથે રહેતો હતો ગતરોજ રાહુલ નોકરીએથી સાંજના આશરે 5:30 વાગ્યાની આસપાસ ક્વોટર્સ પર આવ્યો ત્યારે રસોડામાં છતના ભાગે લોખંડના હુકમાં ઓઢણી લગાવી પત્ની કોમલે ગળે ફાંસો લગાવ્યો હોવાનું જણાઈ આવતા તેને તાત્કાલિક ચાંદોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને જ્યાંથી મોટા ફોફળિયા હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી રાહુલ કૈલાશચંદ ખંગારે જે બાબતની ફરીયાદ ચાંદોદ પોલીસ માં આપતા પોલીસે તપાસ હાથ ધરી કોમલના મૃતદેહને પીએમ અર્થે ડભોઈ સરકારી દવાખાને ખસેડી ઝીણવટ ભરી તપાસ આદરી હતી

દીકરી મૃત્યુ પામ્યા ના સમાચાર જાણી દોડી આવેલા પિતા મેવારામ કિશનલાલ ખંગાર સહિતના પરિજનોએ દીકરીના મોત માટે ઘર કંકાશ, મેણા ટોણા તેમજ શારીરિક માનસિક ત્રાસ આપી દીકરીને હેરાન પરેશાન કરવામાં આવતી હતી જેથી તેને આવું પગલું ભરવા મજબૂર થવું પડ્યું હોવાની હકીકત પોલીસને જણાવી હતી

# યુનિક-તપોવન દ્વારા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે સાયન્સ એપ્ટીટ્યુડ કમ સ્કોલરશીપ ટેસ્ટનું આયોજન

ઈડર ખાતે આવેલી યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા તપોવન વિદ્યામંદિર સંકુલ, હિંમતનગર દ્વારા સંયુક્ત આયોજન હેઠળ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે "સાયન્સ એપ્ટીટ્યુડ કમ સ્કોલરશીપ ટેસ્ટ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ ઈડર ખાતે યોજાનાર છે.પરીક્ષાનો મુખ્ય હેતુ ધોરણ-૧૦ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ અને ૧૨ના સાયન્સ પ્રવાહ (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ)માં પ્રવેશ માટે માર્ગદર્શન આપવાનો તેમજ NEET-JEE અથવા બોર્ડ તથા GUJCET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યોગ્ય દિશામાં પ્રોત્સાહિત કરવાનો છે. આ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ૧૫ વિદ્યાર્થીઓને ફીમાં ૧૦% થી લઈને ૧૦૦% સુધીની આકર્ષક સ્કોલરશીપ આપવામાં આવશે. લેખનીય છે કે આ પરીક્ષા તા. ૧૯/૦૩/૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે યોજાશે.

દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા.

ભક્તિ

### ગૂડી ઊભી કરવાના સ્થાન પર સાથિયો પૂરીને તેના મધ્યબિંદુ પર હળદર-કંકુ ચઢાવવું

# ગૂડી ઊભી કરવાની પદ્ધતિ અને તેની પાછળનું શાસ્ત્ર

ચૈત્ર સુદ એકમના દિવસે ગૂડીપડવો અર્થાત્ હિંદુના નવા વર્ષનો આરંભ થાય છે.

અન્ય દિવસોની તુલનામાં દિવસે બ્રહ્મદેવ પાસેથી સત્વગુણ, ચૈતન્ય, જ્ઞાન લહેરો અને સગુણ-નિર્ગુણ બ્રહ્મતત્વનું ૫૦ ટકાથી પણ અધિક પ્રક્ષેપણ થાય છે.

પ્રક્ષેપણ ગ્રહણ કરવા માટે જ બારણાં સામે ગૂડી (ધજા) ઊભી કરવામાં આવે છે.

ગૂડી ઊભી કરવાની પદ્ધતિ

'ગૂડી ઊભી કરતી વેળાએ તે ઘરનાં મુખ્ય બારણાની બહાર;

પણ ઉંબરાને સંલગ્ન (ઘરની અંદરથી જોવાથી) જમણી બાજુએ ઊભી કરવી. જમણી બાજુ એટલે જીવની કાર્યરત સ્થિતિ.

અ. ગૂડી ઊભી કરતી વેળાએ સર્વપ્રથમ છાણ-પાણીથી છાંટણું-લીંપણ કરીને આંગણામાં રંગોળી પૂરીને આંગણું સુશોભિત કરવું.

ગૂડી ઊભી કરવાના સ્થાન પર સાથિયો પૂરીને તેના મધ્યબિંદુ પર હળદર-કંકુ ચઢાવવું.

આ. ગૂડી ઊભી કરતી વેળાએ બ્રહ્માંડમાં રહેલી શિવ-શક્તિની લહેરોને આવાહન કરીને તેની સાથિયા પર સ્થાપના કરવી.

તેને કારણે ગૂડીની ટોચ પર રહેલાં સર્વ ઘટકોને દેવત્વ પ્રાપ્ત થાય છે.

ગૂડીની નમેલી સ્થિતી

ગૂડીના વાંસની જમીન પર અડાડેલી ટોચ

ગૂડીના વાંસની ટોચ જમીન પર; પણ ઉંબરાને સંલગ્ન રાખીને ઊભી કરી હોવાથી વાંસના માધ્યમ દ્વારા સાત્વિક લહેરોના ભૂમિમાં



થનારા પ્રભાવી સંક્રમણને કારણે જમીનમાંથી ઊર્ધ્વ દિશા ભણી પ્રક્ષેપિત થનારી ત્રાસદાયક લહેરોનો પ્રવાહ અટકાવી દેવામાં આવે છે.

તેને કારણે ઉંબરા પાસેનું વાયુમંડળ પણ સાત્વિક બનવામાં સહાયતા થાય છે.આવી રીતે ગૂડીને કારણે ઘર, તેમજ ઘરફરતેનું વાયુમંડળ પણ ચૈતન્યમય બને છે.

કડવા લીમડાના પાન

આ પાનનાં રંગકણોના માધ્યમ દ્વારા રજોગુણી શિવ અને શક્તિની લહેરોનું વાયુમંડળમાં પ્રભાવી પ્રક્ષેપણ ચાલુ થાય છે.

આવી રીતે તાંબાના કલશ દ્વારા સંક્રમિત થયેલી નિર્ગુણ કાર્યરત લહેરોનું કડવા લીમડાના પાનનાં સ્તર પર સગુણ લહેરોમાં રૂપાંતર થાય છે.

તાંબાનો કલશ

ગૂડી પર રહેલા તાંબાના કલશની બ્રહ્માંડમાંના ઉચ્ચ તત્વો સાથે સંબંધિત સાત્વિક લહેરો ગ્રહણ અને પ્રક્ષેપણ કરવાની ક્ષમતા અધિક હોવાથી સદર કલશ દ્વારા પ્રક્ષેપિત થનારી સાત્વિક લહેરોને કારણે કડવા લીમડાના પાનમાંના રંગકણો કાર્યરત થવામાં સહાયતા થાય છે.

કલશનું મોઢું ભૂમિ ભણી હોવાથી તાંબાના કલશના પોલાણ દ્વારા પ્રક્ષેપિત થનારી લહેરોને આકર્ષણશક્તિને કારણે સદર રૂપાંતરિત સગુણ ઉર્જાપ્રવાહ ભૂમિની દિશામાં સંક્રમિત થવા માટે સહાયતા થાય છે.

કલશ પર સ્વસ્તિક શા માટે દોરવું ?

સાથિયો શુભચિહ્ન છે. સાથિયામાંથી સાત્ત્વિક અને ચૈતન્યદાયી સ્પંદનો બહાર નીકળે છે.

તે માટે કલશ પર કંકુથી સ્વસ્તિક દોરવું.

સંદર્ભ : સનાતનનો ગ્રંથ 'તહેવાર, ધાર્મિક ઉત્સવ અને વ્રતો'

સંપર્ક : 9913062014

### ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના શ્રમિકો જ્યારે રોજગારીની શોધમાં પરપ્રાંત જતાં હોય છે, ત્યારે ઘણીવાર વિષમ પરિસ્થિતિઓમાં ફસાઈ જવાની ઘટનાઓ સામે આવતી હોય છે

# ડાંગ પોલીસનું 'ઓપરેશન મિલાપ': મહારાષ્ટ્રમાં સંપર્ક વિહોણા બનેલા ૨૦ શ્રમિકોનું પરિવાર સાથે સુખદ મિલન

**ત્વરિત કાર્યવાહી** છેલ્લા એક અઠવાડિયાથી આ શ્રમિકોનો તેમના પરિવાર સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક થઈ શકતો ન હતો

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના શ્રમિકો જ્યારે રોજગારીની શોધમાં પરપ્રાંત જતાં હોય છે, ત્યારે ઘણીવાર વિષમ પરિસ્થિતિઓમાં ફસાઈ જવાની ઘટનાઓ સામે આવતી હોય છે. આવી જ એક સંવેદનશીલ ઘટનામાં, ડાંગ જિલ્લા પોલીસની સમયસૂચકતા અને ત્વરિત કાર્યવાહીને કારણે મહારાષ્ટ્રમાં સંપર્કવિહોણા બનેલા ૨૦ શ્રમિકોને હેમખેમ પરત લાવી તેમના પરિવાર સાથે મિલાપ કરાવવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, આહવા પોલીસ સ્ટેશન વિસ્તારના કડમાળ ગામના કુલ ૨૦ જેટલા શ્રમિકો રોજગારી મેળવવાના આશયથી પડોશી રાજ્ય મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સટાણા તાલુકાના બામણગાવ ખાતે મજૂરી કામે ગયા હતા. જોકે, છેલ્લા એક અઠવાડિયાથી આ શ્રમિકોનો તેમના પરિવાર સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક થઈ શકતો ન હતો. લાંબા સમય સુધી વાતચીત ન થતા શ્રમિકોના પરિવારો ચિંતાતુર બન્યા હતા.

આ ગંભીર પરિસ્થિતિ અંગે ગામના સામાજિક અગ્રણી સુરેશભાઈ ચૌધરીએ ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક (SP) પુજા યાદવ (IPS) નો સંપર્ક સાધ્યો હતો અને સમગ્ર હકીકતથી માહિતગાર કર્યા હતા. ઘટનાની ગંભીરતાને સમજીને, સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સીંહ (IPS) અને SP પુજા યાદવના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક 'ઓપરેશન મિલાપ' હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી માટે આહવા



વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી ની સીધી દેખરેખ હેઠળ આહવા પોલીસની ખાસ ટીમો બનાવવામાં આવી હતી.

આંતરરાજ્ય સંકલન અને સફળતા

ડાંગ પોલીસે મહારાષ્ટ્રની સટાણા પોલીસનો સંપર્ક સાધી ટેકનિકલ સર્વેલન્સ અને સ્થાનિક કડીઓ જોડી શ્રમિકોનું લોકેશન મેળવ્યું હતું. આહવા પોલીસની ટીમ તાત્કાલિક મહારાષ્ટ્ર રવાના થઈ હતી અને સ્થાનિક પોલીસની મદદથી તમામ ૨૦ શ્રમિકોને સુરક્ષિત રીતે શોધી કાઢ્યા હતા. તમામ શ્રમિકોને આહવા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમના પરિવારો અગાઉથી જ આશાભરી નજરે રાહ જોઈ રહ્યા હતા. પોલીસની હાજરીમાં જ્યારે શ્રમિકો અને તેમના પરિવારજનો એકબીજાને મળ્યા ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

લોકોનો પોલીસ પ્રત્યે આભાર

પોલીસની આ સરાહનીય અને માનવીય અભિગમવાળી કામગીરીને કારણે કડમાળ ગામના લોકો અને શ્રમિકોના પરિવારોમાં ખુશીની લહેર દોડી ગઈ છે. ગ્રામજનોએ ડાંગ પોલીસની કાર્યક્ષમતાની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, જો પોલીસે સમયસર હસ્તક્ષેપ ન કર્યો હોત તો મોટી મુશ્કેલી સર્જાઈ શકી હોત.

આ કામગીરીથી ડાંગ પોલીસે સાબિત કર્યું છે કે 'સેવા, સુરક્ષા અને શાંતિ'ના સૂત્રને તેઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે.

# ડાંગના 20 મજૂરોને મહારાષ્ટ્રમાં બંધક બનાવવાના ગંભીર આક્ષેપ, પરિવારજનોમાં ચિંતા

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના કડમાળ ગામના આશરે 20 મજૂરોને મહારાષ્ટ્ર રાજ્યમાં ગેરકાયદેસર રીતે બંધક બનાવી રાખવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે પીડિત પરિવારજનો દ્વારા ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત ફરીયાદ આપવામાં આવી છે.

ફરીયાદી બાલુભાઈ સોમન્યાભાઈ પવારે જણાવ્યા મુજબ, આરોપી સચીન પોપટ ઘોડસે (રહે-ખેરવાડી, તા. કરજત, જિ. અહમદનગર) અને સુનીલભાઈ માહર્યાભાઈ સોનવણે (રહે-ચાવડીપાડા, તા. નવાપુર, જિ. ધુલીયા) દ્વારા આશરે છ મહિના પહેલા કડમાળ ગામમાં આવી મજૂરોને શેરડી કાપણીના કામ માટે મહારાષ્ટ્ર લઈ જવાની ઓફર કરી હતી.

સારી મજૂરી આપવાની લાલચ આપતા ગામના કુલ 20 મજૂરો તથા તેમના પરિવારજનો, જેમાં મહિલાઓ અને નાના બાળકો પણ સામેલ છે, તેમને કરજત તાલુકાના ખરવાડી વિસ્તારમાં લઈ જવામાં આવ્યા હતા. મજૂરો દ્વારા છેલ્લા પાંચ મહિના સુધી સતત કામ કરવામાં આવ્યું હતું અને તા. 10 ફેબ્રુઆરી



2026ના રોજ કામ પૂર્ણ થયું હતું.

પરંતુ કામ પૂર્ણ થયા બાદ મજૂરોને તેમની મજૂરીની રકમ ચૂકવવાને બદલે, તેમને ત્યાં જ રોકી રાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. મજૂરોના કહેવા મુજબ તેઓએ રૂ. 6 લાખથી વધુનું કામ કર્યું હોવા છતાં, આરોપીઓ દ્વારા નાણા ચૂકવવામાં આવ્યા નથી અને તેઓને પાછા ઘરે આવવા દેવામાં આવતું નથી. ફરીયાદ મુજબ, આરોપીઓએ આસપાસના લોકોની મદદથી મજૂરોને ઘેરી રાખ્યા છે અને છેલ્લા 35 દિવસથી તેમને ગેરકાયદેસર રીતે બંધક બનાવી રાખ્યા છે. મજૂરોને ખાવા-પીવાની પૂરતી વ્યવસ્થા પણ આપવામાં આવતી નથી અને બહાર જવાની કોશિશ કરે તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. આ બનાવને કારણે મજૂરોના પરિવારજનોમાં ભારે ચિંતા અને ભયનો માહોલ છવાયો છે. ખાસ કરીને નાના બાળકોની સ્થિતિ અંગે પરિવારજનો અત્યંત વ્યથિત છે. ફરીયાદી દ્વારા જિલ્લા પોલીસને તાત્કાલિક કાર્યવાહી કરી તમામ મજૂરોને સુરક્ષિત રીતે મુક્ત કરાવવા અને તેમની બાકી મજૂરીની રકમ આશરે રૂ. 6 લાખ અપાવવાની માંગ કરવામાં આવી છે.

હાલ પોલીસ તંત્ર દ્વારા ફરીયાદના આધારે તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા અંગે વેબસાઈટ શરૂ કરાઈ : રજીસ્ટ્રેશન વિનામૂલ્યે રહેશે

### પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને 'yatradhamportal.gujarat.gov.in' પર રજીસ્ટ્રેશન કરવા જાહેર અપીલ

• રાજપીપલા

નર્મદા જિલ્લામાં દર વર્ષે ફાગણ વદ અમાસથી ચૈત્ર વદ અમાસ સુધી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા યોજાય છે. આ વર્ષે પણ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા તા. ૧૯/૦૩/૨૦૨૬ થી તા.૧૮/૦૪/૨૦૨૬ સુધી યોજાનાર છે. ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાના સુચારૂ આયોજન માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એક વેબસાઈટ બનાવવામાં આવી છે. જેનું URL :- 'yatradhamportal.gujarat.gov.in' છે.

આ વેબસાઈટમાં એક સાથે એક વ્યક્તિ અન્ય ૬ નામોનું રજીસ્ટ્રેશન કરી શકે છે. તેમજ સમગ્ર પરિક્રમા દરમિયાન એક પરિક્રમાર્થી અલગ અલગ ૭ સ્લોટમાં મહત્તમ ૪૯ પરિક્રમાર્થીઓનું રજીસ્ટ્રેશન કરી શકશે. આ રજીસ્ટ્રેશન માટે કોઈપણ ફી ચુકવવાની રહેતી નથી.

રજીસ્ટ્રેશન કરનાર મુખ્ય પરિક્રમાર્થીના



મોબાઈલમાં ટેકસ્ટ અને ઈ-મેઈલથી રજીસ્ટ્રેશન કર્યા અંગેનો QR કોડ આવશે. જેની પ્રિન્ટ તેઓએ સાથે લઈને આવવાની રહેશે. જે રજીસ્ટ્રેશન QR Code પરિક્રમા શરૂ થતા પહેલાં Scan કરવામાં આવશે. જે પણ પરિક્રમાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલું હશે તેમને પરિક્રમા અંગે તંત્ર દ્વારા બહાર પાડવામાં આવતી મહત્વની માહિતી ટેકસ્ટ મેસેજ કે ઈ-મેઈલ દ્વારા મેળવી શકાશે તેથી આ વર્ષે પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને અવશ્ય રજીસ્ટ્રેશન કરવા માટે વહીવટી તંત્ર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

# સંતશ્રી મોરારીબાપુ

કચ્છની રેતાળ ધરતી પુકારે બાપુને ફરી
આવોને સંતશિરોમણી મોરારીબાપુ ફરી.
મોરારી બાપુ નો મધ મીઠો મધુરો સ્વર
હેતાળ કચ્છી માડૂ ને સાંભળવો છે ફરી.
સાદગીનો સાગરને નિર્મળ ચિતવાળા,
બાપુ, કથા શ્રોતાઓ ને સંભળાવો ફરી.
રામાયણ નું જીવન રૂપી ભાથું રેલાવી,
કચ્છધરાને સુગંધિત પાવન કરો ફરી.
કચ્છમાં નાતજાતનો અંધકાર દૂર કરી,
માનવતા નો દીવડો ઝગમગાવો ફરી.
આપના શબ્દે શબ્દે અમૃતની વર્ષા કરી,
દુ:ખી દલડાંને પુલકિત-પાવન કરો ફરી.
કચ્છીઓને રામકથામાં રસબોળ કરીને,
એમની જીવન નૈયાને પાર ઉતારો ફરી.
વેદોની વાણીઓ રૂપી ભક્તિરસ લઈને,
સત્ય-પ્રેમ-કરૂણાની જ્યોત જલાવો ફરી.
અનુભવરૂપી શુભાશિષોનું પોટલું લઈને,
મારા કચ્છ ની ભૂમિનું કલ્યાણ કરો ફરી.
'નિશુ'કે માધાપર કચ્છ ધરામાં આવીને
કચ્છમાં 'રામનામ'ની ધૂન ગૂંજાવો ફરી.
નિશા ભરતભાઈ ઠાકર 'નિશુ'ના
જય સિયારામ
ભુજ - કચ્છ -ગુજરાત.
મોબાઈલ : 7990298954.

### જામનગરનો 174 વર્ષ જૂનો ઐતિહાસિક ભુજિયો કોઠો તેની ભવ્યતા સાથે નવા રંગરૂપમાં તૈયાર

# 19 માર્ચથી પ્રવાસીઓ મુલાકાત લઈ શકશે, ફેઝ-2માં ખંભાળીયા ગેટ, ભુજિયો કોઠો અને લાખોટા મ્યુઝિયમને હેરિટેજ ચેઈન દ્વારા જોડાશે

• ગાંધીનગર

જામનગરના ઐતિહાસિક ભુજિયા કોઠાને 19 માર્ચ 2026થી પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે. આ ઐતિહાસિક ઈમારત એક સમયે સૌરાષ્ટ્રની સૌથી ઊંચી ઈમારત ગણાતી હતી જે આ પ્રદેશના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને સંવર્ધન માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. જામનગરના આ ઐતિહાસિક વારસાને પણ 2001ના ભૂકંપમાં નુકસાન થયા બાદ જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી



શહેરી વિકાસ યોજના અંતર્ગત 25 કરોડના ખર્ચે ભુજિયા કોઠાના રિસ્ટોરેશન, કન્ઝર્વેશન, કન્સોલિડેશન અને રિ-પ્રોડક્શનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભુજિયા કોઠાના વારસાને તેના ઐતિહાસિક ગૌરવ સાથે પ્રસ્થાપિત કરવા માટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ( ASI ) સાથે સંકલનમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી અને તેના ફેઝ-1નું લોકાર્પણ 20 સપ્ટેમ્બર 2025ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ભુજિયા કોઠાનું નિર્માણકાર્ય 1839થી 1852 દરમિયાન કરવામાં આવ્યુ હતું. તે સમયે આ ઈમારતનો ઉપયોગ સુરક્ષા અને સંદેશાવ્યવહાર માટે થતો હતો. વર્ષ 2001માં આવેલા ભૂકંપથી આ ઈમારતને ક્ષતિ પહોંચી હતી. ભુજીયા કોઠાનું સ્થાપત્ય, કલાત્મક બારી, ખડકી,ઝરુખા અને રંગમંડપને સદીઓ જૂની પરંપરાગત તકનીકો અનુસાર અથાગ પ્રયાસ દ્વારા ઐતિહાસિક સ્વરૂપ આપવામાં સફળતા મળી છે. આ ભવ્ય ઈમારત તેના મૂળ સ્વરૂપમાં આકાર લઈ શકે તેથી રિસ્ટોરેશન કાર્યમાં ચૂનો, ગુગળ, મુલતાની માટી, ગોખરૂ, અરીઠા, સિંદૂર સહિતની કુદરતી સામગ્રીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

હેરિટેજ ચેઈનથી જામનગરના વારસાનું સંરક્ષણ

જામનગરના હેરિટેજ વારસાને સંરક્ષિત કરવા માટે આ કામગીરીના ફેઝ 2માં ખંભાળીયા ગેટ, ભુજિયો કોઠો અને રણમલ તળાવ વચ્ચેના લાખોટા મ્યુઝિયમને હેરિટેજ ચેઈન દ્વારા જોડવામાં આવી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં આ તમામ ઐતિહાસિક સ્થળોએ એક જ એન્ટ્રી પોઈન્ટથી જઈ શકાશે અને તેના માટેની કામગીરી અત્યારે પ્રગતિમાં છે.

## ગુડી પાડવોઃ મહારાષ્ટ્રીયનોનું નવું વર્ષ

ગુડી પાડવાના દિવસે હિન્દુ નવવર્ષની શરૂઆત થાય છે.

# ભગવાન બ્રહ્માએ સુષ્ટિની રચનાગુડી પાડવાનાં દિવસે કરી હતી : વિક્રમ સંવતના નવા વર્ષની શરૂઆત પણ આ જ દિવસે થાય છે

### જુલાઈ 2024 સુધીમાં, ની ગણતરી202,112,290,000,000 (આશરે 202 ટ્રિલિયન) દશાંશ અંકો સુધી કરવામાં આવી છે. નવીનતમ વિશ્વ રેકોર્ડ ગણતરીના છેલ્લા 100 દશાંશ અંકો છે

• લેખક :દીપક જગતાપ

સામાન્ય રીતે હિંદુઓ કોઈ પણ નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ જ પસંદ કરે છે. એ દૃષ્ટિએ વર્ષના કેટલાંક દિવસો વણજોયા મુહૂર્ત તરીકે કે સાડા ત્રણ મુહૂર્ત જાણીતા છે. ગુડી પડવાનો દિવસ આ સાડાત્રણ મુહૂર્ત પૈકીનો એક છે. નવા ઘરમાં રહેવા જવું. કીમતી વસ્તુઓની ખરીદી કરવી. વગેરે બાબતો માટે આ દિવસ શુભ મનાય છે. આ દિવસે નવા સંવતનો પ્રારંભ થાય છે. અને નવું પંચાંગ પણ શરૂ થાય છે. શાલિવાહન શકની શરૂઆત (હિંદુ કાળગણના પ્રમાણે) જ આ દિવસે થઈ.

મહારાષ્ટ્રમાં તેને ગુડી પડવા, પંજાબમાં વૈશાખી,સિંધમાં ચેટી ચાંદ, દક્ષિણ ભારતમાં યુગાદી, ઉગાદીઅને પુથાંડુ, આંધ્રમાં ઉગાદીનામ, જમ્મુ અને કાશ્મીરમાં નવરેહ, કેરળમાં વિશુ, આસમમાં રોંગાલીબિહુ તરીકે ઓળખવામાં આવે છે. મહારાષ્ટ્ર અનેહિન્દી ભાષી પ્રદેશમાં તેને ગુડી પડવા અને નવસંવત્સર તરીકે ઓળખવામાં આવે છે.

ગુડી પડવાને મરાઠી નવવર્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ તહેવાર મુખ્યત્વે મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા અને

આંધ્રપ્રદેશમાં ખૂબ જ ઉત્સાહથી મનાવવામાં આવે છે. આ

દિવસ વિજય અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. આ

શુભ દિવસે જ દેવી દુર્ગાની આરાધનાનું પર્વ 'ચૈત્ર નવરાત્રી'

પણ શરૂ થાય છે. માન્યતા છે કે આ દરમિયાન વ્રત અનેપૂજા કરવાથી ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થાય છે અને જીવનમાંસુખ-શાંતિ આવે છે.

મહારાષ્ટ્રમાં આ દિવસે ઘરના આંગણામાં પાંચ પાંડવોની પ્રતિકૃતિ તૈયાર કરી તેની આસપાસ સુંદર રંગોળી કરવામાં આવે છે. ગામડાંઓમાં આંગણામાં ગાયના છાણથી લીંપીને તેની પર આ રંગોળી તૈયાર કરાય છે. આ જગ્યાએ ગુડી (લાકડી) ઊભી કરવામાં આવે છે. ગુડીની ષોડશોપચારે પૂજા કરવામાં આવે છે.

ગુડી ઊભી કરતાં પહેલાં લાકડીને તેલ લગાવી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લેવામાં આવે છે. તેને હળદર-કંકુ ચડાવવામાં આવે છે. ગુડી માટે પિત્તળનો કે ચાંદીનો લોટો, કડવા લીમડાની ડાળી, હાયડા, નાનું કાપડ, સાડ, ફૂલનો હાર વગેરે સામગ્રી લેવામાં આવે છે. લાકડીના છેડે નાના રંગીન કપડાંને ફીટ બાંધી તેના પર લોટો ઊંધો મૂકવામાં આવે છે. આ ઊંધા લગાવેલા લોટામાં કડવા લીમડાની ડાળી લગાવી હાયડાનો હાર પહેરાવવામાં આવે છે. લાકડી પર સાડી જે રીતે પહેરાય તે રીતે લાકડીને સાડી પહેરાવાય છે.

ઘરના આગળના ભાગમાં રસ્તા



ધર્મદર્શન

લેખક :દીપક જગતાપ

પરથી પણ સરળતાથી જોઈ શકાય તે રીતે ગુડીને બાંધવામાં આવે છે. આ ગુડીને રામના સ્વાગત માટે શુભ ધ્વજના પ્રતીકરૂપ ગણવામાં આવે છે. ગુડી ઊભી કર્યા પછી તેના પર હળદર કંકુ ચડાવવામાં આવે છે. ઘરના પ્રવેશદ્વાર પર આંબાની ડાળી અને તોરણ લગાવવામાં આવે છે. નવા વર્ષના પંચાંગની પૂજા કરવામાં આવે છે. આ દિવસની શરૂઆત કડવા લીમડાનાં પાન ખાવાથી કરવાની પ્રથા છે. કડવા લીમડાને આ અરસામાં નવા પાન ફૂટેલા હોય છે. તેના કૂમળા પાન લઈ તેમાં ગોળ, જીરું, સ્વાદ પૂરતું મીઠું અને લીંબુ નાંખી તેને વાટીને ગોળી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને કીટનાશક છે. આ ઊભી કરેલી ગુડીને સંધ્યા સમયે ઉતારવામાં આવે છે. ગામમાં જ્યાં રામનું મંદિર હોય ત્યાં રાયડાની માળા અર્પણ કરવામાં આવે છે. હળદર- કંકુ, ચોખા ચડાવીને પછી જ ગુડી ઉતારવામાં આવે છે. આ દિવસથી રામનવમી સુધી રામ મંદિરમાં કીર્તનનો પ્રારંભ થાય છે

આ દિવસે નાનાં બાળકો પાસે શાળામાં પાટી પૂજન (સરસ્વતી પૂજન) કરાવવામાં આવે છે. પાટી પર ચંદ્ર, સૂર્ય, સરસ્વતી દોરી પાટીની એટલે કે વિદ્યાની પૂજા કરવામાં આવે છે

ચૈત્ર મહિનાની શુક્લ પ્રતિપદાને ગુડી પડવા કે વર્ષ પ્રતિપદા કે ઉગાદિ કહેવામાં આવે છે . આ દિવસે હિન્દુ નવવર્ષની શરૂઆત થાય છે. ભગવાન બ્રહ્માએ સુષ્ટિની રચના આ દિવસે કરી હતી. તેથી વિક્રમ સંવતના નવા વર્ષની શરૂઆત આ જ દિવસે થાય છે. આ દિવસે દુનિયામાં સૌથી પહેલા સૂર્યોદય થયો હતો. ભગવાને આ દિવસે પ્રતિપદા તિથિને સર્વોત્તમ તિથિ કહી હતી. તેથી તેને સુષ્ટિનો પ્રથમ દિવસ પણ કહે છે. સુષ્ટિના પ્રથમ દિવસને ગુડી પડવાના રૂપમાં ઉજવવામાં આવે છે.

ગુડીનો મતલબ વિજય પતાકા હોય છે. માન્યતા છે કે આ દિવસે શાલિવાહન નામના કુંભારના પુત્રએ માટીના સૈનિકોનુ નિર્માણ કરી એક સેના બનાવી દીધી હતી અને તેના પર પાણી છાંટીને પ્રાણ ફૂંકી દીધા હતા. ત્યારબાદ આ માટીની સેનાએ શક્તિશાળી દુશ્મનોને પછાડી દીધા હતા અને વિજય મેળવ્યો હતો. આ વિજયના પ્રતિકના રૂપમાં શાલિવાહન શકની શરૂઆત માનવામાં આવી છે. આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ઉગાદિ અને મહારાષ્ટ્રમાં આ પર્વ ગુડી પડવાના રૂપમાં ઉજવવામાં આવે છે. આવો જાણીએ અહી ગુડી પડવા સાથે જુડી પાંચ મુખ્ય રસ્મો અને તેનુ મહત્વ.

પવિત્ર સ્નાન :ગુડી પડવા કે નવ સંવત્સરના દિવસે અભ્યંગસ્નાન કરવામાં અવે છે. અભ્યંગસ્નાન મતલબ માંગલિક સ્નાન જેમા શરીરને તેલ મિશ્રિત ઉબટન લગાવીને કુણા પાણીથી ન્હાવામાં આવે છે. સ્નાન પછી શુદ્ધ અને પવિત્ર થઈને નવા વસ્ત્ર પહેરવામાં આવે છે. મહારાષ્ટ્રીયન સ્ત્રીઓ પોતાની પારંપારિક પોશાક નવ ગઝની સાડી પહેરે છે અને પુરૂષ આ દિવસે કુર્તા પાયજામા અને લાલ કે કેસરી પગડી પહેરે છે.

પારંપારિક રંગોળી - ઘરની સ્ત્રીઓ પવિત્ર સ્નાન લીધા પછી પહેલા પોતાના ઘરના આંગણમાં રંગોળી બનવે છે. તે ચોખાના પાવડર, સિંદૂર અને હળદરથી રંગબેરંગી રંગોળી બનાવે છે. આજકાલ લોકો ફૂલ અને મીણબત્તીથી પણ આકર્ષક રંગોળી બનાવે છે. રંગોળી બનાવવાનો હેતુ નકારાત્મક ઉર્જાઓને કાઢવો અને સારુ નસીબ લાવવાનો છે.

સરનામું :દીપક જગતાપ
નિવાસ : ' ' ઋષાર્થ ' ' , મહેતા કોમ્પલેક્ષ પાસે , સંતોષ ચાર રસ્તા,રાજપીપલા -393145
(જિ.નર્મદા) મો.9988796527)
Email :deepakjagtap3@gmail.com

# ગીરગઢડા, હરમડીયા અને દેલવાડામાં ઉપવાસ આંદોલનના મંડાણ, બંધ કરેલી જૂનાગઢ-દેલવાડા ટ્રેન શરુ કરવાની માગ

### ગીર પંથકમાં રેલવેના અન્યાય સામે જનઆક્રોશ

• કૈલૈશ ભટ્ટ ઉના

ગીર પંથકની જીવાદોરીસમાન ટ્રેનો લાંબા સમયથી બંધ કરી દેવાતા અને સમયપત્રકમાં ફેરફાર કરાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રેલવે તંત્ર દ્વારા વારંવારની રજૂઆતો છતાં કોઈ સકારાત્મક પગલાં ન લેવાતા આજે હરમડીયા, ગીરગઢડા અને દેલવાડા રેલવે સ્ટેશન પર પ્રતીક ઉપવાસ આંદોલન છેડવામાં આવ્યું હતું.





મહત્વની ટ્રેનો બંધ થતા મુસાફરો મુશ્કેલીમાં રેલવે તંત્ર દ્વારા જૂનાગઢ-દેલવાડા (52951) અને વેરાવળ-દેલવાડા (52949/52950) જેવી મહત્વની ટ્રેનો બંધ રાખવા અથવા તેના સમયમાં ફેરફાર કરવાના નિર્ણયને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. ગ્રામીણ જનતાનું કહેવું છે કે શહેરોમાં ફાટકની સમસ્યાનું બહાનુ ધરીને વર્ષો જૂની ટ્રેન સેવા બંધ કરવી તે અન્યાય છે. જો ફાટક નડતરરૂપ હોય તો તંત્રએ ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવા જોઈએ, પરંતુ પરિવહન સેવા છીનવવી એ યોગ્ય નથી. આંદોલનના પગલે ગીરગઢડા, હરમડીયા અને દેલવાડા રેલવે સ્ટેશન પર મોટી સંખ્યામાં ચેમ્બર ઓફ કોમર્સના વેપારીઓ, ગ્રામજનો અને આગેવાનો ઉમટી પડ્યા હતા. આંદોલનકારીઓએ ટ્રેન રોકીને તંત્ર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. લોકોનો આક્ષેપ છે કે GM/DRM કક્ષાએ વારંવાર લેખિત રજૂઆતો અને આવેદનપત્ર આપવા છતાં તંત્ર માત્ર આશ્વાસન આપી રહ્યું છે, પરિણામે અંતે આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે. આંદોલનની શરૂઆત થતા જ રેલવે સ્ટેશનો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. દેલવાડામાં જ્યારે ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો ઉપવાસ પર બેઠા હતા, ત્યારે સરપંચ પ્રતિનિધિએ સ્થળ પર પહોંચી સાંસદ રાજેશ ચુડાસમા સહિતના પદાધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરાવી હતી. ટ્રેન વહેલી તકે શરૂ થઈ જશે તેવી ખાતરી મળતા દેલવાડામાં વેપારીઓએ પારણા કર્યા હતા. બીજી તરફ, ગીરગઢડા અને હરમડીયામાં આંદોલનકારીઓ પોતાની માંગ પર અડગ રહ્યા છે. ગીરગઢડાના સરપંચ અને ગ્રામજનોએ જણાવ્યું કે જ્યાં સુધી બંધ કરાયેલી ટ્રેન વાસ્તવમાં શરૂ નહીં થાય ત્યાં સુધી પ્રતીક ઉપવાસ ચાલુ રહેશે. આગામી દિવસોમાં આ લડતમાં આસપાસના અન્ય ગામોના સરપંચો અને સામાજિક સંગઠનો પણ જોડાશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## દહેશત

અમદાવાદનું સરખેજ પોલીસ સ્ટેશન જાણે કોઈ અલગ જ કાયદા હેઠળ ચાલતું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે

# સરખેજમાં ખાખીની રહેમનજરે નશાનો 'કાળો કારોબાર'? લટ્ઠાકાંડની દહેશત છતાં તંત્ર ઘોર નિદ્રામાં!

• અમદાવાદ:

રાજ્યના ગૃહમંત્રી જ્યારે ગુજરાતને નશામુક્ત બનાવવાના દાવા કરી રહ્યા છે, ત્યારે અમદાવાદનું સરખેજ પોલીસ સ્ટેશન જાણે કોઈ અલગ જ કાયદા હેઠળ ચાલતું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સરખેજ વિસ્તારમાં કેમિકલયુક્ત દેશી દારૂ, વિદેશી દારૂ, જુગાર અને ઘાતક એમ.ડી. ડ્રગ્સના અડ્ડાઓ બેરોકટોક ધમધમી રહ્યા છે.

વહીવટદારના જોરે 'હપ્તા રાજ'?

ચર્ચા એવી છે કે સરખેજ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. એલ.એલ. ચાવડાના શાસનમાં તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. આ સમગ્ર ગોરખધંધાનું સંચાલન 'વહીવટદાર' વિપુલ આહીર દ્વારા કરવામાં આવતું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. નવાઈની વાત તો એ છે કે આ શખ્સ એરપોર્ટ પોલીસ સ્ટેશનનો પણ વહીવટ સંભાળતો હોવાનું કહેવાય છે. શું પોલીસ તંત્રમાં વહીવટદારો જ કાયદો ચલાવી રહ્યા છે?

કોણ છે આ કાળા કારોબારના આકાઓ?





રિપોર્ટ મુજબ, વિસ્તારમાં:

* ઈંગ્લિશ દારૂ (હોલસેલ): આસિફ નામના શખ્સનું વર્ચસ્વ.
* જુગારના અડ્ડા: ઈરફાન દ્વારા સંચાલિત.
* કેમિકલયુક્ત દેશી દારૂ: ગરીબ વસ્તીમાં મોતનું પીણું પીરસાઈ રહ્યું છે.

વારંવાર રજૂઆતો કરવા છતાં પી.આઈ. ચાવડા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ મૌન પાછળ 'હપ્તાખોરી' છે કે પછી સત્તાધારી પક્ષ અને સરકારની છબી ખરડવાનું કોઈ મોટું ષડયંત્ર?

ગૃહમંત્રીના દાવાઓનું સૂરસૂરિયું?

ગૃહમંત્રી હર્ષ સંઘવી અવારનવાર કહે છે કે, 'મને ફરિયાદ કરો, ૨૪ કલાકમાં પરિણામ મળશે.' પરંતુ સરખેજમાં આ દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. સ્થાનિકો સવાલ પૂછી રહ્યા છે કે:

1. જો કેમિકલયુક્ત દારૂથી લઠ્ઠાકાંડ થશે અને ગરીબોના જીવ જશે, તો તેનો જવાબદાર કોણ?
2. શું ભ્રષ્ટ અધિકારીઓ પૈસાની લાલચમાં નિર્દોષ નાગરિકોના જીવનું જોખમ લઈ રહ્યા છે?
3. LCB, PCB અને ક્રાઈમ બ્રાન્ચ જેવી એજન્સીઓ આ વિસ્તારમાં તપાસ કેમ નથી કરતી?

સરકારની છબી બગાડવાનું સમીકરણ?

મુખ્યમંત્રી અને ગૃહમંત્રીની સ્વચ્છ ઈમેજને નુકસાન પહોંચાડવા માટે શું કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ જાણીજોઈને અસામાજિક તત્વોને છાવરી રહ્યા છે? જનતા હવે આ મામલે ઉચ્ચ કક્ષાએથી તપાસ અને કડક પગલાંની માંગ કરી રહી છે.

## રાશીફળ (તા.18-03-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ આનંદદાયક તથા સફળતા આપનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય હાંસલ કરવામાં ભાઈઓનો પણ પૂરતો સહકાર મળશે.

**વૃષભ (બ.વ.ઉ)** વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમની નજરિયેથી જોવું વધુ યોગ્ય રહેશે. પતિ-પત્ની વચ્ચે સંબંધોમાં મધુરતા રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવન સંબંધિત કેટલીક બદલાવ આવી શકે છે.

**કર્ક (ડ.હ)** કર્ક રાશિના જાતકોને આજે વ્યવસાયમાં લાભ મેળવવાની તક મળશે. પૈસાથી સંબંધિત બાબતોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** સિંહ રાશિના લોકોને આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે મતભેદ થઈ શકે છે. અગાઉની કેટલીક ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફાર લાવશો.

**કન્યા (પ.ઠ.ણ)** કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સારા કાર્ય લઈને આવશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. પરિવારના સભ્યોમાં પ્રેમ અને તાળમેલ રહેશે.

**તુલા (ર.ત)** તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમારા અટકેલા પૈસા પાછા મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે.

**વૃશ્ચિક (ન.ય.)** વૃશ્ચિક રાશિના લોકો માટે આજનો દિવસ પરેશાનીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત માટે વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કઠોર વાતને ગલત સમજી શકે છે.

**મકર (ખ.જ)** આજનો દિવસ તમારા માટે સારો રહેશે. જીવનસાથી સાથે બહાર ફરવા જઈ શકો છો અને બંને સાથે સમય આનંદમાં પસાર થશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજના દિવસે તમે કોઈ પણ પ્રકારની મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.

**મીન (દ.ચ.ઝ.થ)** મીન રાશિના લોકો માટે આજનો દિવસ આનંદદાયક રહેશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં પાર્ટનર સાથે સમજણ અને નજીકીઓ વધી શકે છે.

# પાલનપુર ખાતે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી કોરિડોર પ્રોજેક્ટ સદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

• પાલનપુર

અંબાજીને 'મોડેલ ટેમ્પલ ટાઉન' બનાવવાનો માસ્ટર પ્લાનઃ વિશ્વકક્ષાની સુવિધાઓથી સજ્જ બનશે આદ્યશક્તિ ધામ અંબાજી આવનારા ભાદરવી પૂનમના પવિત્ર મેળાને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે મુજબ વિકાસના કાર્યને પ્રાધાન્ય અપાશે

બનાસકાંઠા જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામ અંબાજી મંદિરને વિશ્વકક્ષાના આધુનિક સુવિધાઓથી સજ્જ "મોડેલ ટેમ્પલ ટાઉન" તરીકે વિકસાવવાના દ્રષ્ટિકોણ સાથે રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ.૧૬૩૨ કરોડના ખર્ચે ભવ્ય મેગા માસ્ટર પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના સુચારૂ અને ઝડપી અમલીકરણ માટે આજે કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા કલેકટરશ્રીએ અંબાજી કૉરિડોર સહિતની તમામ વિકાસ કામગીરીની વિગતવાર સમીક્ષા કરી અને નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તાપૂર્વક કામ પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.





સરકારશ્રીની સીધી દેખરેખ હેઠળ ચાલી રહેલા આ પ્રોજેક્ટને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો છે, જેમાં પ્રથમ તબક્કાની કામગીરીને પ્રાથમિકતા આપીને ઝડપથી પૂર્ણ કરવા પર ભાર મુકાયો હતો. બેઠક દરમિયાન ખાસ કરીને આવનારા ભાદરવી પૂનમના પવિત્ર મેળાને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે સુવ્યવસ્થિત આયોજન કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ, પીવાનું પાણી, સ્વચ્છતા અને સુરક્ષા જેવી આધારભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત અંબાજી મંદિરથી ગબ્બર પર્વત સુધી "શક્તિ કૉરિડોર"નું નિર્માણ કરવામાં આવશે, જે યાત્રાળુઓ માટે આધ્યાત્મિક અને સુવિધાસભર અનુભવ સર્જશે. સાથે જ ચાચર ચોકનું વિસ્તરણ કરીને તેનું કદ ત્રણ ગણું વધારવામાં આવશે, સતી સરોવરનું આધુનિકીકરણ અને સૌંદર્યીકરણ કરવામાં આવશે, તેમજ યાત્રાળુઓ માટે આધુનિક યાત્રી નિવાસ, સુવિધાસભર ધર્મશાળાઓ, ઈવેન્ટ પ્લાઝા, માર્ગદર્શન કેન્દ્રો અને સ્માર્ટ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંતર્ગત માર્ગોનું વિસ્તરણ, સ્ટ્રીટ લાઈટિંગ, ડ્રેનેજ સિસ્ટમ અને પર્યાવરણમૈત્રીક વિકાસ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં અંબાજી યાત્રાધામને વૈશ્વિક સ્તરે એક આદર્શ ધાર્મિક પર્યટન કેન્દ્ર તરીકે નવી ઓળખ મળશે અને સ્થાનિક રોજગારી તથા આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે.

આ બેઠકમાં યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવશ્રી રમેશ મેરજા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહી પ્રોજેક્ટના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

# ઉનાના નવાબંદર ગામને ટ્રેક્ટર-ટ્રોલી ફાળવાયાઃ જિલ્લા પંચાયતની ગ્રાન્ટ હેઠળ ગ્રામજનોની સુવિધામાં વધારો



• કૈલૈશ ભટ્ટ ઉના

ઉના તાલુકાના નવાબંદર ગામે ગ્રામજનોની સુવિધામાં વધારો કરવા માટે ટ્રેક્ટર અને ટ્રોલી ફાળવવામાં આવ્યા છે. આ ફાળવણી જિલ્લા પંચાયત કક્ષાની ૨૦મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ભલામણથી કરવામાં આવી હતી. ટ્રેક્ટર અને ટ્રોલીનું લોકાર્પણ જિલ્લા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ હરિભાઈ સોલંકી અને તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવાબંદર ગ્રામ પંચાયતના સરપંચના પ્રતિનિધિ સોમવારભાઈ મજીઠીયા, ઉપસરપંચ હરકિશનભાઈ સોલંકી અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રેક્ટર અને ટ્રોલી ગ્રામજનોને વિવિધ કાર્યોમાં ઉપયોગી થશે, જેનાથી ગામની સ્વચ્છતા અને અન્ય સુવિધાઓમાં સુધારો થશે. આ પહેલ માટે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત સદસ્ય વાલીબેન હરિભાઈ સોલંકી અને તાલુકા પંચાયત પ્રમુખ એભાભાઈ મકવાણાનો

# અકોટામાં ઘરના મંદિરમાંથી 800 ગ્રામ વજનની ચાંદીની મૂર્તિઓની ચોરી

### મંદિરમાં પૂજા કરવા ગયા ને મૂર્તિઓ ગાયબ, ઘરના દરવાજાના તાળા તૂટેલા ન હોવાથી ચોરીનું રહસ્ય ઘેરાયું

• વડોદરા

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા ઘરના મંદિરમાંથી 800 ગ્રામ વજનની મૂર્તિઓની ચોરી થઈ છે. ઘરના દરવાજાના તાળા તૂટેલા ન હોવાથી ચોરીનું રહસ્ય ઘેરાયું છે. આ મામલે અકોટા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી કૃષ્ણા શાંતિ સોસાયટી વિસ્તારમાં રહેતા પ્રતિકભાઈ રામમનોહર તિવારીએ નોંધાવેલી ફરીયાદ મુજબ, તેઓ સિવિલ કામ કરે છે. ગત. 13 માર્ચ 2026ના રોજ પ્રતિકભાઈ તથા તેમના ભાઈ સાથે કામકાજ અર્થે ભરૂચ ગયા હતાં. દરમિયાન સાંજે આશરે



7:30 વાગ્યાની આસપાસ તેમની પત્ની દિવ્યાબેનનો ફોન આવ્યો હતો. ફોનમાં તેમણે જણાવ્યું કે તેઓ ઘરે આવેલા મંદિરમાં પૂજા કરવા ગયા હતા, ત્યારે મંદિરમાં રાખેલી ચાંદીની મૂર્તિઓ ગાયબ જોવા મળી હતી.

પ્રતિકભાઈ અને તેમના ભાઈ તાત્કાલિક ઘરે પરત ફર્યા અને તપાસ કરતા મંદિરની બંને ચાંદીની મૂર્તિઓ ગુમ હોવાનું જાણવા મળ્યું હતું. ચોરી થયેલી મૂર્તિઓમાં લક્ષ્મીમાતાજીની મૂર્તિ, ગણેશજીની બેઠેલી મૂર્તિનો સમાવેશ થાય છે. બન્ને મૂર્તિઓનું કુલ વજન આશરે 800 ગ્રામ હોવાનું અને તેની અંદાજિત કિંમત રૂપિયા 1.30 લાખ જેટલી હોવાનું જણાવાયું છે. ખાસ વાત એ છે કે, ઘરના તાળા તૂટેલા નથી, જેના કારણે ચોરી કેવી રીતે થઈ તે અંગે રહસ્ય ઊભું થયું છે. અજાણ્યા ચોર દ્વારા તા. 13 માર્ચના બપોરે 3 વાગ્યાથી સાંજે 6 વાગ્યાની વચ્ચે મંદિરેથી મૂર્તિઓ ચોરી કરવામાં આવી છે. આ મામલે અકોટા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# SSG હોસ્પિટલમાં નવી અદ્યતન લેસર સુવિધા શરૂ:ટેટૂ અને લાખું દૂર કરવા માટે સ્કિન વિભાગમાં દર્દીઓને ફ્રી સારવારની સુવિધા મળશે

• વડોદરા

સર સયાજીરાવ ગાયકવાડ (SSG) હોસ્પિટલના ચામડી વિભાગમાં હવે ચામડી પરના ડાઘ, લાખું (બર્થમાર્ક) અને ટેટૂ દૂર કરવા માટે અત્યાધુનિક Q-Switched Nd:YAG લેસર સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ છે. આ લેસર મશીનની અંદાજિત કિંમત લગભગ 28 લાખ રૂપિયા છે અને તે મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા તેમની CSR યોજના અંતર્ગત SSG હોસ્પિટલના સ્કીન વિભાગને દાનમાં આપવામાં આવ્યું છે. જેમાં ડર્માચેર સહિતના સાધનોનો પણ સમાવેશ થાય છે. આ અદ્યતન લેસર ટેક્નોલોજી ચામડીના રંગકણો અથવા લોહીના કણોને ચોક્કસ રીતે નિશાન બનાવીને તેને તોડી નાખે છે.

**રહસ્યમય મોત** એક મહિનામાં 3ના જીવ ગયા; વિશ્વામિત્રીમાં રહેતા 417 મગરોના અસ્તિત્વ સામે સવાલ

# વડોદરામાં 14 ફૂટના મહાકાય મગરનું રહસ્યમય મોત : ઈન ફાઈટ કે પછી ઉંમરને કારણે મોત?

### શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં 417 મગરો દેખાયા હતા

• વડોદરા

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં નરહરી હોસ્પિટલની પાછળ વિશ્વામિત્રી નદીના કિનારે એક 14 ફૂટના મહાકાય મગરનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મગરની ઉંમર અંદાજે 45 વર્ષ હતી. વડોદરા વન વિભાગ દ્વારા મગરને રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યો હતો અને તેનું પોસ્ટમોર્ટમ કરીને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં મગરોની ગણતરી કરવામાં આવી હતી. જેમાં શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં 417 મગરો દેખાયા હતા. જોકે, છેલ્લા એક મહિનામાં 3 મગરના મોત થયા છે, ત્યારે 16 માર્ચ 2026ના રોજ 14 ફૂટના મગરના મોતને કારણે તેમના અસ્તિત્વ સામે પણ સવાલો ઊભા થયા છે.

વડોદરા રેન્જ ફોરેસ્ટ ઓફિસર કરણસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે,



છેલ્લા 30 દિવસમાં 3 મગરો અને તે અગાઉ એક એમ કુલ 4 મગરોના મોત થયા છે. અત્યારે મગરોમાં પ્રજનનની સિઝન ચાલતી હોય છે, જેના કારણે તેમની વચ્ચે ટેરેટરીના વર્ચસ્વ માટે લડાઈ થતી હોય છે. આ લડાઈ દરમિયાન થયેલી ઈજાઓ અને વૃદ્ધાવસ્થા મગરના મૃત્યુ માટેના મુખ્ય કારણો હોઈ શકે છે. ગઈકાલે સોમવારે જે મગર મૃત્યુ પામ્યો હતો તેની લંબાઈ 14 ફૂટથી વધુ હતી અને તે પુખ્ત વયનો હતો. તેની ઉંમર પણ એક કારણ હોઈ શકે છે.

ટેરિટોરિયલ ફાઈટ એ વન્યજીવોના વર્તનનો એક ભાગ છે. ખાસ કરીને જ્યારે પ્રજનનનો સમય હોય ત્યારે વન્ય પ્રાણીઓમાં અંદરોઅંદર સંઘર્ષ થતો હોય છે. મગરો પોતાના ચોક્કસ વિસ્તાર માટે લડતા હયો છે, જેમાં ઈજા થવાને કારણે ઘણીવાર મૃત્યુ પણ નિપજતું હોય છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વન્યજીવ સંરક્ષણના નિયમ મુજબ, જ્યારે કોઈપણ મગર કે અન્ય જીવને રેસ્ક્યુ કરવામાં આવે, ત્યારે તેને તેના કુદરતી રહેઠાણમાં જ છોડવો પડે છે. વન વિભાગ દ્વારા મોટાભાગના કિસ્સામાં મગરોને જે તે વિસ્તારમાંથી રેસ્ક્યુ કરવામાં આવ્યા હોય ત્યાં જ અથવા તેના નજીકના કુદરતી રહેઠાણમાં ફરી મુક્ત કરવામાં આવે છે.

આ પહેલાં 22 ફેબ્રુઆરી 2026ના રોજ શહેરના અકોટા બ્રિજ પાસે વિશ્વામિત્રી નદીમાં કિનારા ઉપર એક મૃત મગર મળી આવ્યો હતો. કોઈ જાગૃત નાગરિકે બ્રિજ પરથી મગરને જોઈ વન વિભાગને જાણ કરી હતી. જેથી જીવદયા પ્રેમીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જ્યાં નદીના કિનારા પર એક મગર પડ્યો હતો. તેની લંબાઈ આશરે સાડા ત્રણથી ચાર ફૂટ જેટલી હતી. ત્યારબાદ એક 5 ફૂટનો મૃત મગર પણ વિશ્વામિત્રી નદીમાંથી મળી આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ 1960માં વિશ્વામિત્રી નદીમાં 50 મગરો હતા. જોકે, આજે વિશ્વામિત્રી નદીમાં 417 જેટલા મગરો છે. વડોદરા જિલ્લામાં વિશ્વામિત્રી નદી ઉપરાંત પણ દેવ, ઢાઢર, નર્મદા નદી અને વિવિધ તળાવોમાં મળીને કુલ 1 હજાર કરતાં વધુ મગરો છે.

મગર શેડયૂલ-1નું સંરક્ષિત પ્રાણી છે. નદી કે તળાવ તેના કુદરતી આવાસ છે. મગર જ્યારે પાણીમાં ઊતરે છે, ત્યારે એ એની આંખ પર ગ્લેન્સ નાખે છે. તેથી એની વિઝિબિલિટી 60થી 70 ટકા ઘટી જાય છે. મગર પાણીમાં ઊઠતા તરંગોના આધારે શિકાર નક્કી કરે છે. જ્યારે કોઈ નદીમાં કપડાં કે વાસણ ધોવે અથવા છબછબિયા કરે ત્યારે મગરને લાગે છે કે કિનારે તેનો કોઈ શિકાર પાણી પીવા આવ્યો છે. આ સંજોગોમાં મગર તેના પર હુમલો કરે છે. મગરના હુમલામાં કોઈ વ્યક્તિનું મોત થાય તો તેને સરકાર તરફથી 4 લાખ રૂપિયા વળતર ચૂકવવામાં આવે છે.

### ગંભીરા બ્રિજ પરનો લિંક સ્પાન તૈયાર

# અઠવાડિયામાં 80 મીટરનો લિંક સ્પાન ગોઠવાશે, વડોદરા-પાદરાને જોડતા બ્રિજ પર હળવા વાહનો પસાર થઈ શકશે

**પ્રાથમિક તબક્કે** જ્યારે આ લિંક સ્પાનનું કામ પૂર્ણ થશે, ત્યારે બ્રિજને માત્ર હળવા વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવશે

• વડોદરા

વડોદરા અને પાદરાને જોડતા મુજપુર-ગંભીરા બ્રિજને લઈને વાહનચાલકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ગંભીરા બ્રિજ તૂટ્યા બાદ આ બ્રિજ પર સમારકામની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. આગામી એક સપ્તાહમાં બ્રિજ ઉપર 80 મીટરનો લિંક સ્પાન ગોઠવી દેવામાં આવશે.

વડોદરા અને આણંદ જિલ્લાને જોડતો મહત્વની કડી સમાન ગંભીરા બ્રિજ તૂટી ગયા બાદ તેના સમારકામ માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ બ્રીજ ઉપરથી નાના વાહનો પસાર થઈ શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. લાંબા સમયથી બંધ પડેલા આ



બ્રિજ ઉપરથી પુનઃ વાહનવ્યવહાર ધમધમતો થાય તે માટે આયોજન કરવામાં આવ્યું છે.

આ કામગીરી માટે વહીવટી તંત્ર અને એજન્સી દ્વારા યુદ્ધના ધોરણે આયોજન કરવામાં આવ્યું છે, જેથી સ્થાનિકો અને મુસાફરોની હાલાકીનો વહેલી તકે અંત લાવી શકાય. આ બ્રીજ ઉપર આગામી એક સપ્તાહમાં લોખંડની 80 મીટરનો સ્પાન ગોઠવી દેવામાં આવશે. હાલ તેના માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

આ પ્રોજેક્ટની ટેકનિકલ વિગતો પર નજર કરીએ તો, આશરે 100 ટન વજન ધરાવતું વિશાળ લોખંડી સ્ટ્રક્ચર સંપૂર્ણપણે તૈયાર કરી દેવામાં આવ્યું છે. આ 80 મીટર લાંબા લિંક સ્પાનને બ્રિજ પર લોન્ચ કરવાની પ્રક્રિયા પણ સફળતાપૂર્વક શરૂ કરી દેવામાં આવી છે. આટલા મોટા અને વજનદાર માળખાને ચોકસાઈપૂર્વક ગોઠવવું એ એક પડકારજનક કાર્ય છે, પરંતુ નિષ્ણાત એન્જિનિયરોની દેખરેખ હેઠળ આ કામગીરી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. આ લિંક સ્પાન ફિટ થયા બાદ બ્રિજની મજબૂતીમાં વધારો થશે અને વાહનવ્યવહાર માટે તે સુરક્ષિત બનશે.

પ્રાથમિક તબક્કે, જ્યારે આ લિંક સ્પાનનું કામ પૂર્ણ થશે, ત્યારે બ્રિજને માત્ર હળવા વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવશે. ભારે વાહનો માટે હાલ પ્રતિબંધ યથાવત રહી શકે છે, પરંતુ ટુ-વ્હીલર અને કાર ચાલકોને આનાથી મોટો ફાયદો થશે અને તેમને લાંબો ફેરો લેવામાંથી મુક્તિ મળશે.

બીજી તરફ, આ જૂના બ્રિજના સમારકામની સાથે સાથે તેની બાજુમાં જ બની રહેલા નવા બ્રિજની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે. તંત્ર દ્વારા લાંબાગાળાના આયોજનના ભાગરૂપે નવા બ્રિજનું નિર્માણ કાર્ય પણ ઝડપી બનાવવામાં આવ્યું છે, જેથી ભવિષ્યમાં ટ્રાફિકની સમસ્યા કાયમી ધોરણે હલ થઈ શકે. હાલ પૂરતું, જૂના બ્રિજ પર લિંક સ્પાન લાગી જવાથી વડોદરા અને પાદરા વચ્ચેનો સંપર્ક માર્ગ ફરી જીવંત થશે.

# 'ચૂંટણીમાં ભલે અમે હારી ગયા, પણ રાજ તો અમારું જ' પાદરાના ઉમરાયા ગામે ચૂંટણીની અદાવતમાં લોહિયાળ જંગ

### વર્તમાન સરપંચ અને તેમના પરિવાર પર જીવલેણ હુમલો

• વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ઉમરાયા ગામે ચૂંટણીની જૂની અદાવતને લઈને ગંભીર હિંસાની ઘટના સામે આવી છે. ગામના વર્તમાન સરપંચ અર્જુનસિંહ મંગળસિંહ પઢીયાર અને તેમના પરિવારના સભ્યો પર ગામના જ પૂર્વ સરપંચ અને તેમના ટેકેદારો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે પાદરા પોલીસે સામસામે 18 આરોપીઓ સામે બે ગુના દાખલ કર્યા છે. બંને પક્ષો વચ્ચે ગત સાંજે આ ઘટના બની હતી. જેમાં સરપંચ અર્જુનસિંહ પઢીયાર મેલડી માતાના મંદિરે હવનમાં હાજરી આપી રહ્યા હતા, ત્યારે તેમને માહિતી મળી કે તેમના ભત્રીજા ધવલની બાઈક પૂર્વ સરપંચ ભૂપેન્દ્રસિંહની બુલેટ સાથે ભટકાતા ઝઘડો થયો છે. સરપંચ સ્થળ પર પહોંચતા જ મામલો બિચક્યો હતો. સામા પક્ષના ભૂપેન્દ્રસિંહ અને તેમના સાથીદારોએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે લાકડીઓ, પાવડા



અને ધારિયા જેવા જીવલેણ હથિયારો સાથે સરપંચ અને તેમના પરિવાર પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ચૂંટણીમાં ભલે અમે હારી ગયા, પણ રાજ તો અમારું જ ચાલશે તેમ કહી બેફામ ગાળો ભાંડી હતી. આ ઘટનામાં સરપંચ અર્જુનસિંહને નાકના ભાગે ગંભીર ઈજા પહોંચી છે. જ્યારે તેમના ભાઈ ચંદુભાઈને માથાના પાછળના ભાગે પાવડાનો ફટકો વાગતા લોહીલુહાણ થયા હતા. પરિવારના અન્ય સભ્યોને પણ લાકડીઓ દ્વારા માર મારવામાં આવ્યો હતો. હુમલાખોરોએ જતી વખતે એવી ધમકી પણ આપી હતી કે, જો હવે પછી ચૂંટણીમાં ફોર્મ ભરીશ તો તને જાનથી મારી નાખીશું. ઘટના બાદ 108 અને પોલીસને જાણ કરવામાં આવતા ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે પાદરા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. વધુ ગંભીર ઈજાઓને કારણે સરપંચ અર્જુનસિંહને વાસણા-ભાયલી રોડ પરની ખાનગી કંપનીમાં દાખલ કરવામાં આવ્યા છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને ઠગાઈ:16 લોકો સાથે 40 લાખ રૂપિયાની છેતરપીંડી

### મકાન કે રૂપિયા આપ્યા વગર ઠગ ઓફિસને તાળું મારીને ભાગી છૂટ્યો

• વડોદરા

વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને 16 જેટલા લોકો પાસેથી 40.17 લાખ રૂપિયાની છેતરપીંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. ઠગ ઓફિસને તાળું મારીને ફરાર થઈ ગયો અને ફોન પણ ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જેથી ઠગ સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. વડોદરા શહેરના ગોરવા સુભાનપુરા વિસ્તારમાં સમતા રોડ ઉપર આવેલા વૈકુંઠ ફ્લેટમાં રહેતા વર્ષાબેન પાઠકે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી હરીશ જશુભાઈ ચૌહાણે મકાન અપાવવાના બહાને વિશ્વાસ જીત્યો હતો. પોતાની ઓફિસ મારફતે તેમણે પોતે વડોદરા મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરીને પ્રોસેસિંગ માટે રૂપિયાની માંગણી કરી હતી. જાન્યુઆરી 2025થી ઓક્ટોબર 2025 દરમિયાન આરોપીએ અલગ-અલગ તારીખે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા 1.83 લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. આરોપીએ મકાન ફાળવણીના ખોટા કાગળો અને પાવતી આપી વધુ વિશ્વાસ કેળવ્યો હતો. આરોપીએ ડિસેમ્બર 2025 સુધીમાં મકાન આપવાનો વાયદો આપ્યો હતો, પરંતુ સમય પસાર થયા છતાં મકાનનો કબજો ઠગ દ્વારા આપવામાં આવ્યો નહીં. ત્યારબાદ તેમણે અને તેમના પતિ સાથે ઠગની ઓફિસ પર પહોંચતા ઓફિસ બંધ હતી અને ફોન પણ ઉપાડતો ન હતો. જેથી તેમણે તપાસ કરી હતી. આ હરીશ ચૌહાણે અન્ય 15 લોકોના રૂપિયા લઈ લીધા હતા, પરંતુ મકાન અપાવ્યું ન હોવાનું બહાર આવ્યું હતું. હરીશ ચૌહાણે 16 લોકોને આવાસ યોજનામાં મકાન અપાવવાનો ખોટો વાયદો કરીને તેમની પાસેથી રૂ. 40.17 પડાવી લીધા હતા અને મકાન ખરીદનારને ખોટા દસ્તાવેજો બનાવી પધરાવી દીધા હતા. વર્ષાબેન સહિત અન્ય 15 લોકોએ આરોપી હરીશ ચૌહાણ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# કાળઝાળ ગરમી વચ્ચે વોર્ડ શરૂ:સયાજી હોસ્પિટલમાં હીટ સ્ટ્રોકના દર્દીઓ માટે 20 બેડનો વિશેષ ઇમર્જન્સી વોર્ડ શરૂ




• વડોદરા

હાલમાં ઉનાળાની શરૂઆત થતા જ કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતો જતો હોવાથી વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલે હીટસ્ટ્રોક અને તેનાથી સંબંધિત ઈમર્જન્સીના દર્દીઓ માટે વિશેષ વોર્ડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હોસ્પિટલના તંત્ર દ્વારા ઈમર્જન્સી મેડિસિન વિભાગના ઉપરના માળે હીટસ્ટ્રોક દર્દીઓ માટે અલગ 20 બેડનો વોર્ડ તાત્કાલિક શરૂ કરવામાં આવ્યો છે. જરૂર પડે તો આ બેડની સંખ્યા વધારવાની પણ તૈયારીઓ કરવામાં આવી છે તેવું હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું છે. આ વર્ષે ઉનાળાની શરૂઆતમાં જ તાપમાનમાં ઝડપી વધારો થયો છે. આ કારણે ડિહાઈડ્રેશન, ચક્કર, બેહોશી જેવા લક્ષણો સાથે હીટ સંબંધિત દર્દીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. આવા કિસ્સાઓમાં તાત્કાલિક અને યોગ્ય સારવાર મળી રહે તે હેતુથી આ વિશેષ વોર્ડની સુવિધા શરૂ કરવામાં આવી છે.

### ભાજપ સામે ભાજપના ઉમેદવાર મેદાને; 4 ઝોનમાં 325 મતદારો

# બરોડા ડેરીના ચાર ઝોન માટે મતદાન શરૂ:ડેસર બેઠક ઉપર સૌની નજર

• વડોદરા

વડોદરા જિલ્લાની સહકારી ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા બરોડા ડેરીની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સવારથી મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. 13માંથી ચાર ઝોન માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં શાંતિમય માહોલમાં મતદાન પ્રક્રિયા થઈ રહી છે. બરોડા ડેરીની ચૂંટણી માટે ડેસર બેઠક ઉપર સૌની નજર છે કારણ કે આ બેઠક ઉપર ભાજપના મેન્ડેડ પરથી સૂરપાલસિંહ પરમાર કે જેઓ સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારના ઉમેદવાર ગણવામાં આવે છે. તેઓ સામે કુલદીપસિંહ રાઉલજી કે જેઓ ભાજપમાં હોવા છતાં ભાજપના જ



ઉમેદવાર સામે લડી રહ્યા છે. ચૂંટણી પહેલા આ બેઠક માટે રાજકારણ ગરમાયું હતું. અને આક્ષેપ પ્રતિ આક્ષેપની રાજનીતિ પણ જોવા મળી હતી. આ બેઠક ઉપર ધારાસભ્ય કેતન ઈનામદાર સામે પ્રેશર પોલિટિક્સનો પણ આક્ષેપ કુલદીપસિંહ દ્વારા કરવામાં આવ્યો હતો. બરોડા ડેરીના 13 ઝોનમાંથી ઝોન 3, 6, 8 અને 12માં ચૂંટણી યોજાશે. જ્યારે 1, 2, 4, 5, 7, 9, 10, 11 અને 13 નંબરના ઝોનના 9 ઉમેદવાર બિનહરીફ થયા છે. બરોડા ડેરીના વર્તમાન પ્રમુખ દિનેશ પટેલ-દીનુમામા અને ઉપપ્રમુખ જી. બી. સોલંકી બિનહરીફ જાહેર થઈ ચૂક્યા છે. જો કે બિનહરીફ થયા બાદ તેઓને સહકારી વિભાગ દ્વારા શો કોઝ નોટિસ આપવામાં આવી હતી. અને તેની સુનાવણી આગામી 23 માર્ચના રોજ થશે. ત્યારે દિનુમામાએ જણાવ્યું હતું કે, હું 2012થી ચૂંટાતો આવ્યો છું. હું ડિરેક્ટર તરીકે બિનહરીફ થયો જ છું. પ્રમુખ બનું કે ન બનું પરંતુ પશુપાલકો માટે હંમેશા કામ કરતો રહીશ. ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા પણ બરોડા ડેરીના મતદાર છે, જેથી ડભોઈ બેઠક ઉપર તેઓ પણ મતદાન કરવા પહોંચ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, ડભોઈ બેઠક ઉપર આ વખતે પુનરાવર્તન નક્કી છે. આગામી સમયમાં બરોડા ડેરીના પશુપાલકો માટે સારો ભાવ માટે તે માટે કામ કરશે.

54

ગેસ સિલિન્ડરની અછત સર્જાતા વતનની વાટ પકડી હતી

# શ્રમિકોનું પલાયન રોકવા પાંડેસરામાં 'મેગા કિચન' શરૂ:દરરોજ 5000ને માત્ર રૂ.50માં ભરપેટ ભોજનની વ્યવસ્થા

**રિદ્ધિ-સિદ્ધિ કંપનીમાં કામ કરતા શ્રમિક સોનુ કુમાર કેસરીએ જણાવ્યું હતું કે, 'છેલ્લા પાંચ-છ દિવસથી ગેસ નથી મળી રહ્યો. જ્યાં મળે છે ત્યાં 5 કિલોની બોટલના 600-700 રૂપિયાનો ભાવ માંગવામાં આવે છે**

• સુરત

સુરત ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ ગણાતા સુરતમાં હાલમાં કોમર્શિયલ ગેસની ભારે અછત સર્જાઈ છે. આ અછતને કારણે સ્થિતિ એટલી વિકટ બની છે કે,શ્રમિકોના ઘરમાં ચૂલા સળગવા મુશ્કેલ બન્યા છે. પરિણામે, હજારો શ્રમિકો વતનની વાટ પકડી રહ્યા હતા. જોકે, સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ જગતે માનવતા દાખવી શ્રમિકોની હિજરત રોકવા કમર કસી છે. પાંડેસરા સ્થિત ભોજનાલય હવે એક 'મેગા કિચન'માં ફેરવાઈ ગયું છે, જ્યાંથી રોજના હજારો શ્રમિકોને માત્ર 50 રૂપિયામાં શુદ્ધ અને સાત્વિક ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

સુરતના ઔદ્યોગિક વિસ્તારો જેવા કે પાંડેસરા, સચિન અને પલસાણામાં લાખો પરપ્રાંતીય શ્રમિકો વસે છે. છેલ્લા એક અઠવાડિયાથી કોમર્શિયલ અને ડોમેસ્ટિક ગેસના પુરવઠામાં વિક્ષેપ પડતા શ્રમિકોની હાલત કફોડી થઈ છે.ખાવા-પીવાની મુશ્કેલી વધતા શ્રમિકોએ સુરત છોડીને વતન પરત જવાનું વિચાર્યું હતું. આ પરિસ્થિતિ ટેક્સટાઈલ ઉદ્યોગ માટે મોટો ફટકો સાબિત થઈ શકે તેમ હોવાથી તમામ એસોસિએશનો એકઠા થયા છે.

પાંડેસરામાં કાર્યરત ભોજનાલયમાં સામાન્ય દિવસોમાં 1000 થી 1500 શ્રમિકો જમતા હતા. પરંતુ હાલની કટોકટીને જોતા આ ક્ષમતા સીધી ડબલ કરી દેવામાં આવી છે.ભોજનાલયના વ્યવસ્થાપક હસમુખ ઠક્કરના જણાવ્યા અનુસાર, અત્યારે દરરોજ 4000થી 5000 લોકોનું જમવાનું તૈયાર કરવામાં આવે છે. શ્રમિકો ભૂખ્યા ન રહે અને તેમને વતન જવાની નોબત ન આવે તે માટે રસોડાની કામગીરી 24 કલાક જેવી કરી દેવામાં આવી છે.

ભોજનાલયમાં વ્યવસ્થા સંભાળનાર હસમુખ ઠક્કરે જણાવ્યું હતું કે, પહેલા જે ભોજનાલયની કેપેસિટી હતી કે,2000 થી 2500 માણસ ડેઈલીના જમતા હતા. એની જગ્યાએ અત્યારે સીધો ડબલથી ઉપર નીકળી ગયો છે, 4000 થી 5000 પબ્લિકનું રોજનું જમવાનું બને છે.કારીગરોને જે બાટલાની અછત ઉભી થઈ છે, એના કારણે જે પ્રોબ્લેમ થાય છે એને લઈને એસોસિએશન દ્વારા એટલી સરસ વ્યવસ્થા કરવામાં આવી છે કે પાર્સલ અને મીલ ટુ મીલ દરેકને પાર્સલ અહીંયાથી બંચમાં, બલ્કમાં બનાવીને પહોંચાડવામાં આવે છે. શુદ્ધ અને સારું સાત્વિક ભોજન કારીગરોને મળે તેવા આશયથી બધું બનાવી અને ફટાફટ અમે પાર્સલ મોકલવાની વ્યવસ્થા કરીએ છીએ, જેથી કરીને

કારીગરની પલાયન અટકી શકે. રોજના અત્યારે 4000 થી 5000 માણસનું જમવાનું બને છે અને લગભગ 1000 માણસ અહીંયા



જમે છે અને બાકીના બધા પાર્સલ ડિલિવરી થાય છે.ભોજનાલય બહાર સવારથી જ શ્રમિકોની લાંબી લાઈનો જોવા મળે છે. સોશિયલ ડિસ્ટન્સિંગ અને શિસ્ત જળવાય તે રીતે ભોજન પીરસવામાં આવે છે.લગભગ 1000 જેટલા લોકો રૂબરૂ બેસીને જમે છે, જ્યારે બાકીના 4000 જેટલા લોકો માટે પાર્સલ પેકિંગની સુવિધા ઊભી કરવામાં આવી છે. પાર્સલ બનાવવા માટે પણ વધારાના સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે.ભોજનાલયના સંચાલકો માત્ર પેટ ભરવા ખાતર ભોજન નથી બનાવી રહ્યા, પરંતુ શ્રમિકોના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. હસમુખ ઠક્કરે ઉમેર્યું કે, 'અમે શુદ્ધ અને સાત્વિક ભોજન આપવાનો આગ્રહ રાખીએ છીએ. શ્રમિકો જો બહારનું ખરાબ ખાશે તો બીમાર પડશે, જે તેમના અને ઉદ્યોગ બંને માટે નુકસાનકારક છે. તેથી ઘરે જેવું જ ભોજન મળે તેવો અમારો પ્રયાસ છે.'

રિદ્ધિ-સિદ્ધિ કંપનીમાં કામ કરતા શ્રમિક સોનુ કુમાર કેસરીએ જણાવ્યું હતું કે, 'છેલ્લા પાંચ-છ દિવસથી ગેસ નથી મળી રહ્યો. જ્યાં મળે છે ત્યાં 5 કિલોની બોટલના 600-700 રૂપિયાનો ભાવ માંગવામાં આવે છે. જો કંપની તરફથી આ ભોજનના પાર્સલની વ્યવસ્થા ન હોત, તો અમારે ફરજિયાત વતન પાછા જવું પડત. અત્યારે આ સુવિધાને લીધે જ અમે અહીં ટકી રહ્યા છીએ.'

બીજા એક શ્રમિક મનોજ ગુપ્તાએ પોતાની પીડા ઠાલવતા કહ્યું કે, 'એક અઠવાડિયાથી ગેસ બુક કરાવ્યો છે, મોબાઈલમાં મેસેજ પણ આવે છે પણ ઘરે બાટલો આવતો નથી. ગેસ એજન્સીએ જઈએ તો કોઈ જવાબ આપતું નથી. સરકાર કહે છે કે તકલીફ નથી, પણ ગ્રાઉન્ડ પર સ્થિતિ અલગ છે. બહાર જમવા જઈએ તો એક ટાઈમના 50 રૂપિયા થાય, એટલે કે દિવસના 100 રૂપિયા. જો બીમાર પડીએ તો હોસ્પિટલનો ખર્ચ અલગ.'

દક્ષિણ ગુજરાત પ્રોસેસ એસોસિયેશનના પ્રમુખ જીતુ વખારિયાએ આ પહેલ અંગે જણાવ્યું હતું કે, 'અમે હંમેશા મુશ્કેલીના સમયે કામદારોની પડખે ઉભા રહ્યા છીએ. અત્યારે ગેસની સમસ્યાને લીધે શ્રમિકોને તકલીફ છે, તેથી અમે ભોજનની વ્યવસ્થા વધારી છે. પાંડેસરા જ નહીં, ગમે ત્યાંનો કારીગર અહીં આવીને ટોકન સિસ્ટમથી જમી શકે છે અથવા પાર્સલ લઈ જઈ શકે છે. અમારો ઉદ્દેશ્ય કામદારોને સાચવવાનો છે.'પાંડેસરા ભોજનાલય બહાર સવારથી જ શ્રમિકોની લાંબી લાઈનો જોવા મળે છે. સોશિયલ ડિસ્ટન્સિંગ અને શિસ્ત જળવાય તે રીતે ભોજન પીરસવામાં આવે છે. લગભગ 1000 જેટલા લોકો રૂબરૂ બેસીને જમે છે, જ્યારે બાકીના 4000 જેટલા લોકો માટે પાર્સલ પેકિંગની સુવિધા ઊભી કરવામાં આવી છે.પાર્સલ બનાવવા માટે પણ વધારાના સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે.ભોજનાલયના સંચાલકો માત્ર પેટ ભરવા ખાતર ભોજન નથી બનાવી રહ્યા, પરંતુ શ્રમિકોના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.હસમુખ ઠક્કરે ઉમેર્યું કે, 'અમે શુદ્ધ અને સાત્વિક ભોજન આપવાનો આગ્રહ રાખીએ છીએ. શ્રમિકો જો બહારનું ખરાબ ખાશે તો બીમાર પડશે, જે તેમના અને ઉદ્યોગ બંને માટે નુકસાનકારક છે. તેથી ઘરે જેવું જ ભોજન મળે તેવો અમારો પ્રયાસ છે.'

દ.ગુજરાતનો કુખ્યાત 'દારૂનો સોદાગર' જેલના સળિયા પાછળ

# સુરત ક્રાઈમ બ્રાંચે 14 ગુનામાં વોન્ટેડ બુટલેગરને દબોચ્યો, 5 વર્ષથી 4 જિલ્લાની પોલીસને ચકમો આપતો હતો સાધુ

કારોબાર

**અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં આરોપી વિરુદ્ધ દારૂબંધીના અનેક ગુનાઓ નોંધાયેલા છે**

• સુરત

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા ફરતા અને દારૂના કાળા કારોબારમાં સામ્રાજ્ય જમાવનાર કુખ્યાત બુટલેગર પરમેશ્વર ઉર્ફે સાધુ રામજી પાન્ડેને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના કુલ 14 જેટલા પ્રોહિબિશનના ગંભીર ગુનાઓમાં વોન્ટેડ આ આરોપી લાંબા સમયથી પોલીસ માટે માથાનો દુખાવો બન્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે ઓપરેશન પાર પાડી આ રીઢા ગુનેગારને જેલ ભેગો કર્યો છે.સુરત શહેર, સુરત ગ્રામ્ય, નવસારી અને વલસાડ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં આરોપી વિરુદ્ધ




દારૂબંધીના અનેક ગુનાઓ નોંધાયેલા છે. વર્ષ 2021થી અત્યાર સુધીમાં તે સતત પોલીસની ધરપકડથી બચતો રહ્યો હતો.આરોપી પરમેશ્વર ઉર્ફે સાધુ પાન્ડે મૂળ બિહારના ચંદૌલી જિલ્લાનો વતની છે અને હાલ સુરતના ભેસ્તાન તથા વલસાડના વાપીમાં રહેતો હતો. તેની ધરપકડથી દક્ષિણ ગુજરાતના દારૂ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલ આરોપી સાધુ પાન્ડે અત્યંત શાતિર રીતે પોતાનું નેટવર્ક ચલાવતો હતો. તે સંઘ પ્રદેશ સેલવાસ અને દમણથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો કોમર્શિયલ જથ્થો ખરીદતો હતો. આ દારૂને તે રેલવેના માધ્યમથી અથવા હાઈવે પર ખાનગી વાહનો દ્વારા હેરાફેરી કરીને દક્ષિણ ગુજરાતના ખૂણે ખૂણે પહોંચાડતો હતો. તેના સાગરીતોની મદદથી તે વલસાડ, નવસારી અને સુરતના સ્થાનિક બુટલેગરોને માલ પૂરો પાડતો હતો. સુરત ક્રાઈમ બ્રાંચને ચોક્કસ બાતમી મળી હતી કે અનેક ગુનામાં વોન્ટેડ પરમેશ્વર પાન્ડે સુરતની આસપાસના વિસ્તારમાં છુપાયેલો છે.આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે વોચ ગોઠવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ટીમે ભેસ્તાન વિસ્તારમાં તવાઈ બોલાવી આરોપીને દબોચી લીધો હતો. તેની પૂછપરછમાં અન્ય મોટા ખુલાસા થવાની પણ શક્યતા પોલીસ દ્વારા સેવાઈ રહી છે.આરોપી વિરુદ્ધ નોંધાયેલા ગુનાઓની યાદી લાંબી છે. જેમાં સુરત ડીસીબીમાં 3, પારડીમાં 1, ગણદેવીમાં 1, ચીખલીમાં 1, કડોદરા જીઆઈડીસીમાં 3, વલસાડ રૂરલમાં 1, વાપી ટાઉનમાં 3 અને વેજલપુરના 1 ગુનાનો સમાવેશ થાય છે. તેની સામે ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમ-2017ની કડક કલમો 65(એ), 65(ઈ), 81, 98(2) અને 116(ખ) મુજબ ગુના દાખલ કરવામાં આવ્યા છે. તેમજ છેતરપિંડી (IPC 465, 468, 471) અને જુવેનાઈલ જસ્ટિસ એક્ટની કલમો હેઠળ પણ તેની સામે કાર્યવાહી થયેલી છે.પરમેશ્વર પાન્ડે માત્ર દક્ષિણ ગુજરાત જ નહીં પણ સૌરાષ્ટ્રમાં પણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો. વર્ષ 2016માં જામનગર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેની સામે દારૂનો ગુનો નોંધાયો હતો.

# વારસાઈના બહાને પેરોલ મેળવી લાંબા સમયથી પોલીસને થાપ આપતો હતો

**1961ના સરકારી રેકર્ડમાં છેડછાડ કરનાર 2.5 વર્ષે ઝડપાયો**

• સુરત

સુરત શહેર ક્રાઈમ બ્રાંચે એક એવા રીઢા ગુનેગારને દમણ ખાતેથી દબોચી લીધો છે, જેણે જમીનો પચાવી પાડવા માટે સરકારી કચેરીના અસલી દસ્તાવેજોમાં છેડછાડ કરી હતી. લેન્ડ ગ્રેબિંગ અને ચેક રિટર્ન જેવા ગંભીર ગુનાઓમાં સજા પામ્યા બાદ છેલ્લા 2.5 વર્ષથી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા સંજય ઉર્ફે એસ.કે. જવાહર શાહને પકડવામાં પોલીસને સફળતા મળી છે. આરોપી દમણના આલીશાન દેવકા બીચ વિસ્તારમાંથી પોલીસના હાથે ઝડપાયો છે.આ સમગ્ર કૌભાંડની વિગતો તપાસતા જાણવા મળ્યું છે કે, આરોપી સંજય ઉર્ફે એસ.કે.એ સુરતની અઠવા સબ રજિસ્ટ્રાર કચેરીમાં પટાવાળા તરીકે નોકરી કરતા પ્રકાશ રાઠોડ સાથે સાંઠગાંઠ કરી હતી. તેણે વર્ષ 1961 અને 1967ના અસલી દસ્તાવેજના વોલ્યુમ અને રજિસ્ટરો કચેરીની બહાર કઢાવ્યા હતા. આ કિંમતી સરકારી દસ્તાવેજોમાં મનઘડત ફેરફારો કરી તેને ફરીથી કચેરીના રેકર્ડમાં ગોઠવી દીધા હતા. આ પ્રક્રિયામાં તેણે કાયદાકીય પ્રક્રિયાનો ભંગ કરી સરકારી દસ્તાવેજોને નુકસાન પહોંચાડી ગંભીર ગુનો આચર્યો હતો. સરકારી રેકર્ડમાં છેડછાડ કર્યા બાદ આરોપીએ એ જ બોગસ દસ્તાવેજોની સર્ટિફાઈડ નકલો કચેરીમાંથી મેળવી હતી. આ નકલો અસલી હોવાનું જણાવી બજારમાં અલગ-અલગ પાર્ટીઓ સાથે કરોડોની જમીનોના સોદા કરી મોટી રકમ પડાવી હતી. વર્ષ 2022માં આ સમગ્ર કૌભાંડ બહાર આવતા અઠવાલાઈન્સ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો, જેની તપાસ બાદમાં ક્રાઈમ બ્રાંચને સોંપાઈ હતી. આરોપીએ આ રીતે અનેક નિર્દોષ લોકો સાથે છેતરપિંડી કરી હતી અને સરકારી મિલકતો તેમજ ખાનગી જમીનો પર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો.

લેન્ડ ગ્રેબિંગ ઉપરાંત આરોપી વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ અલગ-અલગ 3 ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં સુરતની 22મી એડિશનલ સીનિયર સિવિલ જજ કોર્ટે ગત 07/07/2022ના રોજ આરોપીને દોષિત ઠેરવી 70,00,000 રૂપિયાનો મોટો દંડ ફટકાર્યો હતો. જો દંડ ન ભરે તો 1 વર્ષ અને 2 મહિનાની જેલની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો. જે કામે પાકા કામના કેદી તરીકે સંજય શાહ લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે સજા ભોગવી રહ્યો હતો.

લાજપોર મધ્યસ્થ જેલમાં સજા કાપી રહેલા સંજય શાહે વર્ષ 2023માં પિતાની મિલકતની વારસાઈ કરાવવાના બહાને ગુજરાત હાઈકોર્ટમાં પેરોલ રજાની માંગણી કરી હતી. હાઈકોર્ટે તેને 17 દિવસની રજા મંજૂર કરી હતી, પરંતુ રજા પૂર્ણ થયા બાદ તે જેલમાં હાજર થયો નહોતો. તે પેરોલ જમ્પ કરી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. છેલ્લા લાંબા સમયથી તે પોલીસને થાપ આપી અલગ-અલગ જગ્યાએ પોતાનું રહેઠાણ બદલી છુપાતો રહ્યો હતો, જેના કારણે ક્રાઈમ બ્રાંચ તેની પાછળ સતત વોચ રાખી રહી હતી. સુરત ક્રાઈમ બ્રાંચને ગુપ્ત બાતમી મળી હતી કે 'એસ.કે.' દમણના દેવકા બીચ પાસે આવેલી સી પ્રિન્સેસ રેસીડેન્સીમાં છુપાયો છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે દમણમાં વોચ ગોઠવીને તેને આબાદ રીતે દબોચી લીધો હતો. પકડાયેલ આરોપી સંજય શાહ 52 વર્ષનો છે અને મૂળ સુરતના નાનપુરા વિસ્તારનો વતની છે. દમણમાં તે પોતાની ઓળખ છુપાવીને આલીશાન વિસ્તારમાં રહી રહ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી સુરત લાવવાની તજવીજ હાથ ધરીને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# જહાંગીરપુરા રોડ પર કેનાલમાં I-20 કાર ખાબકી, ક્રેનની મદદથી કાર બહાર કાઢવામાં આવી

• સુરત

સુરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં ગત મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઓલપાડ તરફથી સુરત આવી રહેલી એક i20 કાર અનિયંત્રિત થઈને સીધી કેનાલમાં ખાબકી હતી. જોકે, સદનસીબે આ ઘટનામાં કાર ચાલકનો આબાદ બચાવ થયો છે.મળતી માહિતી મુજબ, ઓલપાડ તરફથી સુરત જઈ રહેલી i20 કાર (નંબર: GJ 05 RN 0025) જહાંગીરપુરા કેનાલ રોડ પરથી પસાર થઈ રહી હતી. તે સમયે અચાનક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર કેનાલના ધસમસતા પ્રવાહમાં ખાબકી હતી. મોડી રાતનો સમય હોવાથી રોડ પર ટ્રાફિક ઓછો હતો, પરંતુ કાર ખાબકવાનો અવાજ આવતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ જહાંગીરપુરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સદનસીબે, કાર ચાલક સમયસૂચકતા વાપરીને સુરક્ષિત રીતે બહાર નીકળી જવામાં સફળ રહ્યો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. ત્યારબાદ, ક્રેનની મદદથી ભારે જહેમત બાદ કારને કેનાલમાંથી બહાર કાઢવામાં આવી હતી.કાર કેનાલમાં કઈ રીતે ખાબકી તે અંગેનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે કે અકસ્માત પાછળ અંધારું કારણભૂત હતું, કારની સ્પીડ વધુ હતી કે પછી કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આ સમગ્ર ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ ન થતા પરિવારે અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. રાત્રિના સમયે કેનાલ રોડ પર વાહન ચલાવતા સાવચેતી રાખવી અનિવાર્ય બની છે.

# 'સુરત ક્રાઇમ કેપિટલ બની રહ્યું છે':બે વર્ષમાં 3146 કિલો ડ્રગ્સ ઝડપાતા AAP નેતા પાયલ સાકરીયાનો સરકારને સવાલ

• સુરત

ગુજરાતમાં ખુલ્લેઆમ બેરોકટોક ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે, એનો તાજો દાખલો સુરતમાંથી જોવા મળ્યો. ખુદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હોમ ટાઉનમાંથી બે વર્ષમાં 3146 કિલો ડ્રગ્સ, 16 કિલો અફીણ અને 2620 સીરપની બોટલો ઝડપાઈ હતી. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના યુવા નેતા પાયલ સાકરીયાએ વીડિયોના માધ્યમથી ઉગ્ર પ્રતિક્રિયા આપી છે.\ પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, યુવા પેઢીને મજબૂત કરવા માટે અને યુવા પેઢીના ભવિષ્ય માટે આપણે સૌ ચિંતિત હોઈએ, ત્યારે ગુજરાતમાં આજે ઠેર ઠેર લાખો અને કરોડોનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. સુરતમાં બે વર્ષમાં 3146 કિલો ડ્રગ્સ પકડાયું છે. સૌથી મોટી વાત એ છે કે ગુજરાતના ગૃહમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સુરત શહેરથી છે અને એમના શહેરમાંથી હજારો કિલો ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. ડ્રગ્સ પકડાઈ જાય છે, પરંતુ ડ્રગ્સ મંગાવનાર અને ડ્રગ્સ મોકલનાર પકડાતો નથી. વધુમાં આમ આદમી પાર્ટીના યુવા નેતા પાયલ સાકરીયા જણાવ્યું હતું કે, વર્ષોથી આ જ આપણે જોતા આવ્યા છીએ કે ડ્રગ્સ પકડાય છે, પરંતુ ડ્રગ્સ મંગાવનારો અને મોકલનાર પકડાતો કેમ નથી? આજે ખરી વાસ્તવિકતા એ છે કે સુરત ક્રાઈમ કેપિટલ બની ગયું છે અને એની પાછળનું કારણ છે કે ડ્રગ્સના નશામાં યુવાનો ધકેલાઈ રહ્યા છે. આજે સુરતમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ડ્રગ્સ લેવાઈ રહ્યું છે તો ગુજરાતના ગૃહમંત્રી અને સરકારને અમે વિનંતી કરીએ છીએ કે તાત્કાલિક ધોરણે ડ્રગ્સ વેચવાવાળા, ડ્રગ્સ મંગાવવાવાળા લોકોને પકડવામાં આવે.

'90% હીરા આપણા, તો નામ પણ આપણું જ', સુરત હીરા ઉદ્યોગ ગ્લોબલ ઓળખ બનશે

# હીરા ઉદ્યોગને મળ્યો 'સુરત કટ ડાયમંડ'નો GI ટેગ

• સુરત

ગુજરાતના હીરા ઉદ્યોગ માટે 13 માર્ચ 2026નો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. સુરત અને સમગ્ર ગુજરાતમાં તૈયાર થતા હીરાને હવે વૈશ્વિક સ્તરે અનોખી ઓળખ મળી છે. સુરત ડાયમંડ એસોસિએશનના લાંબા સમયના પ્રયત્નો અને ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (EDII) ના સહયોગથી ગુજરાતમાં તૈયાર થતા હીરાને 'સુરત કટ ડાયમંડ' નામે જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન (GI)ટેગ એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિથી રત્નકલાકારો અને ડાયમંડ ઉદ્યોગકારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમદાવાદ ખાતે EDII દ્વારા આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં ભારત સરકારના કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઈન્સ એન્ડ ટ્રેડ માર્ક્સ (CGPDTM)પ્રો.ડો.ઉન્નત પંડિત અને EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાના હસ્તે આ ઐતિહાસિક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ ખુંટએ આ સન્માન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે એસોસિએશનના પૂર્વ ઉપપ્રમુખ ગૌરવ



સેઠી, દામજીભાઈ માવાણી અને ભુપતભાઈ કનાળા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.GI એટલે કે 'જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન' (ભૌગોલિક સંકેત). આ ટેગ એવા ઉત્પાદનોને આપવામાં આવે છે જે કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં જ બને છે અને તેની ગુણવત્તા તે વિસ્તારની વિશેષતા હોય છે. જેમ પાટણના પટોળા અને જામનગરની બાંધણી પ્રખ્યાત છે, તેમ હવે 'સુરત કટ' હીરાની વિશ્વસનીયતાનું પ્રતીક બનશે. સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં પોલિશ થતા હીરાની ચમક અને કટિંગ શૈલી વિશ્વમાં અજોડ છે, જેને હવે કાનૂની મહોર મળી ગઈ છે.સુરત ડાયમંડ એસોસિએશનના બોર્ડ મેમ્બર ગૌરવ સેઠીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે સુરતમાં તૈયાર થયેલા હીરાને યુરોપના દેશોમાં 'બેલ્જિયમ કટ' કહીને વેચવામાં આવતા હતાં. હીરા અહીંના રત્નકલાકારોની મહેનતથી તૈયાર થતા હોવા છતાં સુરતને તેની યોગ્ય ક્રેડિટ મળતી નહોતી. હવે GI ટેગ મળવાથી કોઈ પણ જ્વેલર જો સુરતમાં પોલિશ થયેલા હીરા વાપરે છે, તો તે ગર્વ સાથે 'સુરત કટ ડાયમંડ' લખી શકશે. આનાથી સુરત એક વૈશ્વિક બ્રાન્ડ તરીકે ઉભરી આવશે.વિશ્વના કુલ હીરાના ઉત્પાદનમાંથી આશરે 90% હીરા સુરતમાં કટ અને પોલિશ થાય છે. આ ટેગ મળવાથી અહીંના હજારો રત્નકલાકારોની કળાને આંતરરાષ્ટ્રીય સ્તરે રક્ષણ મળશે. GI ટેગ માત્ર ઓળખ જ નહીં પણ કાનૂની સુરક્ષા પણ પૂરી પાડે છે. હવે કોઈ અન્ય દેશ કે વિસ્તાર 'સુરત કટ'ના નામનો દુરુપયોગ કરી શકશે નહીં. આનાથી સ્થાનિક ઉત્પાદકોને આર્થિક રીતે મોટો ફાયદો થવાની અપેક્ષા છે.GI ટેગ પ્રાપ્ત થતા જ વસ્તુની યુનિકનેસ સાબિત થઈ જાય છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# IPL પહેલાં CSKનું મેગા રિયુનિયન થશે 22 માર્ચે ચેપોક સ્ટેડિયમમાં ઈવેન્ટ

## મુરલીધરન, હેડન અને રૈના સામેલ થશે, રૈના-હેડન સહિત ઘણા દિગ્ગજો એકઠા થશે




IPL 2026 પહેલાં ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) 22 માર્ચે ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં એક ખાસ રિયુનિયન કાર્યક્રમ યોજવા જઈ રહી છે. આ ઈવેન્ટમાં ટીમના ઘણા પૂર્વ ખેલાડીઓ ભાગ લેશે, જેમાં કેટલાક એવા નામ પણ છે જેઓ હાલમાં અન્ય ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલા છે.આ રિયુનિયનમાં મુથૈયા મુરલીધરન, મેથ્યુ હેડન અને ડ્વેન બ્રાવો જેવા દિગ્ગજોના આગમનની પુષ્ટિ થઈ ચૂકી છે. જ્યારે સુરેશ રૈના પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે. લગભગ 19-20 પૂર્વ ખેલાડીઓ, વર્તમાન ટીમ અને સપોર્ટ સ્ટાફ સાથે આ કાર્યક્રમનો ભાગ બનશે.ઈવેન્ટને લઈને શરૂઆતમાં ચર્ચા હતી કે કોઈ મોટી જાહેરાત થઈ શકે છે, પરંતુ ફ્રેન્ચાઈઝીએ સ્પષ્ટ કર્યું છે કે આ ફક્ત સીઝન પહેલાનો ફેન એન્ગેજમેન્ટ કાર્યક્રમ છે. CSKના CEO કાશી વિશ્વનાથને કહ્યું કે આનો વધુ મોટો અર્થ કાઢવાની જરૂર નથી. CSK એ IPL ઈતિહાસમાં અત્યાર સુધી કુલ 5 ખિતાબ (2010, 2011, 2018, 2021, 2023) પોતાના નામે કર્યા છે. ટીમ પહેલી જ સિઝન 2008ની ફાઈનલમાં પહોંચી હતી. 2010 અને 2011માં સતત બે ખિતાબ જીતીને CSKએ પોતાનો દબદબો કાયમ કર્યો, જ્યારે 2018માં બે વર્ષના સસ્પેન્શન પછી વાપસી કરતા ચેમ્પિયન બનવું ટીમના સૌથી મોટી ઉપલબ્ધિઓમાં ગણાય છે.

કાર્યક્રમ સાંજે 4 વાગ્યાથી 9 વાગ્યા સુધી ચાલશે અને તેમાં સંગીતકાર એઆર રહેમાનની પ્રસ્તુતિ પણ હશે. ટીમે અન્ય ફ્રેન્ચાઈઝીઓનો પણ સંપર્ક કર્યો છે જેથી તેમના કોચિંગ સ્ટાફ સાથે સંકળાયેલા ભૂતપૂર્વ ખેલાડીઓ આ દિવસ માટે ઉપલબ્ધ થઈ શકે.

CSKના રિયુનિયન ઈવેન્ટમાં એઆર રહેમાન પરફોર્મ કરશે. આર અશ્વિન આ કાર્યક્રમમાં સામેલ થઈ શકશે નહીં કારણ કે તે શહેરની બહાર રહેશે. જ્યારે સંજુ સેમસન અને શિવમ દુબે, જેઓ તાજેતરમાં T20 વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમનો ભાગ હતા, તેઓ હાલમાં ચેન્નઈમાં ચાલી રહેલા કેમ્પમાં જોડાઈ જશે.

ચેન્નઈ સુપર કિંગ્સ પોતાનું IPL 2026 અભિયાન 30 માર્ચના રોજ ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ સામે શરૂ કરશે. ટીમની પહેલી હોમ મેચ 3 એપ્રિલના રોજ પંજાબ કિંગ્સ સામે થશે.

CSK એ IPL ઈતિહાસમાં અત્યાર સુધી કુલ 5 ખિતાબ (2010, 2011, 2018, 2021, 2023) પોતાના નામે કર્યા છે. ટીમ પહેલી જ સિઝન 2008ની ફાઈનલમાં પહોંચી હતી. 2010 અને 2011માં સતત બે ખિતાબ જીતીને CSKએ પોતાનો દબદબો કાયમ કર્યો, જ્યારે 2018માં બે વર્ષના સસ્પેન્શન પછી વાપસી કરતા ચેમ્પિયન બનવું ટીમના સૌથી મોટી ઉપલબ્ધિઓમાં ગણાય છે.

**શું હતો વિવાદ?**

### મોરોક્કો AFCON 2025નું ચેમ્પિયન જાહેર

# આફ્રિકન ફૂટબોલ ફેડરેશને સેનેગલની જીત રદ કરી, મેચની વચ્ચે મેદાન છોડવું ખોટું માન્યું

## કોન્ફેડરેશન ઓફ આફ્રિકન ફૂટબોલ (CAF)એ સેનેગલની 1-0ની જીત રદ કરી દીધી છે

મોરોક્કોને AFCON 2025નું ચેમ્પિયન જાહેર કરવામાં આવ્યું છે. કોન્ફેડરેશન ઓફ આફ્રિકન ફૂટબોલ (CAF)એ સેનેગલની 1-0ની જીત રદ કરી દીધી છે. આ નિર્ણય 18 જાન્યુઆરીએ રમાયેલી ફાઈનલ મેચ દરમિયાન થયેલા વિવાદ બાદ લેવામાં આવ્યો છે.હકીકતમાં, મેચના અંતિમ સમયે સેનેગલના ખેલાડીઓએ રેફરીના એક નિર્ણયના વિરોધમાં મેદાન છોડી દીધું હતું, જેને નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવ્યું છે.18 જાન્યુઆરીએ રમાયેલી ફાઈનલ મેચમાં નિર્ધારિત સમય સુધી સ્કોર 0-0ની બરાબરી પર હતો. સ્ટોપેજ ટાઈમ (ઈન્જરી ટાઈમ)માં રેફરીએ યજમાન મોરોક્કોની તરફેણમાં એક પેનલ્ટી આપી. આ નિર્ણયથી સેનેગલના ખેલાડીઓ નારાજ થઈ ગયા અને વિરોધ સ્વરૂપે મેદાનમાંથી બહાર નીકળી ગયા. લગભગ 17 મિનિટ સુધી રમત અટકી રહી. બાદમાં ખેલાડીઓ પાછા ફર્યા, મોરોક્કોના બ્રાહિમ ડિયાઝ પેનલ્ટી પર ગોલ કરવામાં ચૂકી ગયા અને એક્સ્ટ્રા ટાઈમમાં સેનેગલના પાપે ગુયેએ ગોલ કરીને પોતાની ટીમને 1-0થી જીત અપાવી હતી.

ફાઈનલમાં વિવાદને કારણે 14 મિનિટ સુધી રમત અટકી રહી હતી. મોરોક્કો ફૂટબોલ ફેડરેશન (FRMF)એ મેચના પરિણામોને લઈને CAF ની અપીલ કમિટીમાં પડકાર ફેંક્યો હતો. CAFએ તેની તપાસમાં જાણવા મળ્યું કે સેનેગલે AFCON રેગ્યુલેશનના આર્ટિકલ 82નો ભંગ કર્યો છે. આ નિયમ મુજબ, જો કોઈ ટીમ રેફરીની મંજૂરી વિના મેચ પૂરી થાય તે પહેલાં મેદાન છોડે છે, તો તેને હારેલી માનવામાં આવે છે. આર્ટિકલ 84 હેઠળ આવી સ્થિતિમાં વિરોધી ટીમને 3-0 થી વિજેતા જાહેર કરવામાં આવે છે. આ જ આધારે સેનેગલને અયોગ્ય ઠેરવીને મોરોક્કોને 3-0 થી વિજેતા માની લેવામાં આવ્યું.નિર્ણય આવ્યા પછી, મોરોક્કો ફૂટબોલ ફેડરેશને એક નિવેદન બહાર પાડીને કહ્યું કે તેમની અપીલ કોઈ ટીમની કામગીરીને પડકારવા માટે ન હતી, પરંતુ ટુર્નામેન્ટના નિયમો લાગુ કરવા માટે હતી. ફેડરેશને કહ્યું, 'અમે નિયમોનું સન્માન કરવા અને આફ્રિકન સ્પર્ધાઓમાં સ્પષ્ટતા જાળવી રાખવા પ્રતિબદ્ધ છીએ. અમે આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ દેશોની પ્રશંસા કરીએ છીએ.'સેનેગલ ફૂટબોલ ફેડરેશને હજુ સુધી



કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. પરંતુ તેમની નેશનલ ટીમના X એકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ થયો. જેમાં ખેલાડીઓ બસ પરેડમાં ટ્રોફી સાથે ઉજવણી કરતા જોવા મળ્યા. સાથે 'OK' ઈમોજી હતું.ફાઈનલમાં પાપગુએ (26 નંબરની લીલી જર્સીમાં) સેનેગલ તરફથી 94મી મિનિટે ગોલ કરીને ટીમને જીત અપાવી હતી.આફ્રિકા કપમાં પહેલા પણ આવા વિવાદો થઈ ચૂક્યા છે આફ્રિકા કપ ઑફ નેશન્સના ઈતિહાસમાં આ પહેલીવાર નથી જ્યારે મોટી મેચ વિવાદોમાં ઘેરાઈ હોય. 2010ના આફ્રિકા કપમાં ટોગો ટીમ પર બસ હુમલા બાદ ટુર્નામેન્ટની સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા થયા હતા.2015ના આફ્રિકા કપમાં યજમાન ઈક્વેટોરિયલ ગિની પર રેફરીના નિર્ણયોને પ્રભાવિત કરવાનો આરોપ લાગ્યો હતો, જેના કારણે ઘાનાના ખેલાડીઓ અને અધિકારીઓ ખુલ્લેઆમ નારાજ દેખાયા હતા.2022ના આફ્રિકા કપમાં ટ્યુનિશિયા અને માલી વચ્ચે રમાયેલી મેચમાં રેફરીએ સમય પહેલા મેચ પૂરી કરી દીધી હતી, જેના પર ભારે વિવાદ થયો હતો. તે મેચ પછી CAF (આફ્રિકન ફૂટબોલ કોન્ફેડરેશન)ને સત્તાવાર સ્પષ્ટતા પણ આપવી પડી હતી.

### સૌથી મોટો IPL, આ વખતે 84 મેચ

# બેંગલુરુમાં 28 માર્ચે ડિફેન્ડિંગ ચેમ્પિયન RCB અને સનરાઈઝર્સ હૈદરાબાદની મેચથી શરૂઆત

## બરાબર 10 દિવસ પછી, એટલે કે 28 માર્ચની સાંજે જ્યારે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ટોસ માટે સિક્કો ઉછળશે

બરાબર 10 દિવસ પછી, એટલે કે 28 માર્ચની સાંજે જ્યારે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ટોસ માટે સિક્કો ઉછળશે, ત્યારે ભારતમાં માત્ર એક ટુર્નામેન્ટ નહીં, પરંતુ એક 'તહેવાર'ની શરૂઆત થશે. IPLની 19મી સીઝન તેના અત્યાર સુધીના સૌથી ભવ્ય અને લાંબા અવતારમાં આપણી સામે આવી રહી છે. આ સીઝન છેલ્લા 18 વર્ષના ઈતિહાસથી અલગ છે. આ વખતે 10 ટીમ વચ્ચે કુલ 84 મેચ રમાશે, જે તેને અત્યાર સુધીની સૌથી મોટી સીઝન બનાવશે. પહેલાં વધુમાં વધુ 74 મેચ થતી હતી. 10 ટીમ વચ્ચે દેશભરના 13 અલગ-અલગ સ્થળોએ 64 દિવસ સુધી ચોગ્ગા-છગ્ગાનો રોમાંચ જોવા મળશે. નવી સીઝન માટે તમામ 10 ટીમે તૈયારીઓ તેજ કરી દીધી છે



અને પ્રી-સીઝન ટ્રેનિંગ કેમ્પ દ્વારા ખેલાડીઓ મેચ મોડમાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વર્લ્ડ કપ પૂરો થયાના બરાબર 20 દિવસ પછી IPL શરૂ થઈ રહી છે. આવા સમયે, BCCI અને IPL ફ્રેન્ચાઈઝીઓ મળીને ઘણા મુખ્ય ખેલાડીઓના વર્કલોડ પર પણ નજર રાખી રહી છે.

ચેન્નઈના કેપ્ટન ઋતુરાજ, ધોની સહિત ઘણા ખેલાડીઓ 1 માર્ચથી નવેલુર સ્થિત હાઈ પરફોર્મન્સ સેન્ટરમાં અભ્યાસ શરૂ કરી ચૂક્યા છે. જ્યારે, RCBએ 10 ફેબ્રુઆરીથી કેમ્પ શરૂ કર્યો, જેમાં જીતેશ, વેંકટેશ અને સુયશ શર્મા જેવા ખેલાડીઓ સામેલ રહ્યા. ગુજરાતના 16 ફેબ્રુઆરીથી નાથદ્વારામાં આયોજિત કેમ્પમાં કેપ્ટન શુભમન અને સાઈ સુદર્શન સામેલ હતા. ટીમ જાન્યુઆરીમાં પણ કેમ્પ કરી ચૂકી છે. પંજાબ કિંગ્સે 8-14 ફેબ્રુઆરી સુધી અબુ ધાબીમાં કેમ્પ કર્યો. ટીમનો બીજો કેમ્પ પણ શરૂ થઈ ચૂક્યો છે. લખનઉએ પોતાના ઝડપી બોલરોને ડરબન મોકલ્યા હતા. હવે મુખ્ય કેમ્પ લખનઉમાં શરૂ થઈ ચૂક્યો છે. સનરાઈઝર્સ હૈદરાબાદ, મુંબઈ, રાજસ્થાન, KKR, દિલ્હીનો પણ કેમ્પ શરૂ થઈ ચૂક્યો છે.'બિગ-3'નું મિશન: ધોની, રોહિત, કોહલી છેલ્લી વાર એકસાથે રમતા જોવા મળી શકે છેIPLના 19 વર્ષના સફરમાં ત્રણ એવા ચહેરા છે, જેમણે આ લીગને 'કલ્ટ' બનાવી છે. આ છે એમએસ ધોની, રોહિત શર્મા અને વિરાટ કોહલી. આ છેલ્લી સીઝન હોઈ શકે છે, જ્યારે ત્રણેય એકસાથે રમતા જોવા મળે. ચેન્નઈના 'થાલા'એ એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં થોડા અઠવાડિયા પહેલા પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. ચર્ચા છે કે 44 વર્ષની ઉંમરે આ ધોનીની વિદાય સીઝન હોઈ શકે છે. પરંતુ, તેમની ફિટનેસ અને લાંબા છગ્ગા જોઈને લાગે છે કે તેઓ હજુ પણ કોઈ યુવા ખેલાડીને હંફાવી શકે છે. ફ્રેન્ચાઈઝીના સૂત્રો અનુસાર, આ વખતે તેઓ કદાચ 'ઈમ્પેક્ટ પ્લેયર' તરીકે વધુ જોવા મળશે.

# રિયલ મેડ્રિડ ચેમ્પિયન્સ લીગના ક્વાર્ટર ફાઈનલમાં:માન્ચેસ્ટર સિટીને હરાવ્યું

15 વખતની ચેમ્પિયન રિયલ મેડ્રિડ UEFA ચેમ્પિયન્સ લીગના ક્વાર્ટરફાઈનલમાં પહોંચી ગઈ છે. પ્રી-ક્વાર્ટરફાઈનલમાં માન્ચેસ્ટર સિટીને તેના જ ઘરમાં હરાવીને અંતિમ-8માં સ્થાન મેળવી લીધું છે. મેડ્રિડ ઉપરાંત આર્સેનલ, પેરિસ સેન્ટ-જર્મન (PSG) અને સ્પોર્ટિંગ સીપીએ પણ ક્વાર્ટરફાઈનલની ટિકિટ મેળવી લીધી છે. આ રાઉન્ડના સૌથી મોટા અપસેટમાં સ્પોર્ટિંગ સીપીએ પ્રથમ લેગમાં 0-3થી પાછળ રહ્યા બાદ બીજા લેગમાં બોડો ગ્લિમ્ટને 5-0થી હરાવીને શાનદાર વાપસી કરી.માન્ચેસ્ટરના ઈતિહાદ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં રિયલ મેડ્રિડે સિટીને 2-1થી હરાવ્યું. એગ્રીગેટ (બંને મેચનો કુલ સ્કોર)ના આધારે મેડ્રિડે 5-1થી જીત મેળવી. મેચની 20મી મિનિટે સિટીના બર્નાર્ડો સિલ્વાને હેન્ડબોલ માટે રેડ કાર્ડ બતાવવામાં આવ્યો, જેના કારણે ટીમ 10 ખેલાડીઓ પર સિમિત થઈ ગઈ. 22મી મિનિટે વિનિસિયસ જુનિયરે પેનલ્ટીને ગોલમાં ફેરવીને મેડ્રિડને લીડ અપાવી. 41મી મિનિટે અર્લિંગ હાલેન્ડે ગોલ કરીને સિટીની આશાઓ જગાવી, પરંતુ એક્સ્ટ્રા ટાઈમમાં વિનિસિયસના બીજા ગોલે સિટીનો સફર સમાપ્ત કરી દીધો. પેરિસ સેન્ટ-જર્મન (PSG)એ



ચેલ્સી સામે પોતાનો દબદબો જાળવી રાખ્યો. હોમ ગ્રાઉન્ડ પર 5-2ની જીત પછી, લંડનમાં રમાયેલા બીજા લેગમાં પણ PSGએ 3-0થી જીત મેળવી. ખ્વિચા ક્વારાત્સખેલિયાએ છટ્ઠી અને બ્રેડલી બારકોલાએ 14મી મિનિટે ગોલ કરીને હાફ ટાઈમ સુધી ચેલ્સીને બેકફૂટ પર ધકેલી દીધી હતી. 62મી મિનિટે સેની મયુલુના ગોલે ચેલ્સીની હાર પર મહોર લગાવી દીધી. ચેલ્સી પાછલી બે સીઝનમાં ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી, પરંતુ આ વખતે રાઉન્ડ ઑફ 16માં જ બહાર થઈ ગઈ.સ્પોર્ટિંગ સીપીએ બીજા લેગમાં બોડો ગ્લિમ્ટને 5-0 થી હરાવ્યુંલિસ્બનમાં રમાયેલી મેચમાં સ્પોર્ટિંગ સીપીએ તેના ચાહકોને આશ્ચર્યચકિત કર્યા. પ્રથમ લેગમાં બોડો ગ્લિમ્ટ સામે 0-3 થી હારનાર સ્પોર્ટિંગે બીજા લેગમાં 5-0 થી જીત નોંધાવી. હાફ ટાઈમ સુધી સ્કોર 1-0 હતો અને એગ્રીગેટ સ્કોરમાં બોડો ગ્લિમ્ટ 3-1 થી આગળ હતી.

# LPG સિલિન્ડરની અછત પર અક્ષય કુમારનું રિએક્શન:પત્ની ટ્વિંકલે 2 ઈન્ડક્શન ઓર્ડર કર્યા

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ભારતમાં LPG સિલિન્ડરની અછત સર્જાઈ છે.દેશમાં કોમર્શિયલ સિલિન્ડર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના કારણે સામાન્ય જનતામાં પણ સિલિન્ડર માટે પડાપડી થઈ રહી છે. આ દરમિયાન એક્ટર અક્ષય કુમારે આ અછત પર પ્રતિક્રિયા આપી છે. તેમનું કહેવું છે કે તેમની પત્ની ટ્વિંકલ ખન્નાએ સમાચાર મળતા જ ઈન્ડક્શન ખરીદી લીધું છે.અક્ષય કુમાર મંગળવારે BMC કમિશનર ભૂષણ ગગરાણીની પ્રેસ કોન્ફરન્સનો ભાગ બન્યા હતા. આ દરમિયાન તેને ગેસ સિલિન્ડરની અછત અંગે સવાલ પૂછવામાં આવ્યો, તો એક્ટરે કહ્યું- "જુઓ અત્યાર સુધી તો કોઈ સમસ્યા નથી. પરંતુ જે નવું ઓવન આવ્યું છે, જે ઈન્ડક્શન જેવું છે. અમે બે ખરીદી લીધા છે. તે ઘરે પહોંચ્યું છે કે નહીં, તે મને હજુ સુધી ખબર નથી."અક્ષય કુમાર પાસે હાલમાં ઘણી મોટી ફિલ્મો છે. તે ટૂંક સમયમાં ફિલ્મ 'ભૂત બંગલા'માં જોવા મળશે, જે એક હોરર કોમેડી ફિલ્મ છે. 2 એપ્રિલે રિલીઝ થનારી આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે વામિકા ગબ્બી, તબ્બુ, પરેશ રાવલ અને રાજપાલ યાદવ મુખ્ય ભૂમિકામાં છે. આ ઉપરાંત, અક્ષય 'વેલકમ ટુ ધ જંગલ', 'હેરાફેરી 3' અને 'હૈવાન'માં પણ જોવા મળશે.અક્ષયે તાજેતરમાં રોહિત શેટ્ટીની ગોલમાલ ફ્રેન્ચાઈઝીની 5મી ફિલ્મ 'ગોલમાલ' પણ શરૂ કરી દીધી છે. તો તમે પણ ખરીદી લો."જ્યારે એક્ટરને પૂછવામાં આવ્યું કે- શું તે ઈન્ડક્શન તેના ઘરે પહોંચી ગયું છે, તો એક્ટરે કહ્યું, "હાલમાં તો મને આ ખબર નથી, પરંતુ મને એટલું ખબર છે કે મારી પત્નીએ તેને ઓર્ડર કરી દીધો છે. તે ઘરે પહોંચ્યું છે કે નહીં, તે મને હજુ સુધી ખબર નથી."અક્ષય કુમાર પાસે હાલમાં ઘણી મોટી ફિલ્મો છે. તે ટૂંક સમયમાં ફિલ્મ 'ભૂત બંગલા'માં જોવા મળશે, જે એક હોરર કોમેડી ફિલ્મ છે. 2 એપ્રિલે રિલીઝ થનારી આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે વામિકા ગબ્બી, તબ્બુ, પરેશ રાવલ અને રાજપાલ યાદવ મુખ્ય ભૂમિકામાં છે. આ ઉપરાંત, અક્ષય 'વેલકમ ટુ ધ જંગલ', 'હેરાફેરી 3' અને 'હૈવાન'માં પણ જોવા મળશે. અક્ષયે તાજેતરમાં રોહિત શેટ્ટીની ગોલમાલ ફ્રેન્ચાઈઝીની 5મી ફિલ્મ 'ગોલમાલ' પણ શરૂ કરી દીધી છે.

# ન્યૂઝીલેન્ડે બીજી T20માં સાઉથ આફ્રિકાને હરાવ્યું:6 ખેલાડીઓ 10નો આંકડો પાર કરી શક્યા નહી, 5 મેચની સિરીઝ 1-1 થી બરાબર

ન્યૂઝીલેન્ડે બીજી T20 મેચમાં સાઉથ આફ્રિકાને 68 રનથી હરાવીને સિરીઝમાં વાપસી કરી છે. આ જીત સાથે 5 મેચની સિરીઝ હવે 1-1થી બરાબરી પર આવી ગઈ છે. પહેલી મેચમાં સાઉથ આફ્રિકાએ કિવીઝને 91 રન પર ઓલઆઉટ કરીને જીત મેળવી હતી. સિરીઝની ત્રીજી મેચ 20 માર્ચે ઓકલેન્ડમાં રમાશે. મંગળવારે હેમિલ્ટનમાં રમાયેલી મેચમાં સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. ન્યૂઝીલેન્ડે 20 ઓવરમાં છ વિકેટે 175 રન બનાવ્યા. તેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ 15.3 ઓવરમાં 107 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. ન્યૂઝીલેન્ડ માટે ટોમ લેથમે ઈનિંગ્સની શરૂઆત કરી, પરંતુ તે માત્ર 11 રન બનાવીને આઉટ થઈ ગયો. ત્યારબાદ ટિમ રોબિન્સન 1, નિક કેલી 21, કેપ્ટન મિચેલ સેન્ટનર 20 રન બનાવીને આઉટ થયા. જોકે, બીજા ઓપનર ડેવોન કોનવેએ અડધી સદી ફટકારી. તેણે 49 બોલમાં 5 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 60 રન બનાવ્યા. ત્યારબાદ અંતમાં કોલ મેકોન્ચી અને જોશ ક્લાર્કસને ટીમને 175 રન સુધી પહોંચાડી દીધી. ક્લાર્કસને 9 બોલમાં અણનમ 26 રન બનાવ્યા.સાઉથ આફ્રિકા માટે બ્યોર્ન ફોર્ટુઈને 2 વિકેટ લીધી. જ્યોર્જ લિન્ડે, કેશવ મહારાજ, બ્યોર્ન હેન્ડ્રિક્સ અને ઓટનીલ બાર્ટમેનને 1-1 વિકેટ મળી.176 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. 67ના સ્કોર પર અડધી ટીમ પેવેલિયન પરત ફરી.

### બંને વચ્ચે 28 માર્ચે ઓપનિંગ મેચ

# RCBના હેઝલવુડ IPLની શરૂઆતની 2 મેચ નહીં રમે:SRHના કમિન્સનું રમવું પણ મુશ્કેલ

• નવી દિલ્હી

IPL 2026 શરૂ થાય તે પહેલાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને મોટો ફટકો લાગ્યો છે. ટીમના મુખ્ય ઝડપી બોલર જોશ હેઝલવુડ શરૂઆતની 2 મેચમાં રમી શકશે નહીં. તે ઈજામાંથી સાજા થઈ રહ્યો છે અને હજુ સંપૂર્ણપણે ફિટ નથી.

હેઝલવુડ હેમસ્ટ્રિંગ અને એચિલીસની સમસ્યાથી ઝઝૂમી રહ્યો છે. આ જ કારણોસર તે એશિઝ સિરીઝમાં પણ રમી શક્યો નહોતો. હેઝલવુડે ગત સીઝનમાં 22 વિકેટ લઈને RCBને ખિતાબ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હેઝલવુડ ઉપરાંત, સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન



પેટ કમિન્સ પણ શરૂઆતી મેચમાં ઉપલબ્ધ રહેશે નહીં. તે પીઠની ઈજામાંથી સાજો થઈ રહ્યો છે અને લાંબા સમયથી રિહેબમાં છે.

બેંગલુરુ અને હૈદરાબાદ વચ્ચે 28 માર્ચે IPLની ઓપનિંગ મેચ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે. 11 માર્ચે BCCIએ લીગની શરૂઆતની 20 મેચનું શેડ્યૂલ જાહેર કર્યું છે.

કમિન્સની ગેરહાજરીમાં હૈદરાબાદને કામચલાઉ કેપ્ટન પસંદ કરવો પડી શકે છે. આમાં ઈશાન કિશનની દાવેદારી સૌથી મજબૂત છે. કિશને પોતાની આગેવાનીમાં ઝારખંડને પહેલીવાર સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતાડી છે. બંને ખેલાડીઓ T20 વર્લ્ડ કપમાં પણ ભાગ લઈ શક્યા ન હતા. ઓસ્ટ્રેલિયા ટીમ મેનેજમેન્ટ તેમની ફિટનેસને લઈને સાવચેત છે અને તેમને સંપૂર્ણપણે ફિટ થવા માટે સમય આપવામાં આવી રહ્યો છે.ઓસ્ટ્રેલિયાના પસંદગીકારોએ પણ સ્પષ્ટ કર્યું છે કે ખેલાડીઓ માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ પ્રાથમિકતા છે. આગામી સમયમાં ટીમને સાઉથ આફ્રિકા, ભારત અને ઈંગ્લેન્ડ સામે મહત્વની સિરીઝ રમવાની છે, સાથે જ 2027 વન-ડે વર્લ્ડ કપ પણ સામેલ છે.

### AICWAએ સેંસર બોર્ડને પત્ર લખી વિરોધ નોંધાવ્યો; અરમાન મલિક, હરભજને પણ ટીકા કરી હતી

# નોરા ફતેહી-સંજય દત્તનું 'સરકે ચુનર' ગીત યુટ્યુબ પરથી હટાવાયું

## સંજય દત્ત, શિલ્પા શેટ્ટી અને નોરા ફતેહી સ્ટારર ફિલ્મ 'કેડીઃ ધ ડેવિલ'નું નવું ગીત 'સરકે ચુનર તેરી સરકે' રિલીઝ થતા જ વિવાદમાં ફસાઈ ગયું છે

સંજય દત્ત, શિલ્પા શેટ્ટી અને નોરા ફતેહી સ્ટારર ફિલ્મ 'કેડીઃ ધ ડેવિલ'નું નવું ગીત 'સરકે ચુનર તેરી સરકે' રિલીઝ થતા જ વિવાદમાં ફસાઈ ગયું છે. લોકોના વિરોધ અને કાનૂની ફરિયાદો બાદ તેને યુટ્યુબ પરથી હટાવી દેવામાં આવ્યું છે. સંજય દત્ત અને નોરા ફતેહી પર ફિલ્માવાયેલા આ ગીત પર અશ્લીલતા ફેલાવવાનો આરોપ છે. અશ્લીલ લિરિક્સ અને વિઝ્યુઅલ્સને લઈને સોશિયલ મીડિયા પર પણ ગીતનો ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. AICWAએ CBFCને પત્ર લખી વિરોધ નોંધાવ્યો જ્યારે ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) ના ચેરમેન પ્રસૂન જોશીને અધિકૃત પત્ર લખીને ગીત વિરુદ્ધ સખત વિરોધ નોંધાવ્યો છે.

AICWA નું કહેવું છે કે, 'આ પ્રકારનું અશ્લીલ અને ડબલ મિનિંગ કન્ટેન્ટ ભારતીય સિનેમા માટે સ્વીકાર્ય નથી.' 'સરકે ચુનર તેરી સરકે' ગીત સંજય દત્ત અને નોરા ફતેહી પર ફિલ્માવવામાં આવ્યું છે. 'સરકે ચુનર તેરી સરકે' ગીત સંજય દત્ત અને નોરા ફતેહી પર ફિલ્માવવામાં આવ્યું છે. યુટ્યુબ પરથી ગીતનો વીડિયો હટાવાયો

જેવું આ ગીત સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર રિલીઝ થયું, યુઝર્સે તેના બોલ અને વિઝ્યુઅલ્સને 'અશ્લીલ' અને 'ડબલ મિનિંગ' ગણાવ્યા. વિવાદ એટલો વધ્યો કે રિલીઝના માત્ર એક દિવસ પછી જ મેકર્સે તેને હટાવી લીધું.

હવે યુટ્યુબ પર ગીતની લિંક પર ક્લિક કરવાથી 'વીડિયો ઉપલબ્ધ નથી, આ વીડિયો પ્રાઈવેટ છે' એવો મેસેજ દેખાઈ રહ્યો છે. નોરા ફતેહીએ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આ ગીતના વીડિયોને ડિલીટ કરી દીધો છે. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, આ ગીત સમાજમાં અશ્લીલતાને પ્રોત્સાહન આપે છે. ફરિયાદીએ ગીતકાર રકીબ આલમ, ડિરેક્ટર પ્રેમ અને સંગીતકાર અર્જુન જાન્યા વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે.આ ગીત ફિલ્મ 'કેડીઃ ધ ડેવિલ'નું એક સ્પેશિયલ નંબર છે. આમાં નોરા ફતેહીએ ઘાઘરા-ચોલી પહેરીને ડાન્સ કર્યો છે. ગીતનો હૂક સ્ટેપ, જેમાં નોરા પોતાના પલ્લુનો ઉપયોગ કરે છે, રિલીઝ થતાની સાથે જ ચર્ચામાં આવી ગયો હતો. જોકે, ફિલ્મના નિર્માતાઓ, સંજય દત્ત કે નોરા ફતેહી તરફથી હજુ સુધી આ વિવાદ પર કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. નોરા ફતેહી-સંજય દત્તનું 'સરકે ચુનર તેરી' ગીત પર પ્રતિબંધ મૂકવા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને રજૂઆત'સરકે ચુનર'




ગીતના શબ્દો અને વિઝ્યુઅલ્સ અશ્લીલ હોવાના આક્ષેપ લાગ્યા છે. 'સરકે ચુનર' ગીતના શબ્દો અને વિઝ્યુઅલ્સ અશ્લીલ હોવાના આક્ષેપ લાગ્યા છે.

'સરકે ચુનર તેરી સરકે'ને લઈને ચંદીગઢ કાઉન્સિલ ઓફ લોયર્સના ચેરમેન અને પંજાબ-હરિયાણા હાઈકોર્ટના એડવોકેટ વાસુ રંજન શાંડિલ્યએ મંગળવારે ચંદીગઢના એસએસપીને ફરિયાદ કરી છે. સાથે જ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને અપીલ કરવામાં આવી છે કે, મેકર્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

યુટ્યુબ પર 'વીડિયો ઉપલબ્ધ નથી, આ વીડિયો પ્રાઈવેટ છે' એવો મેસેજ દેખાઈ રહ્યો છે.યુટ્યુબ પર 'વીડિયો ઉપલબ્ધ નથી, આ વીડિયો પ્રાઈવેટ છે' એવો મેસેજ દેખાઈ રહ્યો છે. અરમાન મલિક અને હરભજન સિંહે વિરોધ નોંધાવ્યો

આ ગીતને લઈને માત્ર સામાન્ય લોકો જ નહીં, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને રમત જગતની હસ્તીઓએ પણ નારાજગી વ્યક્ત કરી છે. સિંગર અરમાન મલિકે સોશિયલ મીડિયા પર આ ગીતની ટીકા કરતા તેને ગીત-લેખનના ક્ષેત્રમાં 'પતનનું નવું ઉદાહરણ' ગણાવ્યું.

તો, પૂર્વ ક્રિકેટર હરભજન સિંહે પણ ગીતના કન્ટેન્ટનો સખત વિરોધ કર્યો છે. લોકોનું કહેવું છે કે, 'નોરાના ડાન્સ સ્ટેપ્સ અને એક્સપ્રેશન્સ ખૂબ જ વલ્ગર છે, જેની યુવાનો પર ખોટી અસર પડશે.'

સિંગર અરમાન મલિકે ગીતને 'પતનનું નવું ઉદાહરણ' ગણાવ્યું છે.સિંગર અરમાન મલિકે ગીતને 'પતનનું નવું ઉદાહરણ' ગણાવ્યું છે.NHRCની નોટિસ અને દિલ્હી પોલીસમાં ફરિયાદગીત વિરુદ્ધ કાનૂની સકંજો પણ કસાઈ રહ્યો છે. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC) એ વાંધાજનક બોલના ઉપયોગને લઈને ફિલ્મના પ્રોડ્યુસર્સને નોટિસ જારી કરી છે. આ ઉપરાંત, સામાજિક કાર્યકર્તા અને વકીલે દિલ્હી પોલીસની સાયબર સેલમાં આ ગીત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, આ ગીત સમાજમાં અશ્લીલતાને પ્રોત્સાહન આપે છે. ફરિયાદીએ ગીતકાર રકીબ આલમ, ડિરેક્ટર પ્રેમ અને સંગીતકાર અર્જુન જાન્યા વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે.આ ગીત ફિલ્મ 'કેડીઃ ધ ડેવિલ'નું એક સ્પેશિયલ નંબર છે. આમાં નોરા ફતેહીએ ઘાઘરા-ચોલી પહેરીને ડાન્સ કર્યો છે. ગીતનો હૂક સ્ટેપ, જેમાં નોરા પોતાના પલ્લુનો ઉપયોગ કરે છે, રિલીઝ થતાની સાથે જ ચર્ચામાં આવી ગયો હતો. જોકે, ફિલ્મના નિર્માતાઓ, સંજય દત્ત કે નોરા ફતેહી તરફથી હજુ સુધી આ વિવાદ પર કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. નોરા ફતેહી-સંજય દત્તનું 'સરકે ચુનર તેરી' ગીત પર પ્રતિબંધ મૂકવા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને રજૂઆત'સરકે ચુનર' ગીતના શબ્દો અને વિઝ્યુઅલ્સ અશ્લીલ હોવાના આક્ષેપ લાગ્યા છે. 'સરકે ચુનર' ગીતના શબ્દો અને વિઝ્યુઅલ્સ અશ્લીલ હોવાના આક્ષેપ લાગ્યા છે.

'સરકે ચુનર તેરી સરકે'ને લઈને ચંદીગઢ કાઉન્સિલ ઓફ લોયર્સના ચેરમેન અને પંજાબ-હરિયાણા હાઈકોર્ટના એડવોકેટ વાસુ રંજન શાંડિલ્યએ મંગળવારે ચંદીગઢના એસએસપીને ફરિયાદ કરી છે. સાથે જ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને અપીલ કરવામાં આવી છે કે, મેકર્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

### કોમેડિયનના સ્વાસ્થ્યને લઈ ચાહકો ચિંતિત

# ઝાકિર ખાન મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ:નાના ભાઈના વ્લોગમાં ખુલાસો થયો



સ્ટેન્ડઅપ કોમેડિયન ઝાકિર ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તે હોસ્પિટલમાં દાખલ જોવા મળી રહ્યો છે. આ વીડિયો ઝાકિર ખાનના નાના ભાઈ અરબાઝ ખાને પોતાના રમઝાન વ્લોગમાં શેર કર્યો હતો. વ્લોગમાં તે દર્શકોને હોસ્પિટલનો તે રૂમ બતાવે છે, જ્યાં ઝાકિર દાખલ છે. વીડિયોમાં ઝાકિર એક હોસ્પિટલના કપડાં પહેરેલો દેખાઈ રહ્યો છે, જેના પર લીલાવતી હોસ્પિટલનું નામ છપાયેલું છે.

વીડિયોમાં ઝાકિર અને તેના ભાઈને ICC મેન્સ T20 વર્લ્ડ કપ દરમિયાન ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ મેચ જોતા પણ જોઈ શકાય છે. આના પરથી અનુમાન લગાવી શકાય છે કે ઝાકિર 5 માર્ચની આસપાસ હોસ્પિટલમાં દાખલ થયો. જોકે, હોસ્પિટલમાં દાખલ થવાનું કારણ હજુ સામે આવ્યું નથી અને એ પણ જાણકારી સામે આવી નથી કે, તે હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે કે નહીં. વ્લોગ શેર કર્યો હતો, જેમાં ઝાકીર હોસ્પિટલમાં એડમિટ હોવાનું દેખાઈ રહ્યું હતું. અરબાઝે વ્લોગ શેર કર્યો હતો, જેમાં ઝાકીર હોસ્પિટલમાં એડમિટ હોવાનું દેખાઈ રહ્યું હતું.વીડિયો સામે આવ્યા બાદ ફેન્સે સોશિયલ મીડિયા પર તેમની તબિયતને લઈને પ્રશ્નો પૂછ્યા અને જલ્દી સ્વસ્થ થવાની કામના કરી. અરબાઝની પોસ્ટ પર કમેન્ટ કરતા યુઝર્સે ઝાકિરની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી અને તેના જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી. અરબાઝની પોસ્ટ પર કમેન્ટ કરતા યુઝર્સે ઝાકિરની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી અને તેના જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.નોંધનીય છે કે, આ વીડિયો એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ઝાકિરે તાજેતરમાંસ્ટેન્ડ-અપ કોમેડીમાંથી બ્રેક લેવાની વાત કરી હતી. જાન્યુઆરીમાં હૈદરાબાદમાં એક શો દરમિયાન તેણે કહ્યું હતું કે, તે પોતાની તબિયત અને કેટલીક અન્ય બાબતો પર ધ્યાન આપવા માટે બ્રેક લેવા માંગે છે. જોકે, બાદમાં ઝાકિર ખાને સ્વાસ્થ્યને લઈને ચાલી રહેલી અટકળો પર પ્રતિક્રિયા આપી અને કહ્યું કે આ સ્થિતિને વધારી-ચઢાવીને રજૂ કરવામાં આવી છે. વીડિયોમાં ઝાકિર અને તેના ભાઈને ICC મેન્સ T20 વર્લ્ડ કપ દરમિયાન ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ મેચ જોતા પણ જોઈ શકાય છે. આના પરથી અનુમાન લગાવી શકાય છે કે ઝાકિર 5 માર્ચની આસપાસ હોસ્પિટલમાં દાખલ થયો. જોકે, હોસ્પિટલમાં દાખલ થવાનું કારણ હજુ સામે આવ્યું નથી અને એ પણ જાણકારી સામે આવી નથી કે, તે હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે કે નહીં. વ્લોગ શેર કર્યો હતો, જેમાં ઝાકીર હોસ્પિટલમાં એડમિટ હોવાનું દેખાઈ રહ્યું હતું. અરબાઝે વ્લોગ શેર કર્યો હતો, જેમાં ઝાકીર હોસ્પિટલમાં એડમિટ હોવાનું દેખાઈ રહ્યું હતું.વીડિયો સામે આવ્યા બાદ ફેન્સે સોશિયલ મીડિયા પર તેમની તબિયતને લઈને પ્રશ્નો પૂછ્યા અને જલ્દી સ્વસ્થ થવાની કામના કરી. અરબાઝની પોસ્ટ પર કમેન્ટ કરતા યુઝર્સે ઝાકિરની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી અને તેના જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.અરબાઝની પોસ્ટ પર કમેન્ટ કરતા યુઝર્સે ઝાકિરની તબિયતને લઈને ચિંતા વ્યક્ત કરી અને તેના જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી.નોંધનીય છે કે, આ વીડિયો એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ઝાકિરે તાજેતરમાંસ્ટેન્ડ-અપ કોમેડીમાંથી બ્રેક લેવાની વાત કરી હતી. જાન્યુઆરીમાં હૈદરાબાદમાં એક શો દરમિયાન તેણે કહ્યું હતું કે, તે પોતાની તબિયત અને કેટલીક અન્ય બાબતો પર ધ્યાન આપવા માટે બ્રેક લેવા માંગે છે. જોકે, બાદમાં ઝાકિર ખાને સ્વાસ્થ્યને લઈને ચાલી રહેલી અટકળો પર પ્રતિક્રિયા આપી અને કહ્યું કે આ સ્થિતિને વધારી-ચઢાવીને રજૂ કરવામાં આવી છે.

### ગાળોવાળા ડાયલોગ મ્યૂટ, 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો જોઈ શકશે નહીં

# પહેલા ભાગ કરતાં પણ લાંબી હશે 'ધુરંધર 2':સેન્સર બોર્ડે 21 ફેરફારો કરાવ્યા

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ને સેન્સર બોર્ડ તરફથી સર્ટિફિકેટ મળી ગયું છે. 19 માર્ચે રિલીઝ થઈ રહેલી આ મોસ્ટ અવેટેડ ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી પણ સર્ટિફિકેટ મળી ગયું છે. તાજેતરમાં આવેલા વેરાયટી ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ફિલ્મને A (એડલ્ટ ઓન્લી) સર્ટિફિકેટ આપ્યું છે. એટલે કે 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો આ ફિલ્મ જોઈ શકશે નહીં. 'ધુરંધર'ના પહેલા ભાગનો રનટાઈમ 214 મિનિટ એટલે કે 3 કલાક 34 મિનિટ હતો, જોકે હવે 'ધુરંધર 2' આનાથી પણ લાંબી થવાની છે. રિપોર્ટ અનુસાર, 'ધુરંધરઃ ધ રિવેન્જનો રનટાઈમ' 229 મિનિટનો થવાનો છે. એટલે કે આ ફિલ્મ 3 કલાક 49 મિનિટની હશે. આ સાથે ધુરંધર 2, બોલિવૂડની સૌથી લાંબી ફિલ્મોની યાદીમાં 6ઠ્ઠા નંબર પર સ્થાન મેળવી ચૂકી છે.



મૂવીમાં હિંસક દ્રશ્યો અને વિચલિત કરનારા દ્રશ્યોને ટેગ કરવામાં આવ્યા છે.ડ્રગ્સ સંબંધિત તમામ સીનમાં ચેતવણી ઉમેરવામાં આવી છે.કેટલાક અપશબ્દો બદલવામાં આવ્યા. હથોડાથી માથા પર મારવાના દ્રશ્યો ટૂંકા કરવામાં આવ્યા. માથું કાપવાના અને લાત મારવાના દ્રશ્યો ઘટાડવામાં આવ્યા. સિમેન્ટના પથ્થરથી માથા પર મારવાના દ્રશ્યો ઘટાડવામાં આવ્યા.આંખ ફોડવાનું દ્રશ્ય ટૂંકું કરવામાં આવ્યું. એક વાંધાજનક શબ્દ બદલવામાં આવ્યો. એક શબ્દનો અવાજ દૂર કરવામાં આવ્યો.એક નામ બદલવામાં આવ્યું. સબટાઈટલમાં નોટબંધીની તારીખો સુધારવામાં આવી.

વડાપ્રધાન સંબંધિત સંદર્ભો અને ન્યૂઝ ફૂટેજના ઉપયોગની મંજૂરી આપવામાં આવી. ડ્રગ્સવાળા દ્રશ્ય પર કાયમી ચેતવણી ઉમેરવામાં આવી.અંગ્રેજી સબટાઈટલ સુધારવામાં આવ્યા અને ખોટો/અયોગ્ય ટેક્સ્ટ દૂર કરવામાં આવ્યો.માહિતીવાળા ભાગમાં "લાહોર" ની જગ્યાએ "દિલ્હી" કરવામાં આવ્યું.ફિલ્મની સ્ક્રિપ્ટને દ્રશ્યો, સંવાદો અને ગીતો અનુસાર સુધારવામાં આવી. ફિલ્મનું મુખ્ય ટાઈટલ ઉમેરવામાં આવ્યું.વારાણસીના ભાગમાં હિન્દી ટેક્સ્ટ ઉમેરવામાં આવ્યો. બધા ગીતોમાં સબટાઈટલ ઉમેરવામાં આવ્યા અને એન્ડ ક્રેડિટ 1 મિનિટ ઓછી કરવામાં આવી. પ્રાણીઓના દ્રશ્યો માટે જરૂરી પ્રમાણપત્ર જમા કરવામાં આવ્યું.ફિલ્મનો રનટાઈમ 1 મિનિટ 34 સેકન્ડ ઓછો થયોઆ બધા ફેરફારો સાથે ફિલ્મનો 1 મિનિટ 34 સેકન્ડનો રનટાઈમ પણ ઓછો કરવામાં આવ્યો છે. જો આ ફેરફારો ન થયા હોત તો ફિલ્મ 230 મિનિટથી પણ લાંબી હોત.ફિલ્મ 'ધુરંધર 2' 19 માર્ચના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આજ રાત 8 વાગ્યાથી તેનું પેઈડ પ્રિવ્યૂ શરૂ કરવામાં આવશે. ફિલ્મમાં રણવીર સિંહ, સારા અર્જુન, સંજય દત્ત, અર્જુન રામપાલ મહત્વના પાત્રોમાં છે. આદિત્ય ધરે ફિલ્મનું નિર્દેશન કર્યું છે. તેનો પહેલો ભાગ સુપરહિટ રહ્યો હતો. ફિલ્મ ભારતમાં સૌથી વધુ કલેક્શન કરનારી બોલિવૂડ ફિલ્મ રહી. જ્યારે ધુરંધર 2025ની પણ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે.

### 'કેરલા સ્ટોરી 2'માં ગીત લખવું મોટી જવાબદારી

# સંસ્કૃતિ, મા ભવાની અને રાજસ્થાનની પરંપરાથી પ્રેરિત થઈને એક રાતમાં 'ઘૂમ્મર' લખ્યું :સાહિલ સુલતાનપુરી




ફિલ્મ 'ધ કેરલા સ્ટોરી 2' માં 'ઘૂમર' ગીત લખનાર ગીતકાર સાહિલ સુલતાનપુરી આ દિવસોમાં ચર્ચામાં છે. તેમણે દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે આ ગીત તેમણે દુર્ગા પૂજા દરમિયાન એક રાતમાં લખ્યું. સાહિલ કહે છે કે ગીત મા ભવાની, રાજસ્થાની સંસ્કૃતિ અને ભારતીય પરંપરાથી પ્રેરિત છે, તેથી તેને લખતી વખતે વધુ જવાબદારી પણ અનુભવાઈ. તેમણે એમ પણ કહ્યું કે ફિલ્મને લઈને થયેલા વિવાદ કરતાં વધુ જરૂરી છે કે દર્શકો પોતે થિયેટરમાં જઈને ફિલ્મ જુએ અને નિર્ણય કરે. વાતચીતમાં તેમણે પોતાના સંઘર્ષ, ઈન્ડસ્ટ્રીના અનુભવ અને આવનારા પ્રોજેક્ટ્સ પર પણ ખુલીને વાત કરી.પ્રસ્તુત છે કેટલાક મુખ્ય અંશ.. આ ફિલ્મ માટે મન્નાન શાહ ભાઈનો ફોન આવ્યો હતો. તેમણે કહ્યું કે ફિલ્મમાં એક ઘૂમર ગીત જોઈએ છે. તે સમયે હું કોલકાતામાં દુર્ગા પૂજામાં હતો. તેમણે ટ્યુન મોકલી અને કહ્યું કે આજે જ જોઈએ છે. આખી રાત જાગીને મેં ગીત લખ્યું અને રાતે લગભગ 2 વાગ્યે મોકલી દીધું.આ ગીત લખતી વખતે તમારા મનમાં શું ચાલી રહ્યું હતું?

જ્યારે તમે કોઈ સંસ્કૃતિને રજૂ કરો છો ત્યારે જવાબદારી વધી જાય છે. ઘૂમ્મર રાજસ્થાનની ઓળખ છે, તેથી મેં પ્રયાસ કર્યો કે શબ્દોમાં તે જ સન્માન અને ભાવ આવે. ગીત મા ભવાની અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલું છે, તેથી તેને ખૂબ શ્રદ્ધા સાથે લખ્યું. શું આ માટે તમે ખાસ રિસર્ચ પણ કરી? હા, થોડી ઘણી જાણકારી પહેલાથી હતી કારણ કે મેં પહેલા પણ રાજસ્થાની બેકડ્રોપવાળી ફિલ્મ અને એક સિરિયલ કરી હતી. આ ઉપરાંત ઈન્ટરનેટ અને મારા અનુભવથી મારવાડી શબ્દો અને સંસ્કૃતિને સમજીને ગીતમાં સામેલ કર્યા. ફિલ્મના નિર્માતા વિપુલ અમૃતલાલ શાહે તમારા પર ભરોસો કેવી રીતે વ્યક્ત કર્યો?હું તેમનો ખૂબ આભારી છું. આ પહેલા તેમની ફિલ્મ 'કમાન્ડો 3'માં મારું લખેલું ગીત 'આંખિયાં મિલાવાંગા' હતું, જેને લોકોએ ખૂબ પસંદ કર્યું હતું. એ જ વિશ્વાસને કારણે તેમણે મને ફરી તક આપી.'ધ કેરલા સ્ટોરી 2' સિનેમાઘરોમાં 27 ફેબ્રુઆરી 2026ના રોજ રિલીઝ થઈ હતી.

### હૃતિક રોશન અને પ્રાઈમ વીડિયોની નવી ફિલ્મની જાહેરાત

# 'મેસ'માં ચોરની ટોળકી અને OCD ધરાવતા મકાન માલિકની વાર્તા; રાજેશ કૃષ્ણન ડિરેક્ટ કરશે



હૃતિક રોશનના પ્રોડક્શન હાઉસ 'HRX ફિલ્મ્સ' અને OTT પ્લેટફોર્મ પ્રાઈમ વીડિયોએ નવી કોમેડી ફિલ્મ 'મેસ' બનાવવાની જાહેરાત કરી છે. આ ફિલ્મનું ડિરેક્શન 'લૂટકેસ' અને 'ક્રૂ' જેવી ફિલ્મો બનાવી ચૂકેલા રાજેશ એ. કૃષ્ણન કરશે. આ ફિલ્મ એક એવી રાતની વાર્તા છે, જ્યાં ચોર એક વિચિત્ર માણસના ઘરમાં ફસાઈ જાય છે. આમાં ચોરોની એક ગેંગ એક એવા માણસના ઘરમાં ચોરી કરવાના ઈરાદે ઘૂસે છે, જેને OCD (ઓબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર) છે. એટલે કે તે સફાઈ અને વસ્તુઓને વ્યવસ્થિત રાખવાના મામલે ખૂબ જ વિચિત્ર છે. ઘરમાં ઘૂસ્યા પછી ચોરો માટે ત્યાંથી જીવતા અને સુરક્ષિત બહાર નીકળવું એ જ સૌથી મોટો પડકાર બની જાય છે. આ ફિલ્મનું નિર્માણ હૃતિક રોશન અને તેના ભાઈ ઈશાન રોશન તેના બેનર 'HRX ફિલ્મ્સ' હેઠળ કરી રહ્યા છે. HRX ફિલ્મ્સ અને પ્રાઈમ વીડિયો વચ્ચેનો આ બીજો મોટો પ્રોજેક્ટ છે. આ પહેલા બંનેએ સાથે મળીને થ્રિલર સિરીઝ 'સ્ટોર્મ'ની જાહેરાત કરી હતી. ફિલ્મની સ્ક્રિપ્ટ રાજેશ કૃષ્ણન અને કપિલ સાવંતે અમેરિકન લેખક પોલ સોટરની એક ઓરિજિનલ વાર્તાના આધારે તૈયાર કરી છે.જ્યારે પ્રાઈમ વીડિયો ઈન્ડિયાના હેડ નિખિલ મધોકે કહ્યું કે, 'ફિલ્મની વાર્તા અને તેના મનોરંજક પાત્રો દર્શકોને અંત સુધી જકડી રાખશે.' રાજેશ કૃષ્ણને વર્ષ 2019માં 'લૂટકેસ' ફિલ્મથી ડિરેક્ટર તરીકે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. રાજેશ એ. કૃષ્ણન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમની અનોખી અને કોમિક શૈલી માટે જાણીતા છે. તેમણે વર્ષ 2019માં 'લૂટકેસ' ફિલ્મથી ડિરેક્ટર તરીકે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. તાજેતરમાં આવેલી તેમની ફિલ્મ 'ક્રૂ'એ પણ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો હતો. તે પ્રખ્યાત વેબ સિરીઝ 'ટ્રિપલિંગ'ની પ્રથમ સીઝનનું પણ ડિરેક્શન કરી ચૂક્યા છે. રાજેશે જણાવ્યું કે, ''મેસ'ની દુનિયા કોમેડી અને અફરાતફરીનું એક અનોખું મિશ્રણ છે, જે દર્શકોને તેમની સીટ પર જકડી રાખવા મજબૂર કરી દેશે.'હૃતિક રોશને આ ભાગીદારી પર ખુશી વ્યક્ત કરતા કહ્યું, 'પ્રાઈમ વીડિયો સાથેની અમારી ભાગીદારી અમને સાહસિક અને નવી પ્રકારની વાર્તાઓ કહેવાની તક આપી રહી છે. રાજેશ કૃષ્ણન કોમેડી સાથે ઉત્તમ કથા ગૂંથવાની ક્ષમતા ધરાવે છે. 'મેસ' માટે તેમનું વિઝન શરૂઆતથી જ અસાધારણ રહ્યું છે.' જ્યારે પ્રાઈમ વીડિયો ઈન્ડિયાના હેડ નિખિલ મધોકે કહ્યું કે, 'ફિલ્મની વાર્તા અને તેના મનોરંજક પાત્રો દર્શકોને અંત સુધી જકડી રાખશે.' રાજેશ કૃષ્ણને વર્ષ 2019માં 'લૂટકેસ' ફિલ્મથી ડિરેક્ટર તરીકે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. રાજેશ એ. કૃષ્ણન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમની અનોખી અને કોમિક શૈલી માટે જાણીતા છે. તેમણે વર્ષ 2019માં 'લૂટકેસ' ફિલ્મથી ડિરેક્ટર તરીકે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. તાજેતરમાં આવેલી તેમની ફિલ્મ 'ક્રૂ'એ પણ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો હતો.